# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
બોલિવૂડમાં શિલ્પા શેટ્ટીની 'બાઝીગર' સફર

પેજ-09
શ્રેયસે રોહિતનો રેકોર્ડ તોડ્યો : સૌથી વધુ T-20 રમ્યા બાદ કેપ્ટન બન્યો, શિવમ દુબેએ...




| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 39.00 | 30.00 |
| વડોદરા | 38.00 | 29.00 |
| સુરત | 34.00 | 28.00 |

પેજ 5



બેટરી રિસાયક્લિંગના નવા નિયમોથી ઇલેક્ટ્રિક કાર 5 ટકા સુધી...

28 JUNE-2026 SUNDAY

US રાષ્ટ્રપતિ ટ્રમ્પ ભારત આવશે



પેજ 10

.....સુવિચાર.....
કોઇનું ખરાબ એટલું જ કરો, જ્યારે પોતાના ઉપર આવે ત્યારે સહન કરી શકો.


વર્ષ-15 । અંક-225 । વિક્રમ સંવત-2082 । જેઠ સુદ - 14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### પેપર થાણેથી મળી આવ્યું, સરકારે પરીક્ષા રદ કરી; પોલીસે આરોપીઓને પકડ્યા

# મહારાષ્ટ્રમાં TET પેપર લીક

## ● રાજ્યભરમાં ૧,૭૨૯ કેન્દ્રો પર સુરક્ષાના તમામ દાવા નિષ્ફળ



(એજન્સી) મુંબઈ । તા. 27

મહારાષ્ટ્રમાં રવિવારે યોજાનારી શિક્ષક પાત્રતા કસોટી (TET)નું પ્રશ્નપત્ર પરીક્ષાના ૨૪ કલાક પહેલા જ લીક થઈ જતા લાખો ઉમેદવારોનું ભવિષ્ય અધ્ધરતાલ થઈ ગયું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ગંભીર કૌભાંડની જાણ થતા જ મુંબઈ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી લીક થયેલું પ્રશ્નપત્ર જપ્ત કર્યું છે અને આ મામલે અનેક લોકોની ધરપકડ કરી છે. મોબાઈલ ફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ પર સંપૂર્ણ પ્રતિબંધ છતાં પેપર લીક થવાની ઘટનાએ વહીવટીતંત્રની પોલ ખોલી નાખી છે.

**પરીક્ષા રદ, નવી તારીખની રાહ :** પેપર લીક થવાની ઘટના સામે આવ્યા બાદ રાજ્ય શિક્ષણ વિભાગે રવિવારે નિર્ધારિત TET પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. જોકે શિક્ષણ વિભાગે હજુ સુધી સત્તાવાર પ્રેસ નોટ જાહેર કરી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, ટૂંક સમયમાં જ સત્તાવાર જાહેરાત સાથે પરીક્ષાની નવી તારીખની પણ જાહેરાત કરવામાં આવશે. .મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ મામલાની જાણ થતાં પોલીસે કાર્યવાહી કરીને લીક થયેલું પ્રશ્નપત્ર જપ્ત કરી લીધું છે અને ઘણા લોકોને કસ્ટડીમાં લીધા છે.આવી સ્થિતિમાં, વિભાગ પરીક્ષાની નવી તારીખ પણ ટૂંક સમયમાં જાહેર કરી શકે છે.

**શિક્ષકો માટે TET પાસ કરવી કેમ જરૂરી? :** તાજેતરમાં ૨૯ મેના રોજ સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે શાળાઓમાં કામ કરતા શિક્ષકો માટે TET પાસ કરવી ફરજિયાત છે. કોર્ટે TET પાસ કરવાની અંતિમ મુદત ૩૧ ઓગસ્ટ ૨૦૨૮ સુધી લંબાવી છે, પરંતુ સાથે જ ચેતવણી આપી છે કે આ પછી કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં. આ આદેશની અસર દેશભરના ૨૦ લાખથી વધુ શિક્ષકો પર પડશે. મધ્યપ્રદેશના ૧.૫ લાખ શિક્ષકો માટે પણ આ નિયમ લાગુ કરવામાં આવ્યો છે, જેમાં કોર્ટે બાળકોના શિક્ષણની ગુણવત્તા સાથે કોઈ સમાધાન ન કરવાની વાત દોહરાવી છે.મહારાષ્ટ્રમાં TET પરીક્ષા માટે તંત્ર દ્વારા અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

**ભૂતકાળના કિસ્સાઓ અને વધતું જતું સંકટ :** છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં NEET-UG, રાજસ્થાન REET અને UP પોલીસ ભરતી પરીક્ષા જેવી ૯ મોટી પરીક્ષાઓના પેપર લીક થવાની ઘટનાઓ સામે આવી છે. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે લાખો વિદ્યાર્થીઓનો વિશ્વાસ ડગી રહ્યો છે. મહારાષ્ટ્રની આ તાજેતરની ઘટનાએ ફરી એકવાર પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. હવે ઉમેદવારોની નજર શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવનાર નવી તારીખ પર ટકેલી છે. રાજ્યભરમાં ૧,૭૨૯ પરીક્ષા કેન્દ્રો પર ૧૮,૦૦૦ એઆઈ-આધારિત સીસીટીવી કેમેરા, બાયોમેટ્રિક ફેસ રિકગ્નિશન અને મેટલ ડિટેક્ટરનો ઉપયોગ ફરજિયાત કરવામાં આવ્યો હતો.

### ઘર-દુકાનોમાં કાટમાળ ઘૂસ્યો

# ઉત્તરાખંડના ચમોલીમાં વાદળ ફાટ્યું

**● MP-ઝારખંડમાં વાવાઝોડા-વીજળી પડવાથી 16નાં મોત; 22 રાજ્યોમાં ચોમાસું પહોંચ્યું**



● આગામી ૨ દિવસમાં ભારે વરસાદનું એલર્ટ, બિહાર બોર્ડર પર ચોમાસું અટકેલું



(એજન્સી) નવી દિલ્હી । તા. 27

દેશમાં ચોમાસાના આગમન સાથે જ કુદરતી આફતોનો સિલસિલો શરૂ થયો છે. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં શુક્રવારે વાદળ ફાટવાની ગંભીર ઘટના બની હતી, જેના કારણે ભારે વિનાશ સર્જાયો છે. આ તરફ મધ્યપ્રદેશ, ઝારખંડ અને છત્તીસગઢમાં વીજળી પડવા અને વાવાઝોડાને કારણે કુલ ૧૬ લોકોના કરુણ મોત નિપજ્યા છે.

**ઉત્તરાખંડમાં તબાહી :** ચમોલીમાં વાદળ ફાટવાને કારણે પહાડી વિસ્તારોમાં કાટમાળના પૂર આવ્યા હતા. અનેક ઘરો અને દુકાનો કાટમાળમાં ગરકાવ થઈ ગયા છે, જ્યારે રસ્તા પર ઉભેલા ઘણા વાહનો પણ દબાઈ ગયા હતા. સ્થાનિક તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.ઝારખંડમાં વીજળી પડવાની વિવિધ ઘટનાઓમાં ૧૦ લોકોના મોત થયા છે .

**ચોમાસાની સ્થિતિ અને ગરમીનો પ્રકોપ :** દેશના ૨૨ રાજ્યોમાં ચોમાસું પહોંચી ગયું છે, પરંતુ યુપીમાં ચોમાસું ૮ દિવસ મોડું છે અને બિહાર બોર્ડર પર ૧૫ દિવસથી અટકેલું છે. બીજી તરફ, ચોમાસાના આગમન છતાં દેશના ૬ રાજ્યો જેવા કે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, દિલ્હી અને ગુજરાતમાં પારો ૪૦C ને પાર કરી રહ્યો છે. રોહતકમાં તાપમાન ૪૩.૪C નોંધાયું હતું, જે દેશમાં સૌથી વધુ હતું.

### લેન્ડ જિહાદ, લવ જિહાદ અને જબરદસ્તી ધર્માંતરણ પર કાયદો લાવશે; ઘૂસણખોરોને પાછા મોકલશે

# બંગાળમાં UCC લાગુ થશે : CM શુભેન્દુ અધિકારી



**●ઘૂસણખોરોને ઓળખીને મૂળ સ્થાને મોકલી દેવાશે, સરહદી સુરક્ષા વધશે**

**● વંદે માતરમના ૧૫૦ વર્ષ નિમિત્તે શુભેન્દુ અધિકારીનો હુંકાર**

(એજન્સી) કોલકાતા । તા. 27

પશ્ચિમ બંગાળના રાજકીય માહોલમાં ગરમાવો લાવતા શુભેન્દુ અધિકારીએ રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરવાનું મોટું એલાન કર્યું છે. કોલકાતાના રવીન્દ્ર સદનમાં 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં તેમણે સ્પષ્ટ કર્યું કે તેમની સરકાર લેન્ડ જિહાદ, લવ જિહાદ અને બળજબરીપૂર્વકના ધર્માંતરણ સામે કડક કાયદો લાવવા માટે પ્રતિબદ્ધ છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ કહ્યું કે તેમની સરકાર રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC) લાગુ કરશે. લેન્ડ જિહાદ, લવ જિહાદ અને બળજબરીથી ધર્માંતરણ વિરુદ્ધ કડક કાયદો પણ લાવવામાં આવશે.તેમણે કહ્યું કે જે લોકો ગેરકાયદેસર રીતે ભારતમાં આવ્યા છે.

**CAA અને નાગરિકતા :** શુભેન્દુએ સ્પષ્ટ કર્યું કે જે હિન્દુ શરણાર્થીઓ ધાર્મિક ઉત્પીડનને કારણે ભારતમાં આવ્યા છે, તેઓ ઘૂસણખોરો નથી. આવા લોકોને નાગરિકતા સંશોધન કાયદા (CAA) હેઠળ ભારતીય નાગરિકતા આપવામાં આવશે. તેમણે શ્યામા પ્રસાદ મુખર્જીના 'એક દેશ, એક વિધાન, એક પ્રધાન, એક નિશાન'ના સૂત્રને દોહરાવતા કહ્યું કે સરકાર બંગાળની સાંસ્કૃતિક ઓળખ અને રાષ્ટ્રીય ચારિત્ર્યને બચાવવા માટે કટિબદ્ધ છે.

**લોકતંત્ર સેનાનીઓનું સન્માન :** કાર્યક્રમ દરમિયાન તેમણે એવી પણ જાહેરાત કરી કે કટોકટી (Emergency) નો વિરોધ કરનારા લોકોને ૯ ઓગસ્ટે સન્માનિત કરવામાં આવશે. આ માટે 'લોકતંત્ર સેનાની' સંકલન સમિતિ બનાવવામાં આવશે અને પાત્ર લોકોને સરકારી માન્યતા પ્રમાણપત્ર આપવામાં આવશે. આ નિવેદનો બાદ પશ્ચિમ બંગાળના રાજકારણમાં એક નવી ચર્ચા છેડાઈ છે, જેમાં સુરક્ષા અને સામાજિક કાયદાઓને લઈને ભાજપ પોતાની આગામી રણનીતિ સ્પષ્ટ કરી રહ્યું છે. કાર્યક્રમ બાદ તેમણે ભવાનીપુરમાં ભાજપના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન પણ કર્યું હતું, જ્યાં તેઓ નિયમિતપણે જનતાની ફરિયાદો સાંભળશે.

**ઘૂસણખોરો સામે અભિયાન :** શુભેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે, જે લોકો ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યા છે અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભા કરે છે, તેમને રાજ્યમાં રહેવા દેવામાં આવશે નહીં. તેમણે માહિતી આપી હતી કે સરહદી સુરક્ષા મજબૂત કરવા માટે જરૂરી જમીન ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે અને સરહદી જિલ્લાઓમાં 'હોલ્ડિંગ સેન્ટર' બનાવવામાં આવ્યા છે. આ કેન્દ્રોમાં ગેરકાયદેસર ઘૂસણખોરોની ઓળખ કરીને તેમને તેમના મૂળ દેશમાં પરત મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.ભાષણ દરમિયાન શુભેન્દુ અધિકારીએ ભારપૂર્વક કહ્યું કે ભારતીય સેનાનું અપમાન કરવાની કોઈને પણ મંજૂરી આપવામાં આવશે નહીં. જેઓ ઓપરેશન સિંદૂરનો વિરોધ કરે છે કે આતંકવાદી હુમલાઓ પર ચૂપ રહે છે.

## પુણે મર્ડરમાં દાવો- કેતનનું માથું છુંદાયેલું હતું

રેસક્યૂ કરનારાએ કહ્યું- લોકો રડતા હતા, સિયા શાંત હતી; માતા-પિતાની પૂછપરછ ચાલુ



(એજન્સી) પુણે । તા. 27

પુણેના કેતન અગ્રવાલ મર્ડર કેસમાં નવો દાવો સામે આવ્યો છે. કેતનનો મૃતદેહ રેસ્ક્યુ કરનાર સુનીલ ગાયકવાડે કહ્યું કે, 'કેતનના માથા પર ગંભીર ઈજાઓ હતી, માથું છુંદાયેલું હતું અને હાથ-પગ પર પણ ઘણી ઈજાઓ હતી. પરંતુ સિયા ગોયલ શાંત ઊભી હતી. અન્ય લોકો રડી રહ્યા હતા અને મદદ માટે બૂમો પાડી રહ્યા હતા.'સુનીલે કહ્યું કે મૃતદેહને જંગલના રસ્તેથી બહાર લાવવામાં આવ્યો હતો. પોલીસને 18 જૂનની સવારે લગભગ 10:30 વાગ્યે ઘટનાની જાણ થઈ હતી. બચાવ અભિયાન બપોરે 12:30 વાગ્યા સુધી ચાલ્યું અને લગભગ 1:30 વાગ્યે મૃતદેહને એમ્બ્યુલન્સમાં પહોંચાડવામાં આવ્યો હતો.આ તરફ, પુણે પોલીસે શુક્રવારે સિયાના ભાઈ સાહિલ ગોયલની લગભગ 10 કલાક સુધી પૂછપરછ કરી. પોલીસના જણાવ્યા અનુસાર, સાહિલ ચેતન ચૌધરીને ઓળખે છે.

### દુનિયા ઇઝરાયલથી દૂર જઈ રહી છે, ભારત નજીક

## સોનિયાએ કહ્યું- ગાઝામાં બાળકોને ખતમ કરવાનો પ્રયાસ:ભારત એકલું જેણે મૌન સેવ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

કોંગ્રેસ સાંસદ સોનિયા ગાંધીએ ગાઝામાં ઈઝરાયલની સૈન્ય કાર્યવાહી પર મોદી સરકારના વલણ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે લખ્યું, 'સંયુક્ત રાષ્ટ્રના સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય તપાસ આયોગના જૂન 2026ના રિપોર્ટમાં જણાવાયું છે કે ઈઝરાયલ ગાઝામાં પેલેસ્ટિનિયનોના અસ્તિત્વને ખતમ કરવાના ઈરાદાથી બાળકોને નિશાન બનાવી રહ્યું છે. આટલો ગંભીર રિપોર્ટ આવ્યા પછી પણ મોદી સરકાર મૌન છે.'સોનિયાએ લખ્યું કે આ આયોગનું નેતૃત્વ હવે ભારતના પૂર્વ જસ્ટિસ એસ. મુરલીધર કરી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ જાહેર કરાયેલા 94 પાનાના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલની કાર્યવાહીનો હેતુ ગાઝામાં પેલેસ્ટિનિયનોના અસ્તિત્વને ખતમ કરવાનો છે અને આ માટે બાળકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.ગાઝામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 20 હજાર બાળકોના મોત થયા છે, જ્યારે 44 હજાર બાળકો ઘાયલ થયા છે. આમાંથી ઘણા બાળકો આખી જીંદગી માટે વિકલાંગ અથવા ગંભીર રીતે ઘાયલ થયા છે. બાળકોને નિશાન બનાવવું એ કોઈ આકસ્મિક ઘટના નથી, પરંતુ એક સુનિયોજિત રણનીતિ છે.

## MPમાં પત્નીની રીલ જોઈને પતિ ભડક્યો, પરિવાર પીંખી નાંખ્યો

(એજન્સી) મોરેના । તા. 27

MPના મુરૈના જિલ્લાના કિશનપુર ગામમાં ગઈ રાત્રે 35 વર્ષીય બલરામ સિંહ કુશવાહાએ પહેલા પોતાની પત્ની અને બાદમાં બે માસૂમ પુત્રોની કુહાડી મારીને હત્યા કરી દીધી. ત્યારબાદ ગામથી થોડે દૂર આવેલા શિકારપુર રેલવે ફાટક પહોંચ્યો અને ટ્રેન નીચે કૂદીને આત્મહત્યા કરી હતી. પત્નીના ડાન્સની રીલ જોઈને પતિ ભડક્યો હતો અને આક્રોશમાં આવીને પોતાના આખા પરિવારને પીંખી નાંખ્યો. આ ઘટનાથી સમગ્ર ગામમાં અરેરાટી ફેલાઈ છે.બસૈયા પોલીસ સ્ટેશનના પ્રભારી વિવેક તોમરે જણાવ્યું કે ઘટના ઘરના આંગણામાં બની હતી. ઘર ફરતે ચારે બાજુથી ઊંચી બાઉન્ડ્રી કરેલી છે. શનિવારે સવારે પડોશીઓએ જોયું કે ઘરનો મુખ્ય દરવાજો બહારથી બંધ હતો. શંકા જતાં તેમણે બાઉન્ડ્રી ઉપરથી અંદર ડોકિયું કરીને જોયું તો મહિલા અને બંને બાળકોના મૃતદેહ પડેલા મળ્યા. ત્યારબાદ તરત જ પોલીસને જાણ કરવામાં આવી.

### 25 જૂનની રાત્રે કહેલું- પદ છોડી દો; રામ મંદિર ટ્રસ્ટની શાખ બચાવવાનો પ્રયાસ

## ચંપત રાયના રાજીનામાની સ્ક્રિપ્ટ હરિદ્વારમાં લખાઈ: RSSએ ઠપકો આપ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રાએ દબાણ હેઠળ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું. તેની સ્ક્રિપ્ટ 8 દિવસ પહેલા હરિદ્વારમાં લખાઈ હતી. વિશ્વ હિન્દુ પરિષદની 18 અને 19 જૂને હરિદ્વારમાં બેઠક મળી હતી. જેમાં અયોધ્યાથી ચંપત રાય અને ગોપાલ રાવ સામેલ થયા હતા.સૂત્રો જણાવે છે કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલેએ બંને પાસેથી રામ મંદિરના ચઢાવાની ચોરી વિશે માહિતી લીધી. ચઢાવાના હિસાબ-કિતાબમાં ગેરરીતિને લઈને બંનેને ઠપકો આપ્યો હતો. બેઠક પછી ચંપત રાય પર દબાણ વધવા લાગ્યું. સંઘના મોટા પદાધિકારીઓએ તેમનાથી અંતર રાખવાનું શરૂ કર્યું.19 જૂને સીએમ યોગી અયોધ્યાના પ્રવાસે ગયા હતા. તે સમયે ચંપત રાયને સીએમના કાર્યક્રમોથી દૂર રાખવામાં આવ્યા હતા. સતત બદનામી અને વધતા દબાણને જોઈને ચંપત રાય અને અનિલ મિશ્રાએ આખરે શુક્રવારે પોતાનું રાજીનામું ટ્રસ્ટના અધ્યક્ષ મહંત નૃત્ય ગોપાલ દાસને સુપરત કર્યું.

### ફરી રાષ્ટ્રપતિ બન્યા તો હરિદ્વાર આવીશ તેવો સંકલ્પ; આધ્યાત્મિક વાતાવરણના થયા કાયલ

# દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જેકબ ઝુમા હરિદ્વારની મુલાકાતે

**● ઉદ્યોગપતિ અજય કુમાર ગુપ્તા સાથે મુલાકાત, ગુપ્તા બંધુઓના રાજકીય સંબંધોની ચર્ચા**



(એજન્સી) હરિદ્વાર । તા. 27

દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને ત્યાંના એક મુખ્ય વિરોધ પક્ષના નેતા જેકબ ઝુમા તેમના ભારત પ્રવાસ દરમિયાન શુક્રવારે પ્રથમવાર ધર્મનગરી હરિદ્વાર પહોંચ્યા હતા. ઝુમાએ પ્રસિદ્ધ સિદ્ધપીઠ દક્ષિણ કાલી મંદિરમાં મા ભગવતીની વિશેષ પૂજા-અર્ચના કરી હતી. તેમણે આગામી સમયમાં દક્ષિણ આફ્રિકામાં યોજાનારી ચૂંટણીઓમાં પોતાની સફળતા માટે પ્રાર્થના કરી હતી.આ મુલાકાત દરમિયાન ઝુમાએ મા કાલી સમક્ષ સંકલ્પ લીધો હતો કે જો તેઓ ફરીથી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ બનશે, તો તેઓ ફરીથી હરિદ્વાર આવીને મા કાલીના દર્શન કરશે. ઝુમાના ખરાબ સમયમાં પણ ગુપ્તા બંધુઓએ તેમને આર્થિક મદદ પૂરી પાડી હતી, જેને કારણે દક્ષિણ આફ્રિકાના રાજકારણમાં તેમને 'કિંગમેકર' ગણવામાં આવે છે.

**આધ્યાત્મિક સફર અને વિશેષ સંકલ્પ :** મંદિર પ્રશાસન દ્વારા પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું. મહામંડલેશ્વર કૈલાશાનંદ ગિરી સાથે મુલાકાત દરમિયાન ઝુમાએ આધ્યાત્મિક અનુભવો વિશે ચર્ચા કરી હતી. મહામંડલેશ્વરે તેમને મહામંડલેશ્વરની ખુરશી પર બેસાડી વિશેષ સન્માન આપ્યું હતું.

**ગુપ્તા બંધુઓ સાથેનું કનેક્શન :** આ પ્રવાસમાં ઝુમા સાથે તેમના નજીકના મિત્ર અને ઉદ્યોગપતિ અજય કુમાર ગુપ્તા પણ હાજર હતા. ગુપ્તા બંધુઓ અને જેકબ ઝુમા વચ્ચેનો સંબંધ દાયકાઓ જૂનો છે. ઉત્તર પ્રદેશના સહારનપુરની એક નાનકડી રાશનની દુકાનમાંથી નીકળીને દક્ષિણ આફ્રિકામાં અબજોનું સામ્રાજ્ય ઊભું કરનારા ગુપ્તા બંધુઓનું જેકબ ઝુમાના રાજકીય ઉદયમાં મોટું યોગદાન માનવામાં આવે છે.

**આગામી ચૂંટણીઓનું મહત્વ :** દક્ષિણ આફ્રિકામાં આ વર્ષે ૪ નવેમ્બરે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે અને ૨૦૨૯માં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી પ્રસ્તાવિત છે. રાજકીય રીતે ખૂબ જ મહત્વના આ વર્ષમાં ઝુમાની આ આધ્યાત્મિક યાત્રાને ખૂબ જ ગંભીરતાથી જોવામાં આવી રહી છે.

**સાંસ્કૃતિક સંબંધો પર ચર્ચા :** આ મુલાકાત દરમિયાન ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેના ગાઢ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંબંધો પર પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ભારતીય સંસ્કૃતિના પ્રશંસક એવા ઝુમાએ મંદિરનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને અહીંની આધ્યાત્મિક પરંપરાઓની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

# કેજરીવાલે રામલલાના દર્શન કરીને દાનની ચોરી કરનારાઓને કઠોર દંડ આપવા પ્રાર્થના કરી

અમદાવાદ : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે શુક્રવારે અયોધ્યા સ્થિત શ્રી રામ મંદિરના દર્શન કર્યા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે તેમને શ્રી રામલલાના દર્શન કરવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયુ. આ ભવ્ય મંદિર કરોડો હિન્દુઓની આસ્થા અને ગૌરવનું પ્રતીક છે. શ્રી રામ મંદિરમાં ભગવાનની મનમોહક મૂર્તિની દિવ્ય આભાને શબ્દોમાં વ્યક્ત કરવી અશક્ય છે. ત્યારબાદ તેમણે હનુમાન ગઢી મંદિરમાં બજરંગબલીના આશીર્વાદ લીધા અને મહંત ધર્મદાસ સહિત અન્ય સાધુ-સંતોના સાનિધ્યનો લાભ પ્રાપ્ત થયો. તેમણે રામ મંદિરમાંથી દાનના પૈસા તથા સોનાં-ચાંદીના આભૂષણોની ચોરી કરનાર મહાપાપીઓને કઠોર સજા મળે તેવી પ્રાર્થના કરી હતી.અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે



સૌના સુખ-સમૃદ્ધિ અને આરોગ્ય માટે તેમણે ભગવાન પાસે પ્રાર્થના કરી છે. તેમણે કહ્યું કે ભગવાન રામના મંદિરમાં જે આટલું મોટું કૌભાંડ થયુ છે, દાનની જે ચોરી થઈ છે અને સોનાં-ચાંદીના આભૂષણો તથા અન્ય વસ્તુઓની જે ચોરી થઈ છે, તેને લઈને તેમણે ભગવાન પાસે પ્રાર્થના કરી છે કે જેમણે પણ આ પ્રકારનું મહાપાપ કર્યું છે તેમને ભગવાન કઠોરમાં કઠોર દંડ આપે. અરવિંદ કેજરીવાલે આગળ જણાવ્યું કે આ મામલે જે FIR નોંધાઈ છે તે માત્ર એક દેખાડો છે. આ કેસમાં આઠ નાના કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી છે. પરંતુ સ્પષ્ટ છે કે આટલા સમયથી ચાલતું આ કૌભાંડ કોઈ નાના કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું નથી. આના તાર ઘણાં ઉપર સુધી જોડાયેલા છે. મોટા લોકોને બચાવવાની કોશિશ થઈ રહી છે અને નાના લોકોના માથે દોષનો ટોપલો ઢોળવામાં આવી રહ્યો છે.



AAP ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં "સપોર્ટ માર્ચ"નું આયોજન.પંચમહાલમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ ચૈતર વસાવાના સમર્થનમાં પદયાત્રા યોજી, નારા લગાવ્યા, દાહોદ ખાતે ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં યોજાયેલી વિશાળ પદયાત્રામાં 1500થી વધુ માનવ મહેરામણ જોડાયું. આણંદમાં પદાધિકારીઓ અને Aકાર્યકર્તાઓએ ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં અવાજ ઉઠાવ્યો.વડોદરામાં ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં કાર્યકર્તાઓ રસ્તે ઉતર્યા, ન્યાયની માંગ કરી.

# સાણંદના ડરણ ગામમાં ખેડૂતોનું આંદોલન

## ઈસુદાન ગઢવીએ સરકારને આપી ઉગ્ર ચેતવણી



અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને ખેડૂતોના હક માટે હંમેશા અવાજ ઉઠાવતા ખેડૂતોના મસીહા ઈસુદાન ગઢવી આજે સાણંદના ડરણ ગામે પહોંચ્યા હતા. અહીં ખેડૂતોના પાણીના પ્રશ્નો અને ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડવા માટે ખેડૂતોને થઈ રહેલા અન્યાય મુદ્દે ઈસુદાન ગઢવીએ ખેડૂતો સાથે વાતચીત કરી હતી. આ તકે 'આપ' નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આજે સાણંદના ડરણ ગામે દસ કિલોમીટર લાંબી ડ્રેનેજ લાઈન નાખવામાં આવી રહી છે. ખેડૂતોને પૂછ્યા વગર, તેમની ખેતીની જમીન પર બળજબરીપૂર્વક કંપનીઓનું વેસ્ટ પાણી કાઢવા માટે આ લાઈન નખાઈ રહી છે. ખેડૂતોનું કહેવું છે કે આ લાઈન કેનાલની બાજુમાંથી કાઢો, પણ તેમ કરવાને બદલે ખેડૂતોની ફળદ્રુપ જમીનમાંથી, લગભગ હજાર વીઘામાંથી આ લાઈન કાઢવામાં આવી રહી છે. તેના કારણે સાત-બાર (૭/૧૨)ના ઉતારામાં પણ આ ડ્રેનેજ લાઈનની એન્ટ્રી પડી જશે, જેના લીધે ખેડૂતોને તેમની જમીનના પૂરતા ભાવ પણ મળશે નહીં. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ બાબતે ખેડૂતો છેલ્લા ઘણા દિવસોથી વિરોધ કરી રહ્યા છે, છતાં ભાજપના ધારાસભ્યો કે સાંસદો અહીં સુધી પહોંચ્યા નથી. આજે મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ-માતા, બહેનો, દીકરીઓ પરેશાન થઈને બેઠી છે. મને લાગે છે કે ભાજપ સરકાર પાકવીમો નથી આપતી, ખાતર નથી આપતી, બિયારણ નથી આપતી, પાકના પૂરતા ભાવ નથી આપતી અને બધી બાબતોમાં લાઈનો લગાડે છે. હવે હદ વટાવીને જે જમીન પર ખેડૂત પરસેવો પાડીને બેઠો છે, તે ફળદ્રુપ જમીન પર પણ જેસીબી (JCB) ચલાવીને કબજો કરવા મથી રહી છે. આ અન્યાયના વિરોધમાં આજે આમ આદમી પાર્ટીએ ખેડૂતોને સંપૂર્ણ ટેકો આપ્યો છે. ઈસુદાન ગઢવીએ સરકારને ચેતવણી આપતા જણાવ્યું કે, જો ખેડૂતો પર અત્યાચાર બંધ નહીં થાય અને આ બાબતે કાયદાકીય ન્યાય નહીં મળે, તો આવનારા સમયમાં આમ આદમી પાર્ટી ખેડૂતોના હક માટે ઉગ્ર આંદોલન કરશે, જેની હું ખાતરી આપું છું.



ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં દાહોદ ખાતે યોજાયેલી વિશાળ પદયાત્રામાં 1500 થી વધુ માનવ મહેરામણ જોડાયું




ચૈતર વસાવાના સમર્થનમાં વડોદરા ખાતે પદયાત્રામાં યોજાઈ



ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાના સમર્થનમાં આણંદ ખાતે યોજાયેલી પદયાત્રામાં કાર્યકરો ઉમટી પડ્યાં

# ચૈતર વસાવાના સમર્થનમાં "સપોર્ટ માર્ચ"નું આયોજન

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવા સામે ષડયંત્રના ભાગરૂપે એક કેસ કરવામાં આવ્યો અને તેમાં ધારાસભ્ય ચૈતર વસાવા સહિત કુલ નવ લોકોને સાત વર્ષની સજા સંભળાવવામાં આવી. જેથી આમ આદમી પાર્ટીએ આજે આ સજાના વિરોધમાં અને ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં દાહોદ, વડોદરા, પંચમહાલ અને આણંદમાં "સપોર્ટ માર્ચ" પદયાત્રાનું આયોજન કર્યું હતું. તમામ જગ્યાએ આમ આદમી પાર્ટીના પ્રદેશના પદાધિકારીઓ સ્થાનિક હોદ્દેદારો સહિત ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં પદયાત્રા યોજી હતી અને નારા લગાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આદિવાસી સમાજ માટે લડત લડનારા, જળ, જંગલ જમીનની રક્ષા કરવા માટે લડત લડનારા તથા ગુજરાતના યુવાનો માટે અવાજ ઉઠાવનાર આદિવાસી સમાજના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાને ષડયંત્રના ભાગરૂપે કાયદાનો દુરુપયોગ કરીને જેલમાં મોકલવામાં આવ્યા છે.જ્યારથી ધારાસભ્ય ચૈતર વસાવા ડેડીયાપાડાથી ચૂંટણી જીત્યા છે, ત્યારથી જ ભાજપે તેમને ડરાવવા-ધમકાવવાની અને લોભ લાલચ આપવાની અનેક કોશિશો કરી પરંતુ ધારાસભ્ય ચૈતર વસાવા ભાજપ સામે ઝૂક્યા નથી. જેના કારણે ભાજપ સરકાર તંત્રનો દુરુપયોગ કરીને વારંવાર ધારાસભ્ય ચૈતર વસાવા પર કેસ કરી ચૂકી છે અને ચૈતર વસાવાને અનેક વાર જેલમાં મોકલવામાં આવ્યા છે. ભાજપ સરકાર ષડયંત્ર રચીને ચૈતર વસાવાને ધારાસભ્ય પરથી દૂર કરવા માંગતી હોય એવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. કારણ કે ચૈતર વસાવા સડકથી લઈને વિધાનસભા સુધી આદિવાસી સમાજ સહિત સમગ્ર ગુજરાતના લોકો માટે અવાજ ઉઠાવે છે અને ભાજપનો અસલી ચહેરો લોકો સમક્ષ લાવે છે, જેના કારણે ધારાસભ્ય ચૈતર વસાવા ભાજપની આંખમાં કણાની જેમ ખૂંજતા હતા. ગુજરાતમાં ભાજપના અનેક નેતાઓ પર વર્ષોથી કેસો ચાલી રહ્યા છે પરંતુ તેમને સજા કરવામાં આવતી નથી, ભૂમાફિયાઓ, ભ્રષ્ટાચારીઓ, ખરાબ રોડ - બ્રિજ બનાવનારા કોન્ટ્રાક્ટરો, દારૂ-ડ્રગ્સ વેચનારા માફિયાઓ સહિત અનેક લોકો ખોટા કામ કરીને પણ આજે ખુલ્લેઆમ ફરી રહ્યા છે, જ્યારે જનતાનો અવાજ ઉઠાવનાર ચૈતર વસાવાને જેલમાં મોકલવામાં આવ્યા છે, તો ધારાસભ્ય ચૈતર વસાવાને ન્યાય ન મળે ત્યાં સુધી આમ આદમી પાર્ટી પોતાની લડત ચાલુ રાખશે

# કેન્ડેરે પ્રસિદ્ધ ક્રિકેટર સ્મૃતિ મંધાનાને પોતાની નવી બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની જાહેરાત કરી

(એજન્સી) મુંબઈ | તા. 27

કલ્યાણ જ્વેલર્સ હાઉસની લાઈફસ્ટાઈલ જ્વેલરી બ્રાન્ડ કેન્ડેરે પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર સ્મૃતિ મંધાનાને પોતાની નવી બ્રાન્ડ એમ્બેસેડર બનાવવાની જાહેરાત કરી છે. શાહરૂખ ખાન સાથે બ્રાન્ડનો ચહેરો બનનારી સ્મૃતિનું જોડાણ કેન્ડેરની યુવાન, આધુનિક ભારતીય ઉપભોક્તાઓ સાથે જોડાણને ગાઢ બનાવવાની સફરમાં મહત્વપૂર્ણ પગલું છે.ભારતની સૌથી પ્રસિદ્ધ ક્રિકેટરોમાં સામેલ સ્મૃતિએ પોતાની સફળતાઓ, સાતત્યતા અને અસલી પહેચાનના બળે દર્શકો સાથે મજબૂત સંબંધ સ્થાપિત કર્યો છે. જ્યારે સમગ્ર દેશમાં મહિલા ક્રિકેટનું આકર્ષણ સતત વધતું જાય છે, ત્યારે કેન્ડેર સાથે સ્મૃતિનું જોડાણ બ્રાન્ડના એ વિચારને દર્શાવે છે, જે જ્વેલરીને ફક્ત પ્રસંગોપાત નહીં, પરંતુ દરરોજ પોતાનું વ્યક્તિત્વ રજૂ કરવાના એક સ્વાભાવિક ભાગ તરીકે જોતા ગ્રાહકો પર ધ્યાન કેન્દ્રીત કરે છે.કેન્ડેરના ડિરેક્ટર શ્રી રમેશ કલ્યાણરામને કહ્યું હતું, "સ્મૃતિ મંધાનાનો પ્રભાવ ક્રિકેટના મેદાનની બહાર પણ વધારે છે. તે એક એવી પેઢીનું નેતૃત્વ કરે છે, જે મહત્વાકાંક્ષી, અસલિયત અને આત્મવિશ્વાસને મહત્વ આપે છે તથા પોતાની સફળતાઓ અને વ્યવહારથી લાખો લોકો માટે પ્રેરણારૂપ છે. અમને આનંદ છે કે, શાહરૂખ ખાનની સાથે તે પણ કેન્ડેરનો ચહેરો બની છે. તેઓ સાથે મળીને હાલના ભારતની વિવિધતા અને ગ્રાહકોને પોતાનું વ્યક્તિત્વ પ્રગટ કરવા અલગ-અલગ રીતો દર્શાવે છે. જેમ જેમ કેન્ડેર લાઈફસ્ટાઈલ જ્વેલરી બ્રાન્ડ તરીકે આગેકૂચ કરી રહી છે, તેમ તેમ સ્મૃતિની સાથે અમને આખા દેશમાં દર્શકો સાથે પોતાનો સંબંધ વધારે ગાઢ બનાવવામાં મદદ કરશે." જેમ જેમ ગ્રાહકોની પસંદગી બદલાઈ રહી છે, તેમ તેમ જ્વેલરી હવે ખાસ પ્રસંગો માટે નહીં, પરંતુ રોજિંદા વસ્ત્રોની સાથે અભિન્ન અંગ બનતી જાય છે. કેન્ડેરે આ જ પરિવર્તનને ધ્યાનમાં રાખીને પોતાનું કલેક્શન તૈયાર કર્યું છે, જે રોજિંદા જીવન, વ્યક્તિગત શૈલી અને આધુનિક જીવનશૈલીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે.

# ભારતનો ₹30,000 કરોડનો પ્લાસ્ટિક રિસાયકલિંગ ઉદ્યોગ એશિયાના સૌથી મોટા રિસાયકલિંગ અને સસ્ટેનેબિલિટી કાર્યક્રમ – GCPRS 2026 માટે સજ્જ

(એજન્સી) મુંબઈ | તા. 27

ભારતનો પ્લાસ્ટિક રિસાયકલિંગ ઉદ્યોગ, જે હાલમાં અંદાજે 30,000 કરોડનો છે અને વર્ષ 2035 સુધીમાં વધીને 60,000 કરોડ થવાનો અંદાજ છે, તે આગામી 2 થી 5 જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે 'ગ્લોબલ કોન્ફરન્સ એન્ડ એક્ઝિબિશન ઓન પ્લાસ્ટિક રિસાયકલિંગ એન્ડ સસ્ટેનેબિલિટી' (GCPRS 2026) ની ત્રીજી આવૃત્તિનો સાક્ષી બનવા જઈ રહ્યો છે.80 વર્ષ જૂની અખિલ ભારતીય સર્વોચ્ચ સંસ્થા 'ધી ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન' (AIPMA) દ્વારા આયોજિત આ ચાર દિવસીય પ્રદર્શન અને કોન્ફરન્સને રસાયણ અને ખાતર મંત્રાલય, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, નીતિ આયોગ તેમજ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયનું સમર્થન અને માર્ગદર્શન પ્રાપ્ત થયું છે.જીસી (GC) ચેરમેન શ્રી અરવિંદ મહેતા અને AIPMA ના પ્રમુખ શ્રી સુનિલ શાહના વિઝન હેઠળ, પ્રગતિશીલ નીતિઓ, ઉદ્યોગોના સહયોગ અને જવાબદાર સંસાધન સંચાલન તેમજ સર્ક્યુલર ઈકોનોમી (ચક્રીય અર્થતંત્ર) ને પ્રોત્સાહન આપતી પહેલો દ્વારા ભારતના સસ્ટેનેબિલિટી ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે હંમેશા પ્રયાસો કરવામાં આવે છે.પ્લાસ્ટિક રિસાયકલિંગ અને સસ્ટેનેબિલિટીને સમર્પિત એશિયાના સૌથી મોટા પ્રદર્શન તરીકે માન્યતા પ્રાપ્ત, GCPRS 2026 માં 12,000 ચોરસ મીટરના વિશાળ પ્રદર્શન વિસ્તારમાં 12 દેશોના 200થી વધુ પ્રદર્શનકર્તાઓ એકસાથે આવશે, જે પ્લાસ્ટિક કચરાના સંચાલન અને રિસાયકલિંગની સમગ્ર વેલ્યુ ચેઈન (મૂલ્ય શૃંખલા)નું પ્રતિનિધિત્વ કરશે. GCPRS 2026 ભારતના પ્લાસ્ટિક રિસાયકલિંગ ક્ષેત્રના વિકાસને વેગ આપવામાં અને સાથે જ સસ્ટેનેબિલિટી, સંસાધન કાર્યક્ષમતા, સર્ક્યુલર ઈકોનોમી અને કાર્બન-ન્યુટ્રલ ભવિષ્ય માટે ભારત સરકારના વિઝનને વધુ મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.આ ઈવેન્ટ પ્લાસ્ટિક કચરાના સંચાલનના ઉકેલો માટે એક વ્યાપક વન-સ્ટોપ પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જે ટેક્નોલોજી પ્રદાતાઓ, રિસાયકલર્સ, નીતિ ઘડવૈયાઓ, બ્રાન્ડ માલિકો, સાહસિકો, સંશોધકો અને પર્યાવરણીય નિષ્ણાતોને એક છત નીચે લાવશે.

# લીમખેડાના પ્રતાપપુરા ગામે નાયરા પેટ્રોલ પંપ છેલ્લા ૮ દિવસથી બંધ: વાહનચાલકો અને ખેડૂતો પરેશાન

દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા: લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે આવેલો નાયરા પેટ્રોલ પંપ છેલ્લા આઠ દિવસથી બંધ હાલતમાં હોવાને કારણે સ્થાનિક વાહનચાલકો અને ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

પેટ્રોલ પંપ બંધ હોવા અંગે ત્યાંના કર્મચારી સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે, મશીનોનું નિયમિત સરકારી સ્ટેમ્પિંગ (Stamping) પૂરું થઈ ગયું હોવાને કારણે હાલ પેટ્રોલ-ડીઝલનું વેચાણ બંધ કરવામાં આવ્યું છે. કર્મચારીએ વધુમાં જણાવ્યું હતું કે, 'અમને આનાથી વધારે કોઈ માહિતી નથી, બાકીની વિગતો અમારા શેઠ (માલિક) જાણી શકે.'



ખેતીની સીઝન અને રોજિંદા પરિવહન વચ્ચે પેટ્રોલ પંપ અચાનક બંધ થઈ જતાં સ્થાનિક વિસ્તારમાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ પેટ્રોલ પંપ તંત્ર દ્વારા બંધ કરાવવામાં આવ્યો છે કે અન્ય કોઈ ટેકનિકલ કારણોસર, તેમજ તે ક્યારે ફરી શરૂ થશે તે હાલ તપાસનો વિષય બન્યો છે. સ્થાનિકો દ્વારા આ પંપ વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# નામદેવ ફિન્વેસ્ટે MSME દિવસની ઉજવણી કરી

## ધિરાણથી વંચિત ઉદ્યોગસાહસિકો માટે વૃદ્ધિની સંભાવનાઓ ખોલવામાં જવાબદાર ધિરાણની ભૂમિકા પર પ્રકાશ ફેંક્યો



(એજન્સી) જયપુર | તા.27

અતિ નાનાં, લઘુ અને મધ્યમ ઉદ્યોગસાહસો (MSMEs) ભારતની આર્થિક વૃદ્ધિ ઉદ્યોગસાહસિકતા, રોજગારીનાં સર્જન અને સમગ્ર દેશમાં સર્વસમાવેશક વિકાસના આધારસ્તંભ તરીકે હજુ જળવાઈ રહ્યાં છે. MSME મંત્રાલયના જણાવ્યા મુજબ, આ ક્ષેત્ર 6.3 કરોડથી વધારે યુનિટ ધરાવે છે અને ભારતની જીડીપીમાં અંદાજે 31.1 ટકા તથા ઉત્પાદનમાં 35.4 ટકા હિસ્સો ધરાવે છે, તો સાથે સાથે આશરે 32.8 કરોડ લોકોને આજીવિકા પ્રદાન કરે છે, જે તેને દેશને કૃષિ ક્ષેત્ર પછી રોજગારીનો બીજો સૌથી મોટો સ્રોત બનાવે છે*. RBI (રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા)ના ગવર્નર સંજય મલ્હોત્રાએ તાજેતરમાં MSMEsને 'ઉદ્યોગસાહસિકતાનું ઉછેરકેન્દ્ર' અને વિકસિત ભારત વિઝનનું હાર્દ ગણાવ્યું હતું. તેમણે નોંધ્યું હતું કે, MSME સેગમેન્ટમાં ધિરાણની વૃદ્ધિએ સંપૂર્ણ ધિરાણ વૃદ્ધિને પાછળ છોડી દીધી છે અને ધિરાણ સંસ્થાઓને MSMEsને ઓછી રકમ ધરાવતા ઋણધારકો ગણવાને બદલે લાંબા ગાળાના બિઝનેસ પાર્ટનર તરીકે ગણવા અપીલ કરી હતી. તેમણે આગામી યુનિફાઈડ લેન્ડિંગ ઈન્ટરફેસ એકાઉન્ટ એગ્રીગેટર ફ્રેમવર્ક અને ટ્રેડ રીસિવેબ્લસ ડિસ્કાઉન્ટિંગ સિસ્ટમને ધિરાણ આપવામાં સમય ઘટાડવાના માધ્યમો સહિત અન્ય ડિજિટલ ટૂલ વિશે પણ જાણકારી આપી હતી. તેમની ટિપ્પણીઓ એ વધતી માન્યતાને પ્રતિબિંબિત કરે છે કે, MSMEsની કામગીરી અને વિવિધતા, તેમની ધિરાણ જરૂરિયાતો કાર્યકારી મૂડીથી વધારે છે. MSMEs માટે વૃદ્ધિની સાથે રોજિંદા કામગીરીઓને સંભાળવી મહત્વપૂર્ણ પ્રાથમિકતા છે. સમયસર ધિરાણ મળવાથી ઈન્વેન્ટરી ખરીદવી, સપ્લાયરને પેમેન્ટ કરવું, કર્મચારીઓને ખર્ચ અને બીજા કાર્યકારી ખર્ચ પૂરા કરવા જેવી વ્યવસાયની કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ મળી શકે છે, તો સાથે સાથે એની ક્ષમતા વધારવા, માળખાગત સુવિધાને અપગ્રેડ કરવા અને નવા બજારોમાં ઉતરીને વ્યવસાયનો વિસ્તરણ પણ કરી શકે છે. ટિઅર-2 અને ટિઅર-3 બજારોમાં અનેક ઉદ્યોગસાહસિકો માટે માળખાગત ધિરાણ નાણાકીય પ્રવાહિતતા અને આત્મવિશ્વાસ પ્રદાન કરે છે, જે વ્યવસાયને સતત વધારવા, નવી તકોનો લાભ મેળવવા અને વિસ્તરણ કરવા ટકાઉ રીતો માટે જરૂરી છે.

# આજે માનકુવા મધ્યે સોના-ચાંદી વેપારી મહામંડળની મિટિંગનું આયોજન

## જિલ્લા સોના ચાંદી મહામંડળ પ્રમુખશ્રી હીરાલાલભાઈ આપશે માર્ગદર્શન

મહેશ એલ. સોની નખત્રાણા

શ્રી કચ્છ જિલ્લા સોના ચાંદી વેપારી મહામંડળ દ્વારા માનકુવા મંડળ હેઠળ આવતા ગામોના સોના-ચાંદીના વેપારી તથા કારીગર મિત્રો માટે એક અતિ મહત્વની મિટિંગનું આયોજન તારીખ ૨૮ /૬/૨૦૨૬ રવિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે માનુકુવા-કોડકી રોડ સ્થિત ભરત શેઠના મકાનની બાજુમાં યોજાશે. આ મિટિંગનો મુખ્ય હેતુ વેપારી મિત્રોના ધંધા-રોજગાર અને ખાસ કરીને કારીગરીને લગતા પ્રશ્નો, મુશ્કેલીઓ તથા સૂચનો ઉપર વિસ્તૃત ચર્ચા કરવાનો છે તેમજ મંડળના એજન્ડા મુજબ આગામી કાર્યવાહી અંગે સર્વાનુમતે નિર્ણય લેવાનો છે, આ મહત્વની મિટિંગમાં મંડળના આદરણીય પ્રમુખશ્રી હીરાલાલભાઈ તથા મહામંડળના અન્ય પદાધિકારીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહીને સૌ વેપારી અને કારીગર મિત્રોને યોગ્ય માર્ગદર્શન પાઠવશે તેમજ તેમના અનુભવોનો લાભ આપશે, માનુકુવા ઘટકમાં આવતા માનકુવા, ભારાસર, કોડકી, દેશલપર, સામત્રા, આણંદસર તેમજ કલ્યાણપર ગામના તમામ વેપારી મિત્રો અને કારીગર મિત્રોને આ મિટિંગમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે અલ્પાહારની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે.

### સાબરમતી-મુઝફ્ફરપુર જન સામાન્ય એક્સપ્રેસના સમયમાં ફેરફાર

ટ્રેનોની સમયસરતા સુધારવા માટે, પશ્ચિમ રેલ્વેએ ટ્રેન નં. ૧૫૨૭૦ સાબરમતી-મુઝફ્ફરપુર જન સામાન્ય એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં સુધારો કર્યો છે.સુધારેલા સમય મુજબ, ટ્રેન નં. *૧૫૨૭૦ સાબરમતી-મુઝફ્ફરપુર જન સામાન્ય એક્સપ્રેસ* *૪ જુલાઈ, ૨૦૨૬* ના રોજ સાબરમતી સ્ટેશનથી ૫ મિનિટ વહેલા *૧૭:૫૦ કલાકે* ઉપડશે, તેના નિર્ધારિત પ્રસ્થાન સમય *૧૭:૫૫ કલાક* ને બદલે.

# ગઢશીશા PGVCL કચેરી દ્વારા 400થી વધુ વીજ ગ્રાહકોની ખાનગી માહિતી જાહેર થતાં ગ્રામજનોમાં રોષ અને ભયનો માહોલ

મહેશ એલ સોની નખત્રાણા

ગઢશીશા PGVCL કચેરી દ્વારા તા. 17-06-2026ના રોજ 15 થી વધુ મિલકત ધારકો તથા સ્થાનિક રહેવાસીઓને નોટિસ પાઠવી જણાવાયું હતું કે તેમના PGVCL ગ્રાહક નંબર અને સંબંધિત દસ્તાવેજોની માહિતી પ્રદીપ નવીનચંદ્ર પંડ્યા દ્વારા માહિતીના અધિકાર અધિનિયમ હેઠળ માંગવામાં આવી છે. નોટિશ માં સાત દિવસમાં જણાવવા કહેવામાં આવ્યું હતું કે તેઓ આ માહિતી આપવા સંમત છે કે નહીં.આ નોટિશ મળતાં ગ્રામજનોના મનમાં સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊભો થયો કે જ્યારે હજુ તેમની સંમતિ પણ લેવામાં આવી નથી, ત્યારે તેમના ગ્રાહક નંબર અને અન્ય વિગતો સંબંધિત વ્યક્તિ સુધી કેવી રીતે પહોંચી...?ત્યારબાદ સ્થાનિક રીતે તેમજ સોશિયલ મીડિયામાં ફરતા લિસ્ટ થી જાણવા મળ્યું કે ગઢશીશા PGVCL કચેરીના જાહેર માહિતી અધિકારી દ્વારા સત્તાની મર્યાદા બહાર જઈ અંદાજે 400 થી વધુ વીજ ગ્રાહકોની ખાનગી અને ગોપનીય માહિતી, જેમાં ગ્રાહક નંબર, મિલકત નંબર, મિલકતનું સરનામું, મોબાઈલ નંબર તથા અન્ય વ્યક્તિગત વિગતોનો સમાવેશ થાય છે, તે આ શખ્સને અગાઉ જ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.આ માહિતી મેળવનાર વ્યક્તિ સામે અગાઉ સમાજ વિરોધી પ્રવૃત્તિઓ સંબંધિત 15થી વધુ ગુનાઓ નોંધાયેલા હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. અને વિશેષ માં ૪૦૦ થી ઉપરના આલોકોની આ ગોપનીય અને ખાનગી માહિતી આવતા તે ચોક્કસ સમાજ અને વર્ગના લોકોને નિશાન બનાવી માહિતીના અધિકાર હેઠળ અરજીઓ કરીને વધુ વ્યક્તિગત માહિતી મેળવવાનો પ્રયાસ કરતો હોવાનો pgvvl ની તા - ૧૭/૬/૨૬ વાળી પાઠવવામાં આવેલ નોટીસ થી સ્પષ્ટ થાય છે.સૌથી ગંભીર બાબત એ છે કે ગામના સામાન્ય રીતે મિલકત ધારકો જેમાં મહિલાઓ, વૃદ્ધો તથા વતન બહાર વસતા ગ્રામજનોની વ્યક્તિગત માહિતી પણ તેમની મંજૂરી વિના જાહેર કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. મિલકતનું સરનામું અને મોબાઈલ નંબર જેવી સંવેદનશીલ માહિતી જાહેર થવાથી ધંધા અર્થે બહાર વસવાટ કરતા લોકોમાં અસુરક્ષાની લાગણી વ્યાપી છે. ખાસ કરીને મહિલાઓના સરનામા અને મોબાઈલ નંબર જેવી માહિતી જાહેર થવી અત્યંત ગંભીર બાબત ગણાય.માહિતીના અધિકાર અધિનિયમની કલમ 8(1)(j) મુજબ વ્યક્તિગત ગોપનીયતા સાથે સંબંધિત માહિતી જાહેર કરી શકાતી નથી, તેમ છતાં આવી માહિતી જાહેર કરવામાં આવી હોવાના કારણે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. વધુમાં, આ માહિતી સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર વિસ્તારમાં ભય અને ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. અને સામાન્ય બાબત તો એ છે કે કોણ મહિલા કે વૃધ્ધ ક્યાં રહે છે, તેની મિલકત ક્યાં આવેલ છે વગરે વિગતથી લૂંટ, ચોરી, હત્યા વગેરે ગુના બની શકે છે. તેમજ ખાનગી મોબાઈલ નંબર જાહેર થવાથી સાયબર અરેસ્ટ તેમજ અન્ય સાયબર ક્રાઈમ નો મોટો મેદાન મળી શકે છે. ગામમાં અગાઉ એકલા રહેતા વૃદ્ધની હત્યાની ઘટના પણ બની ચૂકી હોવાથી લોકો પોતાની સુરક્ષા અંગે વધુ ચિંતિત બન્યા છે. આવી સ્થિતિમાં વ્યક્તિગત માહિતી જાહેર થવી નાગરિકોની સુરક્ષા અને ગોપનીયતા બંને માટે ગંભીર જોખમ ઉભું કરે છે. ગ્રામજનોએ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર અધિકારીઓ સામે કાયદેસર ની કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# પંજાબમાં આરોગ્ય સેવાઓનો વિસ્તરણ

મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના નેતૃત્વ હેઠળની પંજાબ સરકારે રાજ્યમાં તબક્કાવાર 990 આમ આદમી ક્લિનિક્સ (AACs) શરૂ કર્યા છે. આ 990 AACsમાંથી, 414 AACs શહેરી વિસ્તારોમાં સ્થિત છે જ્યારે 576 રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં સ્થિત છે. આ ક્લિનિક્સનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓનું વિકેન્દ્રીકરણ નાની વસ્તી સુધી, તેમના ઘરની નજીક કરવાનો છે, જેનાથી ખાસ કરીને નબળા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે સંભાળની પહોંચમાં વધારો થાય છે.

**ક્રમ, જીલ્લા, AAC ની સંખ્યા**

1 અમૃતસર 79
2 બરનાલા 17
3 ભટિંડા 48
4 ફરીદકોટ 22
5 ફતેહગઢ સાહિબ 23
6 ફાઝિલ્કા 27
7 ફિરોઝપુર 28
8 ગુરદાસપુર 71
9 હોશિયારપુર 76
10 જલંધર 75
11 કપૂરથલા 27
12 લુધિયાણા 111
13 માલેરકોટલા 14
14 માણસા 29
15 મોગા 33
16 પઠાણકોટ 31
17 પટિયાલા 78
18 રૂપનગર 23
19 સંગરુર 55
20 એસએએસ નગર 45
21 એસબીએસ નગર 22
22 શ્રી મુક્તસર સાહિબ 26
23 તરનતારન 30
કુલ 990

**990** આમ આદમી ક્લિનિક્સ | **83000** દર્દીઓની દરરોજ સારવાર | **5.62 કરોડ** દર્દીઓની સારવાર થઇ હમણાં સુધી



### આ ક્લિનિક્સમાં ૧૦૭ પ્રકારની દવાઓ મફતમાં પૂરી પાડવામાં આવે છે

- સાયગ્નોસ્ટિક્સ: AACs ખાતે ડાયગ્નોસ્ટિક સુવિધાઓ PPP (જાહેર-ખાનગી ભાગીદારી) મોડ દ્વારા પૂરી પાડવામાં આવે છે. આ ક્લિનિક્સમાં કુલ 47 પ્રકારના ડાયગ્નોસ્ટિક ટેસ્ટ ઉપલબ્ધ છે.
- IT સેવાઓ: આ ક્લિનિક્સ IT-સક્ષમ છે; દરેક ક્લિનિક મેડિકલ ઓફિસર, ફાર્માસિસ્ટ અને ક્લિનિક આસિસ્ટન્ટ માટે ત્રણ ટેબ્લેટથી સજ્જ છે. દર્દી નોંધણી, પ્રિસ્ક્રિપ્શન જનરેશન અને દવા વિતરણ બધું eSushrut સિસ્ટમનો ઉપયોગ કરીને આ ટેબ્લેટ દ્વારા કરવામાં આવે છે.
- AACs ખાતે સેવાઓ: OPD સેવાઓ: AACs ને ઉત્તમ પ્રતિસાદ મળ્યો છે; આજ સુધી, તેઓએ 5.62 કરોડથી વધુ દર્દીઓની મુલાકાતો (1.81 કરોડ અનન્ય દર્દીઓ અને 3.81 કરોડ પુનરાવર્તિત મુલાકાતો) પૂરી પાડી છે.

### સેવાઓનો વિસ્તરણ

AAC ની સેવાઓ હવે વિસ્તૃત થઈ ગઈ છે જેમાં ગર્ભાવસ્થા સંભાળ, કુપોષણની તપાસ અને વ્યવસ્થાપન, કૂતરા કરડવા, કુટુંબ નિયોજન અને હાયપરટેન્શન, ડાયાબિટીસ અને મૌખિક કેન્સરની સારવારનો સમાવેશ થાય છે.દર મહિને, 35,000 થી વધુ સગર્ભા સ્ત્રીઓને પ્રસૂતિ પહેલાની સંભાળ મળે છે, જ્યારે 115,000 થી વધુ લોકોને ડાયાબિટીસ અને હાયપરટેન્શન માટે સારવાર આપવામાં આવી રહી છે.

### આયોજનમાં નવા AAC

442 AAC પાઈપલાઈનમાં છે. વિગતો નીચે મુજબ છે: 134 AAC - 78 AAC પૂર્ણ થઈ ગયા છે અને ઉદ્ઘાટન માટે તૈયાર છે, અને બાકીના 56 AAC 26 જુલાઈના અંત સુધીમાં પૂર્ણ થશે. 308 SHC ને AAC માં અપગ્રેડ કરવામાં આવશે: કામ ચાલી રહ્યું છે, 26 ઓગસ્ટના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

# સ્પેશિયલ રોડ સેફ્ટી ફોર્સ

## પ્રથમ પંજાબ મોડેલ : ભારતનું પ્રથમ સમર્પિત હાઈવે સલામતી દળ

કલ્પના કરો કે કોઈ રાજ્ય મોટા બજેટ સુધારાઓ અથવા રાષ્ટ્રીય કાર્યક્રમોની રાહ જોયા વિના હાઇવે પર થતા મૃત્યુને અડધા સુધી ઘટાડી શકે છે. મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના નેતૃત્વ હેઠળ પંજાબે હાઇવે સલામતી માટે ભારતનું પ્રથમ સંપૂર્ણ વિશિષ્ટ દળ એટલે કે સડક સુરક્ષા દળ - SSF - બનાવીને બરાબર એ જ કર્યું, રાજ્યએ માર્ગ સલામતી પૂરી પાડવાની રીત બદલી નાખી છે: ઝડપી પ્રતિભાવ, વ્યાવસાયિક તાલીમ અને સેવા પ્રથમ આદેશ. સમગ્ર ભારતમાં સરખામણી રાજ્યો હાઇવે સલામતી, ટેકનોલોજી અપનાવવા અને જાહેર જવાબદારી પદ્ધતિઓ પ્રત્યે કેવી રીતે વલણ ધરાવે છે તેમાં નોંધપાત્ર ભિન્નતા દર્શાવે છે. ચર્ચાને ત્રણ વ્યાપક થીમ હેઠળ તપાસી શકાય છે.

**1500 +** કર્મીઓનું સમર્પિત કાર્યબળ | **144** હાઇ-ટેક વાહનો તૈનાત | **30 કિમિ** વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ

### પંજાબ મોડેલ - નવી ફોર્સ વિરુદ્ધ અપગ્રેડેડ શાખાઓ

*પંજાબ સડક સુરક્ષા ફોર્સ (SSF) એ અલગ તરી આવે છે કારણ કે તે 1,500 થી વધુ કર્મચારીઓનું એક સંપૂર્ણપણે નવું, સમર્પિત ફોર્સ છે જે ફક્ત હાઈવે સલામતી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.*

**વ્યાવસાયિક અભિગમ અને તેના પરિણામો:**

1. વિશેષતા: નિયમિત પોલીસથી વિપરીત, SSF નું એકમાત્ર કામ તેમના નિયુક્ત 30 કિમીના વિસ્તારમાં પેટ્રોલિંગ કરવાનું છે. તેમને કાયદો અને વ્યવસ્થાની અન્ય ફરજો માટે ખેંચવામાં આવતા નથી.
2. ઝડપી પ્રતિભાવ: તેઓ 144 હાઇ-ટેક વાહનો (જેમ કે ટોયોટા હાઇલક્સ અને સ્કોર્પિયોસ) થી સજ્જ છે અને કોઈપણ ઘટના માટે 6-8 મિનિટનો પ્રતિભાવ સમય સુનિશ્ચિત કરવા માટે તૈનાત છે. જીવન બચાવવા માટે "પ્લેટિનમ કલાક" માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ છે.
3. ટેકનોલોજી: વાહનો સ્પીડ ગન, આલ્કોમીટર, ઈ-ચલણ મશીનો, ડેશ કેમ્સ અને પ્રાથમિક સારવાર કીટથી સજ્જ છે.

### પંજાબ રોડ સેફ્ટી ફોર્સ ( SSF )

આ પ્રોફેશનલ પધ્ધતિઓ ખૂબ પ્રભાવશાળી છે. 2024 ની શરૂઆતમાં SSF ની લેખિકાના પછીથી, સતત એક વખત આવી રહી છે તે જાણવામાં આવી રહી છે કે જીન ખાસ હાઈવે હિસ્સ પર પાવરિંગ કરે છે, ત્યાં રસ્તા પર હાદસોમાં 45-48% ની ભારે ઓછી છે.




### રોડ સેફ્ટી ફોર્સે સેંકડો જીવ બચાવ્યા

પંજાબ રોડ સેફ્ટી ફોર્સ (SSF) એ એક સંપૂર્ણપણે નવી, સમર્પિત ફોર્સ છે જે ફક્ત હાઈવે સેફ્ટી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ડેટા દાવો કરે છે કે જાન્યુઆરી 2024 માં તેની શરૂઆતથી, હાઈ-ટેક વાહનો અને 6-8 મિનિટના ઝડપી પ્રતિભાવ સમય સાથે, મૃત્યુદરમાં નોંધપાત્ર 48% ઘટાડો થયો છે. ભારતભરમાં તફાવતો: આ અન્ય રાજ્ય મોડેલોથી માળખાકીય રીતે અલગ છે. ઉદાહરણ તરીકે: * મહારાષ્ટ્ર હાઈવે પોલીસ હાલની રાજ્ય પોલીસની એક ખૂબ જ આધુનિક અને અસરકારક પાંખ છે, જેમાં 2,000 થી વધુ કર્મચારીઓ અને 90+ ઈન્ટરસેપ્ટર વાહનો છે. તે હાલની સિસ્ટમનો વિકાસ છે. આ એક મહત્વપૂર્ણ નીતિ પ્રશ્ન ઉભો કરે છે: શું SSF જેવી નવી, વિશિષ્ટ ફોર્સ બનાવવી વધુ અસરકારક છે, કે શું હાલના પોલીસ માળખામાં સમર્પિત પાંખમાં ભારે રોકાણ કરવું અને તેને મજબૂત બનાવવું વધુ અસરકારક છે?

# શિક્ષણ, રમતગમત અને રોજગારમાં પંજાબ અગ્રેસર

**મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના નેતૃત્વમાં, પંજાબ વિકાસ, સુશાસન અને જન કલ્યાણના નવા પ્રકરણો લખી રહ્યું છે. રાજ્યએ શિક્ષણ, રમતગમત, ટેકનિકલ તાલીમ, સામાજિક સુરક્ષા અને ડિજિટલ સેવાઓ જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. જ્યારે પંજાબ દેશમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર તરીકે ઉભરી આવ્યું છે, ત્યારે રમતગમતના વિકાસ માટે રેકોર્ડ રોકાણો અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.**

## શિક્ષણ ક્રાંતિ : અભ્યાસમાં નંબર 1

### નીતિ આયોગનો રિપોર્ટ

શાળા શિક્ષણમાં પંજાબ કેરળને પાછળ છોડીને ભારતનું ટોચનું પ્રદર્શન કરતું રાજ્ય બન્યું. નીતિ આયોગના શિક્ષણ ગુણવત્તા અહેવાલ 2026માં મૂળભૂત શિક્ષણ ધોરણોના સંદર્ભમાં પંજાબને કેરળ કરતાં આગળ રાખવામાં આવ્યું છે, જેને લાંબા સમયથી શાળા શિક્ષણનું મોડેલ માનવામાં આવે છે.



### મુખ્ય સિદ્ધિઓ

- પંજાબમાં ૯૯.૯% સરકારી શાળાઓમાં હવે વીજળી છે.
- ૯૯% શાળાઓમાં કાર્યરત કમ્પ્યુટર છે, અને ૮૦% થી વધુ શાળાઓમાં સ્માર્ટ વર્ગખંડો છે.
- ધોરણ ૧૦ ના ૯૦% થી વધુ વિદ્યાર્થીઓ હવે કોઈ પણ વિક્ષેપ વિના ધોરણ ૧૧ માં પ્રગતિ કરી રહ્યા છે, જે ડ્રોપઆઉટ દરમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે.

### પર્ફોર્મન્સ ગ્રેડિંગ 2.0 માં પંજાબ દેશમાં ટોચ પર

શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કરીને, પંજાબ રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશો માટે 2024-25 માટે પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ (PGI) 2.0 હેઠળ દેશમાં ટોચનું પ્રદર્શન કરનાર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે, જે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. નોંધપાત્ર રીતે, PGI માં ટોચનું સ્થાન બીજી રાષ્ટ્રીય માન્યતાના બે અઠવાડિયા પછી આવ્યું છે: નીતિ આયોગના શિક્ષણ ગુણવત્તા અહેવાલ 2026 માં પંજાબને ભારતના શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા રાજ્યોમાં સ્થાન આપવામાં આવ્યું છે.પંજાબએ પ્રચીતા-1 શ્રેણી પ્રાપ્ત કર્યા છે. આ સિદ્ધિ ફક્ત કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ સાથે શેર કરવામાં આવી છે. રાજ્યએ કેરળ, દિલ્હી, મહારાષ્ટ્ર અને હિમાચલ પ્રદેશને પાછળ છોડી દીધા છે, જે બધા પ્રચીતા-2 શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે.

### સરકારી શાળાઓમાં આધુનિક સુવિધાઓ ઝડપથી વિસ્તરી રહી છે

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પંજાબની સરકારી શાળાઓમાં આધુનિક સુવિધાઓ ઝડપથી વિસ્તરી છે. સરકારના જણાવ્યા મુજબ, 99% થી વધુ શાળાઓમાં કમ્પ્યુટર સુવિધાઓ ઉપલબ્ધ છે અને 99.9% શાળાઓમાં વીજળી પહોંચી ગઈ છે. વધુમાં, 2.4 મિલિયનથી વધુ વાલીઓએ વાલી-શિક્ષક બેઠકો (PTM) માં ભાગ લીધો છે. સરકારનો દાવો છે કે સુધારેલ શાળા માળખાકીય સુવિધાઓ, આધુનિક શૈક્ષણિક તકનીકો અને પ્રશિક્ષિત શિક્ષકો સરકારી શાળાઓમાં પરિણામોમાં સતત સુધારો કરવામાં ફાળો આપી રહ્યા છે.

**20 કરોડ રૂપિયા** નું સરકારી પોલીટેકનિક કોલેજોના આધુનિકીકરણમાં રોકાણ કરવામાં આવ્યું છે.

**91** પોલીટેકનિક કોલેજોમાં સેમેસ્ટર ઇન્ટર્નશિપ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે.

> **“વધુમાં, નાંગલમાં ₹100 કરોડના ખર્ચે કેપ્ટન અમોલ કાલિયા સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી રહી છે. આ સંસ્થા અદ્યતન કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ-લક્ષી તાલીમ માટે એક કેન્દ્ર તરીકે સેવા આપશે, જે ભવિષ્યની નોકરીઓ માટે યુવાનોને તૈયાર કરવામાં મદદ કરશે.**



## રમશે પંજાબ, બદલાશે પંજાબ | રાજ્યમાં રમતગમતનો સુવર્ણ યુગ શરૂ થયો

**₹1,791 કરોડના** સ્પોર્ટ્સ ઇન્ફ્રા માટે ઐતિહાસિક બજેટની જાહેરાત | **1070 ખેલાડીઓ** રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વિજેતાઓનું સન્માન કરવામાં આવ્યું | **₹32.5 કરોડ** ખેલાડીઓના ખાતામાં ઇનામી રકમ ટ્રાન્સફર કરવામાં આવી | **2458 કોચની જગ્યાઓ** કોચની મંજૂર જગ્યાઓ 500 થી વધારીને 2458 કરવામાં આવી



*મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના દૂરદેશી નેતૃત્વ હેઠળ, પંજાબ સરકારે “ખેલ-દા પંજાબ, બદલદા પંજાબ” ના બેનર હેઠળ રમતગમતમાં ક્રાંતિની શરૂઆત કરી છે, જેના પડઘા દૂર દૂર સુધી ફેલાઈ રહ્યા છે.*

રાજ્યના ભૌતિક સુખાકારી સાથેના ઊંડા ઐતિહાસિક અને આધ્યાત્મિક જોડાણને માળખાકીય નીતિ માળખામાં રૂપાંતરિત કરીને, મુખ્યમંત્રીએ રમતગમતમાં પંજાબના ભૂતપૂર્વ ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટે એક અભૂતપૂર્વ પરિવર્તન યોજના શરૂ કરી છે. વિજય માટે સામાન્ય ઇનામોથી લઈને મોટા પાયે પાયાના માળખાકીય વિકાસ અને તૈયારીઓ માટે આગોતરા ભંડોળ સુધી, પંજાબ ઝડપથી ભારતની રમતગમત રાજધાની તરીકેનો નંબર વન દરજ્જો પાછો મેળવી રહ્યું છે.મુખ્યમંત્રી ભગવંત સિંહ માનએ 87 ઉત્કૃષ્ટ રમતવીરોને પ્રતિષ્ઠિત મહારાજા રણજીત સિંહ એવોર્ડથી સન્માનિત કર્યા અને વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં 1,070 ચંદ્રક વિજેતા રમતવીરોને સન્માનિત કર્યા.રાજ્યના ઇતિહાસમાં આ એક અનોખી સિદ્ધિ હતી, જેમાં કુલ 32.05 કરોડની ઇનામી રકમ પારદર્શક રીતે ખેલાડીઓને સીધી રીતે વહેંચવામાં આવી હતી.

# સરકારની પહેલી પ્રાથમિકતા નબળા વર્ગોને પૂરતું રક્ષણ પૂરું પાડવાની છે

સરકારની પહેલી પ્રાથમિકતા સંવેદનશીલ અને જરૂરિયાતમંદ વર્ગો માટે વિવિધ નાણાકીય યોજનાઓ ચલાવે છે, જેમાં વૃદ્ધાવસ્થા પેન્શન, વિધવાઓ અને નિરાધાર મહિલાઓને નાણાકીય સહાય, આશ્રિત બાળકોને નાણાકીય સહાય અને અપંગ વ્યક્તિઓને નાણાકીય સહાયનો સમાવેશ થાય છે. આ બધી યોજનાઓ હેઠળ, પાત્ર લાભાર્થીઓને માસિક 1,500 ની સહાય પૂરી પાડવામાં આવે છે. આ લાભો મેળવવા માટે, અરજદારની તમામ સ્ત્રોતોમાંથી વાર્ષિક આવક 60,000 થી વધુ ન હોવી જોઈએ. વૃદ્ધાવસ્થા પેન્શન યોજના હેઠળ 23.80 લાખ લાભાર્થીઓ, વિધવાઓ અને નિરાધાર મહિલા યોજના હેઠળ 6.91 લાખ, આશ્રિત બાળકો યોજના હેઠળ 2.42 લાખ અને અપંગ વ્યક્તિઓ યોજના હેઠળ 2.83 લાખ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે. વર્ષ 2026-27 માટે આ યોજનાઓ માટે હજારો કરોડ રૂપિયાની બજેટ જોગવાઈ કરવામાં આવી છે, જેનો હેતુ સમાજના નબળા વર્ગોને આર્થિક સુરક્ષા પૂરી પાડવા અને તેમના જીવનધોરણમાં સુધારો કરવાનો છે.

**₹1,500** પાત્ર લાભાર્થીઓને દર મહિને સહાય | **₹6,131.91** કરોડ કુલ ચારેય યોજનાઓ માટે ₹(2026-27) ની બજેટ જોગવાઈ



| યોજના | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| વૃદ્ધાવસ્થા પેન્શન | ૨,૩૮૦,૮૩૫ |
| વિધવા અને નિરાધાર મહિલા સહાય | ૬,૯૧,૭૫૨ |
| આશ્રિત બાળકોને નાણાકીય સહાય | ૨,૪૨,૩૨૭ |
| વિકલાંગ વ્યક્તિઓને નાણાકીય સહાય | ૨,૮૩,૨૦૬ |
| કુલ લાભાર્થીઓ | ૩,૫૯૮,૧૨૦ |

- પંજાબ સરકાર સમાજના નબળા અને જરૂરિયાતમંદ વર્ગો માટે ચાર મુખ્ય સામાજિક સુરક્ષા યોજનાઓ ચલાવે છે.
- બધી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને સીધી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.
- વૃદ્ધાવસ્થા પેન્શન માટેની લઘુત્તમ વૃદ્ધાવસ્થા પેન્શન માટેની લઘુત્તમ ઉંમર મહિલાઓ માટે 58 વર્ષ અને પુરુષો માટે 65 વર્ષ છે.
- અપરિણીત મહિલાઓ 30 વર્ષની ઉંમર પછી આ યોજનાનો લાભ લઈ શકે છે.
- 21 વર્ષથી ઓછી ઉંમરના આશ્રિતો અને અનાથ બાળકો આ યોજના માટે પાત્ર છે.
- 50% થી વધુ અપંગતા ધરાવતા વ્યક્તિઓ નાણાકીય સહાય માટે પાત્ર છે.
- સરકારે સામાજિક સુરક્ષા યોજનાઓ માટે હજારો કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે.
- આ યોજનાઓનો હેતુ સમાજના નબળા વર્ગોને આર્થિક સુરક્ષા અને ગૌરવપૂર્ણ જીવન પૂરું પાડવાનો છે.

### ડોર-ટુ-ડોર રજિસ્ટ્રી સુવિધા

**1076 હેલ્પલાઇન** દ્વારા ડોર-ટુ-ડોર સેવા ઉપલબ્ધ | **48 કલાકની અંદર** વેચાણ દસ્તાવેજોની ઓનલાઇન પ્રારંભિક ચકાસણી

- મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના નેતૃત્વ હેઠળ શરૂ કરાયેલ ‘સરળ રજિસ્ટ્રી‘ પ્રોજેક્ટ, પંજાબમાં મિલકત નોંધણી પ્રક્રિયાને પારદર્શક, ભ્રષ્ટાચારમુક્ત અને નાગરિક-મૈત્રીપૂર્ણ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પહેલ છે.
- આ સિસ્ટમ હેઠળ, વેચાણ દસ્તાવેજોની પ્રારંભિક ચકાસણી 48 કલાકની અંદર ઓનલાઈન પૂર્ણ થાય છે, જેનાથી નાગરિકોને બિનજરૂરી મુશ્કેલીઓ અને ભ્રષ્ટાચારથી રાહત મળે છે.
- નવી સિસ્ટમ ‘પહેલાં પ્રવેશ, પહેલા બહાર‘ સિદ્ધાંતનો અમલ કરે છે, જે પક્ષપાત અને VIP સંસ્કૃતિને દૂર કરે છે. નાગરિકો હવે જિલ્લાની કોઈપણ સબ-રજિસ્ટ્રાર ઓફિસમાં તેમના દસ્તાવેજો નોંધણી કરાવી શકે છે.
- પ્રક્રિયાના દરેક પગલાની માહિતી WhatsApp દ્વારા વાસ્તવિક સમયમાં પૂરી પાડવામાં આવે છે, અને ફરિયાદ નિવારણ સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.



*"સરળ રજિસ્ટ્રી" પહેલ પંજાબમાં મિલકત નોંધણી પ્રક્રિયાને સંપૂર્ણપણે ડિજિટલ, પારદર્શક અને નાગરિક-કેન્દ્રિત બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. તે માત્ર ભ્રષ્ટાચાર અને VIP સંસ્કૃતિને જ રોકી રહ્યું છે.*

# 2 લાખથી વધુ કિંમતનું અનાજ ખરીદ્યું, પૈસા સીધા ખાતામાં ટ્રાન્સફર થયા

ભારતના ખાદ્ય ભંડાર તરીકે પંજાબનું સ્થાન મજબૂત બનાવતા, રાજ્યએ છેલ્લા ચાર ખરીદી સિઝન દરમિયાન સરકારી એજન્સીઓ દ્વારા 1,286.41 લાખ મેટ્રિક ટન (LMT) ઘઉં અને ડાંગરની ખરીદીને સરળ બનાવી છે, જેનાથી ખેડૂતોના બેંક ખાતામાં લઘુત્તમ ટેકાના ભાવ (MSP) તરીકે 2 લાખ કરોડ રૂપિયાથી વધુની સમયસર અને પારદર્શક ચુકવણી સુનિશ્ચિત થઈ છે.2022-23 થી 2025-26 સુધી રવિ અને ખરીફ સિઝનમાં સતત ખરીદી કામગીરી રાજ્યના મજબૂત મંડી માળખા, ભારતીય ખાદ્ય નિગમ (FCI) સાથે સરળ સંકલન અને ખેડૂતોની આવકનું રક્ષણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.



## દર વર્ષે ઉત્પાદન, ખરીદી અને ચુકવણીમાં વધારો થયો

ખરીફ ૨૦૨૩-૨૪ માર્કેટિંગ સીઝનમાં મોટા પ્રમાણમાં ઘઉંનું ઉત્પાદન જોવા મળ્યું, જેમાં ૧૮૫.૮૮ લાખ મેટ્રિક ટન ડાંગરનું આગમન થયું અને કેન્દ્રીય પૂલ માટે ૧૮૨.૨૮ લાખ મેટ્રિક ટન ડાંગર ખરીદાયું. ખેડૂતોને MSP તરીકે ₹૪૦,૭૩૫.૪૭ કરોડ મળ્યા, જે સીધા આશરે ૮ લાખ ખેડૂતોના ખાતામાં જમા થયા. ૨૦૨૩-૨૪નું વર્ષ કુલ 303.૪0 લાખ મેટ્રિક ટન ખરીદી અને ₹૭૭,૩૮૪.૪૭ કરોડ MSP આઉટફ્લો સાથે સમાપ્ત થયું, જે ચાર વર્ષમાં સૌથી વધુ એક વર્ષનું ચુકવણી છે, જે સુધારેલ ઉપજ અને ઉચ્ચ MSP દર બંને દર્શાવે છે.૨૦૨૪-૨૫માં, પંજાબની મંડીઓમાં મજબૂત આવક જોવા મળી. રવી ૨૦૨૪-૨૫માં ૧૩૨.૧૩ લાખ મેટ્રિક ટન ઘઉંનો જથ્થો નોંધાયો હતો, જેમાંથી ૧૨૪.૫૭ લાખ મેટ્રિક ટન સરકારી એજન્સીઓ દ્વારા ખરીદવામાં આવ્યો હતો. ૨૮,૩૩૯.૭૭ કરોડ રૂપિયાની MSP લગભગ ૮ લાખ ખેડૂતોને ટ્રાન્સફર કરવામાં આવી હતી.

ખરીફ ૨૦૨૪-૨૫ દરમિયાન, મંડીઓમાં ૧૭૩.૭૩ લાખ મેટ્રિક ટન ડાંગરનું આગમન થયું અને ૧૭૩.૩૩ લાખ મેટ્રિક ટન ડાંગરનું ખરીદાયું, જેનાથી કુલ ૪૦,૨૧૨.૫૬ કરોડની MSP ચુકવણી લગભગ ૮ લાખ ખેડૂતોને સીધી રીતે જમા થઈ. ખરીદી કાર્યક્ષમતા મજબૂત રહી, ૯૯.૭% થી વધુ ડાંગરનું આગમન સરકારી એજન્સીઓ દ્વારા થયું. ૨૦૨૪-૨૫ માટે કુલ ખરીદી ૨૯૭.૯૦ લાખ મેટ્રિક ટન રહી, જેમાં ૬૮,૫૫૨.૨૩ કરોડની MSP ચૂકવવામાં આવી. વર્તમાન ૨૦૨૫-૨૬ ચક્રે હવામાનમાં પરિવર્તન છતાં રાજ્યનો સરળ ખરીદીનો ટ્રેક રેકોર્ડ પણ જાળવી રાખ્યો.

### પંજાબમાં ખરીદી પ્રક્રિયાનું સફળ સંચાલન: 1,800થી વધુ કેન્દ્રો પર અવિરત કામગીરી

રાજ્ય સરકારે, પ્રભારી મંત્રી લાલ ચંદ કટારુચકના નેતૃત્વમાં, ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગ, પંજાબ મંડી બોર્ડ અને FCI સાથે મળીને, સમગ્ર સિઝન દરમિયાન અવિરત કામગીરી સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વ્યવસ્થા કરી. આમાં 1,800 થી વધુ ખરીદી કેન્દ્રો કાર્યરત કરવા, જરૂરી માનવબળની તૈનાતી, મંડીઓમાં ભેજ મીટર અને સ્વચ્છતા સુવિધાઓની જોગવાઈ અને ઉપાડ અને ચુકવણીનું વાસ્તવિક સમયનું નિરીક્ષણ શામેલ છે. ‘પંજાબ ખાદ્ય સુરક્ષાની રાષ્ટ્રીય જવાબદારી નિભાવી રહ્યું છે, સાથે સાથે ખેડૂતોને વિલંબ વિના તેમનો હક મળે તે પણ સુનિશ્ચિત કરી રહ્યું છે. MSP ની સીધી ચુકવણીએ આપણા ખેડૂતોને સશક્ત બનાવ્યા છે અને ખરીદી પ્રણાલીમાં સંપૂર્ણ પારદર્શિતા લાવી છે. ચાર વર્ષમાં, 1,286 LMT થી વધુ અનાજની આયાત કરવામાં આવી હતી અને રૂ. 2.37 લાખ કરોડ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે-તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે.

**કર્ક : ડ. હ.**

તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો.

**સિંહ : મ. ટ.**

હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। એક જૂનો મિત્ર અણધારી મુલાકાત લેશે અને ખુશીભરી યાદોને પાછી લાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે. પણ તમારે મગજ શાંત રાખી પરિસ્થિતિને તમારા અંકુશમાં રાખવાની જરૂર છે.

**તુલા : ર. ત.**

સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો.

**વૃશ્ચિક : ન. ય.**

ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો। તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા વર્તનમાં અસ્થિર થતાં નહીં-ખાસ કરીને તમારા જીવનસાથી સાથે- અન્યથા તેનાથી તમારા ઘરની શાંતિ જોખમાઈ શકે છે.

**મકર : ખ. જ.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂ આગળ વધવું નિશ્ચિત છે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરૅપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય.

**મીન : દ. ચ. ઝ. થ.**

દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશો। તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે.

## વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ લીધી મુલાકાત

# ખાંભાના ચતુરી ગામે સિંહના હુમલામાં માસૂમ બાળકનું મોત

### રેવન્યુ વિસ્તારમાંથી વન્યજીવોને ખસેડવા ગ્રામજનોની માંગ, સરકાર ટૂંક સમયમાં નવી SOP બનાવશે: વનમંત્રી

| રાકેશ પ્રજાપતિ | ખાંભા | તા.27

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ચતુરી ગામે સિંહના હુમલામાં ૫ વર્ષના માસૂમ બાળક જીયાનના કમકમાટીભર્યા મોતની ઘટના બાદ આજે ગુજરાત રાજ્યના વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ રૂબરૂ ગામની મુલાકાત લીધી હતી. વનમંત્રીએ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક આગેવાનો સાથે ઘટનાસ્થળનું જાત-નિરીક્ષણ કર્યું હતું અને પીડિત પરિવારને મળીને સાંત્વના પાઠવી હતી. આ મુલાકાત દરમિયાન વન વિભાગના વડા (PCCF) જયપાલસિંહ, સી.એફ. રામ રતન નાલા, સ્થાનિક જે.વી. કાકડીયા તેમજ પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.માસૂમ બાળકના મોતના પગલે ચતુરી ગામની બજારોમાં ભારે ગમગીની અને આક્રોશનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રામજનોએ વનમંત્રી સમક્ષ લેખિતમાં ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું હતું કે, વન વિભાગની નબળી કામગીરીને કારણે



રેવન્યુ (માનવ વસવાટવાળા) વિસ્તારમાં સિંહ-દીપડાઓનો ત્રાસ વધ્યો છે. લોકોએ વન્યજીવોને તાત્કાલિક જંગલ વિસ્તારમાં ખસેડવા માટે ખાસ ઓપરેશન ચલાવવાની માંગ કરી છે. ગામના સરપંચ કમલેશભાઈ જાનીએ જણાવ્યું હતું કે,માલધારીઓએ વનમંત્રી સમક્ષ શાંતિપૂર્ણ પણ મક્કમ રજૂઆત કરી છે કે ગીર જંગલની અંદર પશુઓ ચરાવવા માટે માલધારીઓને મંજૂરી આપવામાં આવે. આ સાથે જ સીમ-વગડામાં જતા ખેડૂતો અને માલધારીઓને પોતાની આત્મરક્ષા માટે લાકડી કે કુહાડી જેવા પરંપરાગત સાધનો રાખવાની છૂટ આપવામાં આવે.

ગ્રામજનો અને માલધારીઓની પીડા સાંભળ્યા બાદ વનમંત્રી અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી હતી. વનમંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, "સિંહ સામાન્ય રીતે માનવ પર હુમલો નથી કરતો, જેથી આ ઘટના અસ્વાભાવિક અને અત્યંત ગંભીર છે. સિંહોના બદલાતા સ્વભાવ અંગે વન વિભાગ દ્વારા ઊંડો અભ્યાસ કરવામાં આવશે. આવી દુઃખદ ઘટનાઓ ફરી ન બને તે માટે સરકાર ટૂંકાગાળાના અને લાંબાગાળાના નક્કર પગલાં ભરી રહી છે. જનતાની પીડા એ સરકારની પોતાની પીડા છે અને આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સરકાર ટૂંક સમયમાં જ નવી એસ.ઓ.પી. (SOP) તૈયાર કરશે." તંત્ર દ્વારા હાલ આ વિસ્તારમાં વન્યજીવોની અવરજવર પર કડક નજર રાખવા અને ગ્રામજનોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સ્થાનિક વન વિભાગને કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે.

## શ્રીકષ્ટભંજનદેવ દાદાને જરદોશી વર્કવાળા વાઘા અને 3000 કિલો ખલેલાનો સિંહાસને દિવ્ય શણગાર અને અન્નકૂટ ધરવાયો

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.27

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર સ્થિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે તા.૨૭-૦૬-૨૬ ને શનિવારના રોજ દાદાને જરદોશી વર્કવાળા



વાઘા ધરાવવામાં આવ્યા હતા. દાદાની સવારે ૦૫:૩૦ કલાકે દાદાની મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા ત્યારબાદ સવારે ૦૭:૦૦ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા ઉતારવામાં આવી હતી. આ સાથે જ દાદાના સમગ્ર સિંહાસનને પીળા અને લાલ ખલેલાની લૂમો વડે કલાત્મક રીતે સજાવીને ત્રણ હજાર કિલો ખલેલા (દેશી ખારેક)નો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.દાદાનો અન્નકૂટનો પ્રસાદ ભક્તોને પ્રસાદમાં આપ્યો હતો. મંદિર પરિસરમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ ભક્તિનો માહોલ જામ્યો હતો. આ દિવ્ય દર્શનનો લહાવો લેવા માટે મોટી સંખ્યામાં હરિભક્તો ધન્ય બન્યા હતા.

## ૪૧,૨૪૪ બાળકોને પોલીયોની રસી પીવડાવી રક્ષિત કરવાનું મહાઅભિયાન

| નરેન્દ્ર દવે જૂનાગઢ તા.27.

જુનાગઢ શહેરોમાં પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષના અંદાજે ૪૧,૨૪૪ બાળકોને તા.૨૮ મી જુન ૨૦૨૬ ને રવિવારના રાઉન્ડ દરમ્યાન પોલિયોના કુલ ૧૯૫ બુથ બનાવીને પોલિયોની રસી પીવડાવવામાં આવનાર છે, તેમજ છુટા છવાયા વિસ્તારોમાં રહેતા કુટુંબોના બાળકોને ૮ મોબાઈલ બુથ દ્વારા અને રેલ્વેસ્ટેશનો, એસ.ટી. સ્ટેન્ડ, મોટા મંદિરો, મેળા બજારો જેવા જાહેર સ્થળોએ ટ્રાન્ઝીસ્ટ બુથો ગોઠવીને પોલિયોની રસી પીવડાવી ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોના રોગ સામે રક્ષણ આપવા માટે પોલિયોની રસી પીવડાવવાનું માન.મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા,માન.ધારા સભ્યશ્રી સંજયભાઈ કોરડીયા,માન. કમિશનરશ્રી પ્રભવ જોશી,ડે.મેયરશ્રી આકાશભાઈ કટારા,સ્થાયી સમિતિ ચેરપર્સન શ્રીમતી પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષ નેતાશ્રી મનનભાઈ અભાણી તેમજ દંડકશ્રી કલ્પેશભાઈ અજવાણી અને આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતી ભાવનાબેન વ્યાસ માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ૧૬૮-આરોગ્ય કર્મચારી, ૭૩-આંગણવાડી કાર્યકર-હેલ્પર બહેનો,૮૮-આશા કાર્યકર બહેનો તથા ૩૩૧-નર્સિંગ સ્ટુડન્ટ મળી કુલ-૬૬૦ કર્મચારીઓની ટીમો બનાવી પોલિયો રસીકરણ અભિયાનની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરીનું સુપરવિઝન ૪૦- સુપરવાઈઝરશ્રીઓ કરશે. આ પોલિયો રસીકરણ અભિયાનનાં રાઉન્ડ માં આપના નજીકના પોલિયોના બુથ ઉપર આપના વહાલસોયા બાળકને લઈ જઈ પોલિયોની રસી અચુક પીવડાવી બાળકને પોલિયોના રોગ સામે રક્ષણ અપાવવા તમામ બાળકના માતા-પિતા, વાલીને અનુરોધ કરવામાં આવે છે. આપના બાળકને અગાઉ ગમે તેટલી વખત પોલિયો ની રસી પીવડાવેલ હોય તો પણ અને બાળક સામાન્ય બિમાર હોય તો પણ આપના બાળકને આ દિવસે ફરીથી પોલિયો ની રસી અચુક પીવડાવો, તેમજ આ ભગીરથ કાર્યમાં યોગ્ય સહકાર આપવા આરોગ્ય શાખા, મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## સ્વામી વિવેકાનંદ વિનય મંદિર, જૂનાગઢમાં પ્રવેશોત્સવ





જૂનાગઢ : જૂનાગઢની જૂનામાં જૂની સ્વામી વિવેકાનંદ વિનય મંદિરમાં ભવ્ય અને ઉત્સાહ સભર શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ તા.૨૪-૦૬-૨૦૨૬ ના રોજ યોજાઈ ગયો જેમાં મહાનગર પાલિકાના માન. કમિશ્નરશ્રી પ્રભવ જોશી ઉપસ્થિત રહ્યા હતાં અને તેમણે વિધાર્થીઓને આવકારી, શિક્ષણ પ્રત્યે રુચિ વધારવા અને મોબાઈલનાં દુષણો થી દુર રહેવા શિખ આપી હતી, અને સ્કૂલ ના પટાંગણમાં કમીશ્નરશ્રી પ્રભવ જોશી તથા અન્ય આગેવાનોએ વૃક્ષારોપણ કર્યું હતું. જ્યારે શાળાના પ્રિન્સીપાલશ્રી કેતનભાઈ રવૈયા એ નવા વિધાર્થીઓને આવકાર્યા હતાં, આ સમયે શાળાના શિક્ષકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આભાર વીધી ધરમાંગનાબેન ડી.જોશી એ કરી હતી,

### રાજયભરના ખેડૂતો માટે પ્રેરણાસ્તોત્ર નવીનતમ ખેતી

## નોંઘણવદરના ખેડૂતે પોતાના ઘરે જ કેસરની ખેતી કરી સફળતા મેળવી



ભાવનગર : પાલિતાણા તાલુકાના નોઘણવદર ગામના પ્રગતિશીલ યુવા ખેડૂતએ વાઈ-ફાઈ કંટ્રોલ્ડ ઈન્ડોર અને હાઈટેક પદ્ધતિ (એરોપોનિક) દ્વારા સફળતાપૂર્વક કેસરની ખેતી કરી છે. સામાન્ય રીતે ઠંડા પ્રદેશોમાં થતું કાશ્મીરી કેસર તેઓએ મહામહેનતે તેમના ઘરમાં જ ઓર્ગેનિક પદ્ધતિથી ઉગાડીને કૃષિ ક્ષેત્રે એક તદ્દન નવો ચીલો ચાતર્યો છે. શરૂઆતના પ્રથમ તબક્કામાં તેઓએ ૮૦ ગ્રામ કેસરનું ઉત્પાદન મેળવ્યુ હતુ.

કેસરની ખેતીનું નામ આવે ત્યારે સૌ કોઈ સર્વપ્રથમ કાશ્મીરને યાદ કરતા હોય છે પરંતુ હવે પાલિતાણા તાલુકામાં ઘણા સમયથી ખેતીના વ્યવસાયની સાથે સંકળાયેલા એક યુવા ખેડૂતે સતત મહેનત, ટેકનોલોજી અને નવીન વિચારસરણીના આધારે કેસરની ખેતી કરીને સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું છે. નોઘણવદરના ખેડૂત સાવનભાઈ ભડીયાદરાએ પરંપરાગત ખેતીમાંથી આગળ વધીને કેસરની હાઈટેક ખેતી અપનાવી સફળતાની એક તદ્દન નવી દિશા ઊભી કરી છે.દિલ્હી અને નોઈડાની મુલાકાત, ઓનલાઈન તાલીમ અને કેસરની ખેતી કરતા ખેડૂતો સાથે વિચાર વિર્મશ બાદ તેઓએ કેસરની ખેતી શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. કેસરની ખેતી માટે સૌથી મહત્વપૂર્ણ બાબત નિયંત્રિત તાપમાન હોવાથી સાવનભાઈએ ૧૩ બાય ૧૨ ફૂટનો અત્યાધુનિક કોલ્ડ રૂમ તૈયાર કર્યો હતો. પ્રતિ વર્ષે ઓકટોબરથી ડિસેમ્બરમાં છોડમાં ફૂલ આવે છે. કંદ ટ્રાન્સપ્લાન્ટ કરીને તેની ખેતી કરાય છે.તેના કદ ડુંગળી કે લસણની સાઈઝ જેવા હોય છે.એક ફૂલમાંથી કેસના માત્ર ત્રણેક દોરા જ મેળવી શકાય છે.પ્રારંભિક તબકકામાં થોડુ ઓછુ કેસરનું ઉત્પાદન થયુ છે. ભવિષ્યમાં સારુ વળતર આપશે તેવી સાવનભાઈએ આશા સેવી છે. સોશ્યલ મિડીયામાંથી જાણવા મળ્યા મુજબ ઓટોમોબાઈલ ડિપ્લોમાનો અભ્યાસક્રમ પૂર્ણ કરનાર ૩૫ વર્ષીય સાવનભાઈ ભડીયાદ્રાએ આ અંગે દિલ્હી નોઈડામાંથી કેસરની ખેતી અંગેના ઓનલાઈન કલાસ પણ એટેન્ડ કર્યા હતા. પરંપરાગત ખેતીકામ સાથે સંકળયાયેલા વડીલોએ તેમને કેસરની ખેતીના વિકાસ કરવા અંગે પ્રોત્સાહિત કર્યા હતા.

# ગોરેવાલી ગામે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી

| જગદીશ પી દવે |દેશલપર (ગુંતલી)

ગોરેવાલી ગામે શ્રી ગોરેવાલી ગ્રુપ શાળા તથા ગોરેવાલી શાળા નંબર-2 ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2026ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભૂજ સ્થિત લેન્ડ્સ એન્ડ સર્વે રેકોર્ડ કચેરીના સુપરિન્ટેન્ડન્ટ શ્રી જે. એન. ભોરાણિયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે એસ.એમ.સી. અધ્યક્ષ તથા ઉપસરપંચ શ્રી અમીરઅલી મુતવા, ન્યાય સમિતિના ચેરમેન શ્રી વિરાભાઈ મારવાડા, બન્નીના પ્રવક્તા અને સામાજિક અગ્રણી શ્રી ઈશાભાઈ મેરાણ મુતવા, હાફિઝ મમતાઝ મુતવા, રાષ્ટ્રીય માલધારી સંગઠનના મંત્રી શ્રી ઈમરાનખાન મુતવા, શ્રી માજિદ મુતવા, પૂર્વ સરપંચ શ્રી જેમલ રાણા, શ્રી કરમણભાઈ,



હાફિઝ મુતવા, સી.આર.સી. સંકલનકાર, બંને શાળાના આચાર્યો, શિક્ષકગણ, વાલીઓ, ગ્રામજનો તથા વડીલો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે એગ્રોસેલ ફાઉન્ડેશનના સહયોગથી વિદ્યાર્થીઓને શિક્ષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ફાઉન્ડેશન તરફથી શ્રી ફતેમામદભાઈ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ અંગે હાજીપીર વિસ્તારના ડૉ. ઉમેશભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે, "શાળા પ્રવેશોત્સવ માત્ર એક સરકારી કાર્યક્રમ નથી, પરંતુ દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો સંકલ્પ છે. સમાજ, વાલીઓ અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસોથી જ શિક્ષણનું સ્તર વધુ મજબૂત બની શકે છે. આવા કાર્યક્રમો બાળકોમાં શિક્ષણ પ્રત્યે ઉત્સાહ વધારવાની સાથે સમાજમાં શિક્ષણ અંગે જાગૃતિ લાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે."કાર્યક્રમના અંતે ઉપસરપંચ શ્રી અમીરઅલી મુતવાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ મહેમાનો, શિક્ષકો, વાલીઓ, ગ્રામજનો તેમજ એગ્રોસેલ ફાઉન્ડેશનનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને પ્રેરણાદાયી વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

### વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત કુલ ૧૬ ભરતી મેળામાં ૧૧૦૬ ઉમેદવારને નોકરીની તક

ભાવનગર : ભાવનગર ખાતે કાર્યરત વિવિધ ગુરૂપ જેવા કે કોમ્પ્યુટર, મિકેનિકલ, સીવિલ, ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રીકલ, આઈટી, ફેબ્રિકેશનમાં તાલીમ કાર્યરત છે. જેમાં વર્ષ ૨૦૨૫-૨૬માં રોજગારી અને એપ્રેન્ટીસશીપ અર્થે ૧૬ ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. ભાવનગર તથા ગુજરાતની નામાંકિત કંપનીઓ જેવી કે મારૂતિ સુઝુકી, એલ એંડ ટી, ગ્લોબલ સીએનસી, રિલાયન્સ સોલાર, ઝાયડસ ગુરૂપ, નેસ્લે, સ્કાપ્સ, હીરો મોટો કોર્પ, કેરીસિલ, આઈ ટેક પ્લાસ્ટ, આઈપીસીએલ, તંબોલી કાસ્ટિંગ લી., મધુસિલીકા ગ્રઉપ ઓફ કંપનીસ, નીરમા, સ્ટીલ કાસ્ટ, સુમીટોમો, પાર ડ્રગ્સ, મોંડેસ્ટ, કેપકો, એગ્રોસેલ, તથા વિવિધ નિગમ જેવા કે જીએમબી, બીએમસી, ઈરીગેશન, જીએમડીસી જેવી કંપનીઓએ ભાગ લીધેલ હતો. જેમાં આઈટીઆઈ ખાતે તાલીમ મેળવી ઉતિર્ણ થયેલ હોઈ તેવા ૩૪૩ ઉમેદવારોએ રોજગારી મેળવેલ તથા વિવિધ એકમો ખાતે એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત ૭૬૩ ઉમેદવારોની પસંદગી થયેલ.

## ભીમ અગિયારસ નિમિત્તે સોમનાથ મહાદેવને અર્પણ કરાયેલી ૨૫૦૦ કિલો કેસર કેરીનું આંગણવાડીઓમાં વિતરણ

| નરેન્દ્ર દવે | સોમનાથ, 27

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાંનિધ્યમાં દેશ-વિદેશ ના ભક્તો દ્વારા અનેકવિધ પ્રસાદ અને મનોરથ અર્પણ કરવામાં આવે છે.પરંપરાગત રીતે, પ્રતિવર્ષ ભીમ અગિયારસ (જેઠ સુદ એકાદશી) ના પવિત્ર અવસરે સોમનાથ દાદાને ફળોના રાજા ગણાતી કેસર કેરીનો ભવ્ય શૃંગાર કરવામાં આવે છે. આ વર્ષે પણ મહાદેવના ચરણોમાં ૨૫૦૦ કિલોથી વધુ કેસર કેરીનો મનોરથ ધરાવવામાં આવ્યો હતો. ધર્મ અને ભક્તિના કાર્યોની સાથે સમાજ ઉત્કર્ષને વરેલા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ તમામ કેરીઓને પ્રસાદ સ્વરૂપે ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી વેરાવળ તાલુકાની વિવિધ આંગણવાડીઓ માં વિતરિત કરવામાં આવી છે. મહાદેવનો આ પવિત્ર પ્રસાદ હજારો નાના બાળકો સુધી પહોંચાડીને ટ્રસ્ટે ભક્તિ અને માનવતાના સુભગ સમન્વયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં હંમેશાં અગ્રેસર રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા બાળકોના સુપોષણની દિશામાં અનેકવિધ લોક ઉપયોગી કાર્યો થઈ રહ્યા છે. જે અંતર્ગત વાર્ષિક રૂ. ૧ કરોડના ખર્ચે 'સુપોષણ પ્રસાદ' યોજના ચલાવવામાં આવે છે, જેમાં આંગણવાડીનાં બાળકોને દરરોજ સોમનાથ દાદાના લાડુનો પ્રસાદ વિતરણ કરવામાં આવે છે.આ જ સેવાકીય શ્રૃંખલાને આગળ વધારતા, પ્રત્યેક કેરીની સિઝનમાં આંગણવાડીનાં ભૂલકાંઓને કેસર કેરીનું વિતરણ કરી, શ્રી સોમનાથ ટ્રસ્ટ મહાદેવની અસીમ કૃપા અને પ્રસાદને સુપોષિત બાળ અભિયાન હેઠળ આંગણવાડીના ભૂલકાઓ સુધી પહોંચાડવા કટિબદ્ધ છે.

### ધર્મ સાર

## લખપતના ઐતિહાસિક હાટકેશ્વર મહાદેવ મંદિરે પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતાએ કર્યા દર્શન



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ઐતિહાસિક લખપત કિલ્લાની પવિત્ર ધરા પર બિરાજમાન શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરે પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતાએ દર્શન કરી ભગવાન શિવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે તેમણે મંદિરના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

પંકજ મહેતાએ જણાવ્યું હતું કે શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિર સદીઓથી ભક્તોની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. એક સમયે ધમધમતા આંતરરાષ્ટ્રીય બંદર તરીકે પ્રસિદ્ધ રહેલા લખપતના ઈતિહાસ અને સંસ્કૃતિને આ મંદિર આજે પણ જીવંત રાખી રહ્યું છે. સરહદના સંત્રી સમાન લખપત કિલ્લાની મધ્યમાં આવેલ આ શિવાલયમાં નતમસ્તક થઈને પરમ શાંતિની અનુભૂતિ થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

તેમણે દેવાધિદેવ મહાદેવના આશીર્વાદ સૌ પર સદાય વરસતા રહે તેવી પ્રાર્થના વ્યક્ત કરી હતી અને "હર હર મહાદેવ"ના જયઘોષ સાથે પોતાની લાગણી વ્યક્ત કરી હતી.આ અંગે માહિતી આપતા જગદીશચંદ્ર છાયાએ જણાવ્યું હતું કે પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતાની આ મુલાકાતે લખપતના ઐતિહાસિક અને ધાર્મિક વારસાને નવી ઓળખ અપાવવાનું કાર્ય કર્યું છે. મંદિરની મુલાકાત દરમિયાન સ્થાનિક આગેવાનો અને ભક્તજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### વન તંત્રને જાણ થતા તત્કાલ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી .....

# બગસરાના હમાપુર ગામ પાસે રેવન્યુ વિસ્તારમાં સિંહબાળનું મોત નિપજ્યું .....

| અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરા તાલુકાના હમાપુર ગામે રેવન્યુ વિસ્તારમાં એક સિંહ બાળનું મોત થયેલ હોય તેવી માહિતી મળતા વન વિભાગના નાયબ વન સરક્ષણ અધિકારી અમરેલીના માર્ગ દર્શન હેઠળ રેવન્યુ વાડી વિસ્તાર હમાપુર ગામે બીટ વન રક્ષક અધિકારીના ફેરણા દરમિયાન જાણ થતાં આ બાબતની જાણ થતા વન વિભાગ તત્કાલ ઘટના સ્થળ ઉપર પહોંચતા સિંહ બાળનો મૃત દેહ જોવા મળ્યો જ્યારે આ સિંહ બાળનું મુત્યુ આશરે એક કે બે દિવસ પહેલા થયેલ હોવાનું જાણવા મળેલ આ સિંહ બાળના મૃત દેહને વન વિભાગ દ્વારા ધારી એનિમલ કેર સેન્ટર ખાતે પી.એમ.અર્થે ખસેડવામાં આવ્યું ત્યાર બાદ તમામ સ્ટાફની હાજરીમાં અગ્નિદાહ આપવામાં આવ્યો જ્યારે આ સિંહ બાળનું મુત્યુનું કારણ પી. એમ.બાદ જાણવા મળ્યું હતું કે કુદરતી નેસર્ગીક






વન તંત્ર દ્વારા સિંહ બાળના મુતદેહને ધારી એનિમલ કેર સેન્ટરમાં પી એમ અર્થે ખસેડવામાં આવ્યો

કારણોસર મુત્યુ થયેલ હોવાનું જાણવા મળ્યું આ ઘટના જાણ થતા ડી.સી.એફ. ડી.એસ ભારાઈ, મેડમ અને એ.સી.એફ. ડો. રાજન જાદવ, આર.એફ.ઓ. જે. એન. વાળા, વન રક્ષક ભુવા, વન રક્ષક મનીષ, વન રક્ષક એ. ડી. વાળા, ટ્રેકર ફિરોઝ તેમજ રેન્જનો તમામ સ્ટાફ ખડે પગે રહી આ સિંહ બાળના મૃતદેહને પી.એમ.સેન્ટર થી લઈ જ્યાં સુધી રિપોર્ટ ના આવ્યા ત્યાં સુધી ખડે પગે રહી અગ્નિદાહ આપવામાં આવ્યો ખરેખર આ કામગીરીમા સામાજિક વનીકરણ વિભાગ અમરેલી દ્વારા સારી કરવામાં આવેલ

### રાજપરા ગામે હૃદયદ્રાવક ઘટના

## માતાનું ચાર માસની બાળકી સાથે અગ્નિસ્નાન

તળાજા : ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં આવેલા રાજપરા (જૂના) ગામેથી હૃદયદ્રાવક અને અરેરાટી ઉપજાવતી ઘટના સામે આવી છે. અહીં એક શ્રમિક પરિવારની પરિણીતાએ પોતાની માત્ર ચાર મહિનાની વ્હાલસોયી દીકરી સાથે અગ્નિસ્નાન કરી લેતા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે દાઝી ગયેલા માતા અને પુત્રી બંનેને તત્કાલ હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ સારવાર દરમિયાન બન્નેના મોત નિપજ્યા હતા.બનાવ અંગે પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, તળાજાના જૂના રાજપરા ગામે રહેતા અરવિંદભાઈ નાથાભાઈ ભાલિયાના પત્નિ દક્ષાબેન (ઉં.વ.૨૬) એ આજે સવારે આશરે ૮.૩૦ વાગ્યાના સુમારે પોતાની બે પુત્રીઓ પૈકીની નાની ૪ માસની દીકરી ત્રીશાને સાથે રાખીને શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટી અગ્નિસ્નાન કરી લીધું હતું. આ ઘટના બની ત્યારે તેમના પતિ અરવિંદભાઈ ઘરની બહાર શેરીમાં બેઠા હતા, જ્યારે તેમના સાસુ નજીકમાં જ એક મરણોત્તર વિધિમાં ગયા હતા. ઘટનાને પગલે ગંભીર હાલતમાં માતા-પુત્રીને તાત્કાલિક ભાવનગર ખાતે વધુ સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન બંનેએ અંતિમ શ્વાસ લીધા હતા. મૃતક દક્ષાબેનનું પિયર ગોપનાથ છે, પરંતુ તેમનો પરિવાર લાંબા સમયથી રાજપરા ગામમાં જ સ્થાયી થયેલો હોવાથી ગામમાં જ તેમનું સાસરું અને પિયર હતા. આ કરુણ ઘટના મામલે મહિલાના મોસાળ પક્ષ કે પિયર પક્ષના લોકો દ્વારા કોઈ પણ પ્રકારના આક્ષેપો કરવામાં આવ્યા નથી.

### ઈલેક્ટ્રિક કાર બેટરીની કિંમત રૂ. ૮,૦૦૦ થી રૂા. ૨૫,૦૦૦ સુધીનો વધારો થવાની શક્યતા

# બેટરી રિસાયક્લિંગના નવા નિયમોથી ઈલેક્ટ્રિક કાર 5 ટકા સુધી મોંઘી થશે

અમદાવાદ: સિયામ સંસ્થાએ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જણાવ્યું છે કે, સરકારી બેટરી રિસાયક્લિંગ નિયમોને કારણે ઈલેક્ટ્રિક વાહનો (EV)ના ભાવમાં 3 થી 5%નો વધારો થઈ શકે છે. આ નિયમોને લીધે ઈલેક્ટ્રિક કારની બેટરીની કિંમતમાં 8,000 થી 25,000 રૂપિયાનો વધારો થવાની શક્યતા છે, જે EV વેચાણને પ્રતિકૂળ અસર કરી શકે છે. સિયામે નિયમો સરળ બનાવવાની રજૂઆત કરી છે.વાહન ઉત્પાદકોના સંગઠન સિયામ એ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જણાવ્યું છે કે સરકારી નિયમો હેઠળ નિર્ધારિત બેટરી રિસાયક્લિંગ લક્ષ્યો ઈલેક્ટ્રિક વાહન (ઈવી)ના ભાવમાં ૩ થી ૫% વધારો કરી શકે છે. સિયામ એ એમ પણ જણાવ્યું હતું કે આ મુદ્દે ભારતમાં ઈવી વેચાણ પર પ્રતિકૂળ અસર કરી શકે છે.ગયા નવેમ્બરમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલેલા પત્રમાં, સિયામ એ જણાવ્યું હતું કે બેટરી રિસાયક્લિંગ



નિયમો હેઠળ, ઈવી ઉત્પાદકોએ ફક્ત આઠ વર્ષના ઉપયોગ પછી ૭૦% બેટરી એકત્રિત કરવાની જરૂર પડશે, જોકે ઈલેક્ટ્રિક કારમાં વપરાતી લિથિયમ આયર્ન ફોસ્ફેટ બેટરીનું આયુષ્ય ઘણું લાંબુ હોય છે.સિયામના મતે, વર્તમાન નિયમો સરેરાશ ૩૫-૪૦ કિલોવોટ-કલાકની ઈલેક્ટ્રિક કાર બેટરીની કિંમત ?રૂ. ૮,૦૦૦ થી ?૨૫,૦૦૦ સુધી વધારી શકે છે. આમાં બેટરી સંગ્રહ, સંગ્રહ, હેન્ડલિંગ અને ઓળખ પ્રણાલીનો ખર્ચ શામેલ નથી. સિયામે બેટરી રિસાયક્લિંગ નિયમોને સરળ બનાવવા માટે પણ રજૂઆત કરી છે.

વર્તમાન નિયમો ચોક્કસ ધાતુઓ માટે પુન:પ્રાપ્તિ લક્ષ્યો નક્કી કરે છે પરંતુ રિસાયક્લિંગ દરમિયાન થતા નુકસાન અને બેટરીના વિવિધ ઘટકોનો પૂરતો હિસાબ આપતા નથી.ઉદ્યોગ સંસ્થાએ જણાવ્યું હતું કે આ પુન:પ્રાપ્તિપાત્ર ધાતુઓની ઉપલબ્ધતા અને ઉત્પાદકો પર લાદવામાં આવતી જવાબદારીઓ વચ્ચે અસંતુલન પેદા કરી શકે છે.બેટરી વેસ્ટ મેનેજમેન્ટ નિયમો હેઠળ, વાહન ઉત્પાદકો, બેટરી ઉત્પાદકો, આયાતકારો અને બ્રાન્ડ માલિકો સહિત તમામ ઉત્પાદકોએ ખાતરી કરવી આવશ્યક છે કે બેટરી એકત્રિત કરવામાં આવે છે અને વિસ્તૃત ઉત્પાદક જવાબદારી માળખા હેઠળ સમારકામ અથવા રિસાયક્લિંગ માટે મોકલવામાં આવે છે.

## કોમર્શિયલ વાહન ઉદ્યોગમાં નાણાકીય વર્ષ ૨૭માં સામાન્ય વૃદ્ધિની શક્યતા

નવી દિલ્હી: ભારતીય કોમર્શિયલ વાહન ઉદ્યોગ માટે આગામી નાણાકીય વર્ષ ૨૦૨૭માં મધ્યમ ગતિની વૃદ્ધિ જોવા મળી શકે છે. રેટિંગ એજન્સીના એક તાજેતરના અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬માં નોંધાયેલા મજબૂત પ્રદર્શન બાદ, હવે વૃદ્ધિનો દર સામાન્ય થવાની શક્યતા છે. આ ઉદ્યોગમાં હોલસેલ વોલ્યુમમાં ૪ થી ૬ ટકાની વૃદ્ધિ થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.મીડિયમ અને હેવી કોમર્શિયલ વ્હિકલ (M&HCV) ટ્રક સેગમેન્ટમાં ૧ થી ૩ ટકાની વૃદ્ધિ થવાની ધારણા છે. બીજી તરફ, લાઈટ કોમર્શિયલ વ્હિકલ (LCV) ટ્રક સેગમેન્ટમાં ૬ થી ૮ ટકા અને બસ સેગમેન્ટમાં સૌથી વધુ ૭ થી ૯ ટકા વૃદ્ધિ થવાની શક્યતા દર્શાવવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬નો મજબૂત આધાર હોવાથી, આગામી વર્ષે વૃદ્ધિના વેગ પર તેની અસર જોવા મળી શકે છે.મે ૨૦૨૬માં ઘરેલું કોમર્શિયલ વાહનોના હોલસેલ વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૧૩.૫ ટકાનો વધારો થયો હતો, જ્યારે રિટેલ વેચાણમાં ૫.૩ ટકાનો વધારો નોંધાયો હતો. આ વૃદ્ધિ પાછળ જીએસટી દરોમાં ઘટાડો અને અનુકૂળ બેઝ ઈફેક્ટ મુખ્ય કારણો માનવામાં આવે



છે. જોકે, એપ્રિલની સરખામણીમાં મે મહિનામાં હોલસેલ વોલ્યુમમાં ૧.૧ ટકા અને રિટેલ વેચાણમાં ૧૮.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આમ છતાં, નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ બે મહિનામાં હોલસેલ વેચાણ વાર્ષિક ધોરણે ૧૫ ટકા જેટલું ઊંચું રહ્યું છે.

બજારના નિષ્ણાતોએ નોંધ્યું છે કે કોમર્શિયલ વાહનોની રિટેલ માંગ ભૌગોલિક રીતે વ્યાપક બની છે. ખાસ કરીને ગ્રામીણ બજારોમાં શહેરી બજારોની તુલનામાં વધુ વૃદ્ધિ જોવા મળી છે, જે મેટ્રો શહેરોની બહાર માલસામાનની હેરફેર માટેની વધતી માંગ સૂચવે છે. એલસીવી સેગમેન્ટમાં જીએસટીના દરોમાં રાહત અને લાસ્ટ-માઈલ ફ્રેઈટ મૂવમેન્ટમાં સુધારાને કારણે રિટેલ વેચાણમાં ૭.૭ ટકાનો વધારો થયો છે.બીજી તરફ, ઉદ્યોગ સામે કેટલાક પડકારો પણ છે. હેવી કોમર્શિયલ વાહનો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને સ્કૂલ બસની માંગ મદદરૂપ સાબિત થઈ છે.

**News Brief**

### ઓપનએઆઈએ પ્રભજીત સિંહને ભારતના એમડી તરીકે નિમણૂક કરી

નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રની દિગ્ગજ કંપની ઓપનએઆઈએ ભારતમાં પોતાની પકડ મજબૂત કરવાના ભાગરૂપે બે મોટા નિર્ણયો લીધા છે. કંપનીએ પૂર્વ ઉબેર ઈન્ડિયા હેડ પ્રભજીત સિંહને ભારતના મેનેજિંગ ડિરેક્ટર (MD) તરીકે નિયુક્ત કર્યા છે. આ સાથે જ કંપનીએ તેનું નવું મોડલ 'જીપીટી-૫.૬ સોલ' (GPT-5.6 Sol) લોન્ચ કર્યું છે, જે અત્યાર સુધીનું સૌથી સુરક્ષિત મોડલ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.પ્રભજીત સિંહ ઓપનએઆઈના ભારતમાં સૌથી વરિષ્ઠ નેતા હશે. તેમની જવાબદારીમાં ભારતમાં ગ્રાહક વૃદ્ધિ, એન્ટરપ્રાઈઝ એડોપ્શન અને વિવિધ વ્યૂહાત્મક ભાગીદારીનો સમાવેશ થાય છે. ભારત વિશ્વના સૌથી મોટા ડિજિટલ બજારોમાંનું એક હોવાથી, ઓપનએઆઈ માટે અહીંના સ્ટાર્ટઅપ્સ, મોટી કંપનીઓ અને સરકારી કૌશલ્ય પહેલો સાથે જોડાવું ખૂબ જ મહત્વપૂર્ણ બની ગયું છે. પ્રભજીત સિંહનો ઉબેર ઈન્ડિયા સાથેનો અનુભવ, જેમાં તેમણે નિયમનકારી જટિલતાઓ અને મોટા પાયે ગ્રાહક આધાર સાથે કામ કર્યું હતું, તે ઓપનએઆઈ માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે.નવા જીપીટી-૫.૬ સોલ મોડલને લોન્ચ કરતા કંપનીએ સુરક્ષાને સર્વોપરી ગણાવી છે. મીડિયા અહેવાલ મુજબ, આ મોડલને હાઈ-રિસ્ક સાયબર પ્રવૃત્તિઓ અને દુરુપયોગને રોકવા માટે વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. ઓપનએઆઈએ જણાવ્યું હતું કે, આ સિસ્ટમને મજબૂત કરવા માટે કંપનીએ હજારો કલાકોનું ઓટોમેટેડ ટેસ્ટિંગ અને હ્યુમન રેડ ટીમિંગ કર્યું છે. આ મોડલનો મુખ્ય ઉદ્દેશ્ય જેલબ્રેક્સ, માલવેર જનરેશન અને મોટા પાયે થતા દુરુપયોગને અટકાવવાનો છે.

### કેનેડા સહિત નવા બજારોમાં લાઈસન્સ મેળવીને ક્રોસ-બોર્ડર વ્યવસાયોનો વિસ્તાર

# ભારતીય ફિનટેક કંપનીઓનું વૈશ્વિક સ્તરે મોટાપાયે વિસ્તરણ

(એજન્સી) અમદાવાદ | તા.27

ભારતીય ફિનટેક કંપનીઓ હવે કેનેડા સહિત નવા બજારોમાં લાઈસન્સ મેળવીને ક્રોસ-બોર્ડર વ્યવસાયોનો વિસ્તાર કરી રહી છે. સ્કાયડોએ કેનેડામાં પેમેન્ટ લાઈસન્સ મેળવ્યું છે, જે ભારત બહાર તેનું પ્રથમ લાઈસન્સ પ્રાપ્ત બજાર બન્યું છે. રેઝરપે, કેશફ્રી પેમેન્ટ્સ જેવી કંપનીઓ પણ વૈશ્વિક વિસ્તરણ કરી રહી છે, જે ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારતીય દબદબો વધારશે.




ભારતીય ફિનટેક કંપનીઓ વિશ્વના કેટલાક સૌથી ઝડપથી વિકસતા બજારોમાં લાઈસન્સ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ કંપનીઓ ડિજિટલ પેમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કરવા માટે તેમના હાલના વ્યવસાયોને સરહદો પાર વિસ્તૃત કરવા માંગે છે.ઉત્તર અમેરિકા, પશ્ચિમ એશિયા અને દક્ષિણપૂર્વ એશિયા જેવા બજારોમાં હાજરી સ્થાપિત કરીને, કંપનીઓ આ બજારોમાં સીધા સંચાલન કરવા, તેમના હાલના ક્રોસ-બોર્ડર કામગીરીને વિસ્તૃત કરવા અને બહુવિધ દેશોમાં તેમની હાજરી વધારવા પર દાવ લગાવી રહી છે. આ એક વ્યૂહરચના છે જે સ્ટ્રાઈપ અને પેપાલ જેવા વૈશ્વિક ચુકવણી જાયન્ટ્સ દ્વારા લાંબા સમયથી અપનાવવામાં આવી છે.

ક્રોસ-બોર્ડર ફિનટેક કંપની, સ્કાયડોએ જાહેરાત કરી કે તેણે કેનેડામાં ચુકવણી લાઈસન્સ મેળવ્યું છે, જેનાથી આ ઉત્તર અમેરિકન દેશ ભારતની બહાર તેનું પ્રથમ લાઈસન્સ પ્રાપ્ત બજાર બન્યો છે. રેઝરપે, કેશફ્રી પેમેન્ટ્સ, સ્કાયડો, એક્સફ્લો અને બ્રિસ્કપે જેવી ક્રોસ-બોર્ડર ફિનટેક કંપનીઓ ભારતીય રિઝર્વ બેંક (RBI) નું પેમેન્ટ એગ્રીગેટર-ક્રોસ-બોર્ડર (PA-CB) લાઈસન્સ ધરાવતી કંપનીઓમાં શામેલ છે. વિવિધ દેશો સાથે ભારતે કરેલા મુક્ત વેપાર કરારના કારણે પણ ભારતીય ફિનટેક કંપનીઓનું વજન વધ્યું છે.

## રિલાયન્સ જિયોનું ટેલિકોમ ક્ષેત્રે વર્ચસ્વ સતત યથાવત

નવી દિલ્હી: ભારતીય ટેલિકોમ ક્ષેત્રમાં રિલાયન્સ જિયોએ પોતાની પકડ વધુ મજબૂત બનાવી છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) ના તાજેતરના અહેવાલ મુજબ, મે ૨૦૨૬માં જિયોએ વાયરલેસ, વાયરલાઈન અને ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ (FWA) જેવા તમામ મહત્વપૂર્ણ સેગમેન્ટમાં પોતાની લીડરશીપ જાળવી રાખી છે.માર્કેટના આંકડા દર્શાવે છે કે જિયોએ વાયરલેસ સેગમેન્ટમાં નેટ એડિશનની બાબતમાં હરીફ કંપનીઓ કરતા ૧.૩ ગણી વધુ સફળતા મેળવી છે. કંપનીનો માર્કેટ શેર વાર્ષિક ધોરણે ૬૨ બેઝિસ પોઈન્ટ વધીને ૪૧.૬ ટકા પર પહોંચ્યો છે. આ ઉપરાંત, વિઝિટર લોકેશન રજીસ્ટર (VLR) સેગમેન્ટમાં જિયોનો કસ્ટમર માર્કેટ શેર ૪૪.૨ ટકા રહ્યો છે, જેમાં વાર્ષિક ધોરણે ૧૩૨ બેઝિસ પોઈન્ટનો સૌથી મોટો વધારો જોવા મળ્યો છે.

મે ૨૦૨૬માં ભારતના ટેલિકોમ જગત માટે એક રસપ્રદ ચિત્ર સામે આવ્યું છે. જિયો એકમાત્ર એવી ટેલિકોમ ઓપરેટર રહી છે જેણે આ મહિના દરમિયાન પોઝિટિવ નેટ સબ્સ્ક્રાઈબર એડિશન નોંધાવ્યું હોય. કંપનીએ એક જ મહિનામાં ૨૩ લાખ નવા ગ્રાહકો ઉમેર્યા છે, જ્યારે અન્ય ઓપરેટરો કાં તો ધીમી વૃદ્ધિ અથવા ઘટાડાનો સામનો કરી રહ્યા હતા.વાયરલાઈન માર્કેટમાં પણ જિયો અજેય સાબિત થઈ રહી છે. કંપનીએ પોતાના નજીકના હરીફ કરતા ૮.૨ ગણા વધુ નવા ગ્રાહકો ઉમેર્યા છે. આ વૃદ્ધિમાં 'જિયો એરફાઈબર' (FWA) નું યોગદાન મોટું છે, જેના દ્વારા મે મહિનામાં જ ૪ લાખ નવા ગ્રાહકો જોડાયા છે. હાલમાં દેશના FWA માર્કેટમાં જિયોનો અંદાજિત હિસ્સો ૭૮.૪ ટકા છે.કંપનીના આંકડા મુજબ, મે ૨૦૨૬ના અંત સુધીમાં જિયો પાસે કુલ ૪૭,૩૨,૭૦૩ અનલાઈસન્સ્ડ બેન્ડ રેડિયો (UBR) ફિક્સ્ડ વાયરલેસ સબ્સ્ક્રાઈબર્સ હતા, જે એપ્રિલ ૨૦૨૬ની સરખામણીમાં ૫.૦૫ ટકાની માસિક વૃદ્ધિ દર્શાવે છે. વધુમાં, ૫જી ફિક્સ્ડ વાયરલેસ સેગમેન્ટમાં પણ કંપનીએ પ્રભુત્વ જમાવ્યું છે

### તોતિંગ કડાકો

## સોના ચાંદીના ભાવમાં જૂન મહિનામાં મોટો કડાકો બોલાયો



અમદાવાદ: જૂન ૨૦૨૬ના આખા મહિના દરમિયાન સોના અને ચાંદીના બજારમાં એક ઐતિહાસિક અને ચોંકાવનારો બદલાવ જોવા મળ્યો છે. જે રોકાણકારોએ ગયા મહિને સોનું કે ચાંદી ખરીદ્યા હતા, તેમને આ મહિનાના અંત સુધીમાં આર્થિક મોરચે મોટો આંચકો લાગ્યો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ ૧૭,૦૦૦ રૂપિયાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે, જ્યારે ચાંદીના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૫૧,૦૦૦ રૂપિયાનો મોટો કડાકો બોલાતા બજારમાં ખળભળાટ મચી ગયો છે. ૨૯ મે થી જૂન મહિનાના અંત સુધીમાં સોનાના ભાવમાં ૧૦.૩૬ ટકાનો ઘટાડો થયો છે. ચાંદીની સ્થિતિ વધુ ગંભીર છે, જેમાં ૧૮.૫૬ ટકાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. વૈશ્વિક બજાર પર નજર નાખીએ તો, જાન્યુઆરી ૨૦૨૬માં પોતાની ટોચની સપાટીએ રહેલું સોનું અત્યાર સુધીમાં ૨૯ ટકા તૂટીને ૪,૦૦૦ ડોલરની નીચે સરકી ગયું છે. તેવી જ રીતે, ચાંદીમાં પણ ૫૦ ટકાથી વધુનું ધોવાણ થયું છે અને તે હાલ ૫૭ ડોલર પ્રતિ ઔંસના સ્તરે ટ્રેડ થઈ રહી છે. આ ઘટાડો રોકાણકારો માટે અનપેક્ષિત રહ્યો છે. આ કડાકા પાછળનું સૌથી મોટું કારણ ઈરાન અને અમેરિકા વચ્ચેનું યુદ્ધવિરામ છે. યુદ્ધના ભણકારા જ્યારે વાગતા હતા ત્યારે સોનાને સલામત રોકાણ ગણવામાં આવતું હતું, પરંતુ શાંતિ વાર્તા શરૂ થતા જ બજારમાં સેન્ટિમેન્ટ બદલાઈ ગયું છે. બીજી તરફ, યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વોર્શે વ્યાજદરમાં વધારો કરવાના આપેલા સંકેતોએ આગમાં ઘી હોમવાનું કામ કર્યું છે. જ્યારે વ્યાજદરમાં વધારો થાય, ત્યારે સામાન્ય રીતે સોના જેવી બિન-વ્યાજ આપતી સંપત્તિઓ પ્રત્યે રોકાણકારોનો રસ ઘટતો હોય છે.બજારના નિષ્ણાતો માને છે કે ઉપલા સ્તરેથી રોકાણકારોએ ભારે પ્રોફિટ બુકિંગ કર્યું છે. જે લોકોએ લાંબા સમયથી સોનામાં રોકાણ કરી રાખ્યું હતું, તેમણે હવે પોતાનું નાણું સુરક્ષિત કરવા માટે વેચવાલી શરૂ કરી દીધી છે. રોકાણકારો હવે સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાંથી નાણું પાછું ખેંચીને શેરબજાર તરફ વળ્યા છે. રોકાણકારોને શેરબજારમાં વધુ સારું વળતર મળવાની આશા હોવાથી, કિંમતી ધાતુઓની માંગમાં ઘટાડો જોવા મળ્યો છે.હાલમાં ભાવ તળિયે બેસી ગયા હોવાથી, ઘણા નવા રોકાણકારો ફરીથી ખરીદી કરવા માટે દાવ લગાવી રહ્યા છે.

## ગોલ્ડમેને ભારતના જીડીપી વૃદ્ધિના અંદાજને વધાર્યો

### ક્રુડના ભાવમાં તીવ્ર ઘટાડાથી ભારત માટે મેક્રો આર્થિક જોખમો ઘટયા

નવી દિલ્હી: અમેરિકા-ઈરાન શાંતિ કરાર બાદ ગોલ્ડમેન સાક્સે ભારતના આર્થિક વિકાસનો અંદાજ વધાર્યો છે. ક્રૂડ ઓઈલના ભાવ ઘટતા અને સ્થાનિક અર્થતંત્ર મજબૂત બનતા, 2026 માટે GDP વૃદ્ધિ દર 6.8% અંદાજવામાં આવ્યો છે. આનાથી ફુગાવો અને ચાલુ ખાતાની ખાધના અંદાજો પણ ઘટાડવામાં આવ્યા છે, જે ભારતીય અર્થતંત્ર માટે સકારાત્મક સંકેત છે.ગોલ્ડમેન સાક્સે તાજેતરના અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર બાદ કેલેન્ડર વર્ષ ૨૦૨૬ માટે ભારતના આર્થિક વિકાસ-જીડીપી વૃદ્ધિના અંદાજને વધારીને મૂક્યો છે. જેમાં ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો અને મજબૂત સ્થાનિક આર્થિક સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ભારત




: અમેરિકા-ઈરાન કરાર પછી સુધારેલ મેક્રો આઉટલૂક શીર્ષક ધરાવતા રિપોર્ટમાં વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેંકે તેના કેલેન્ડર વર્ષ ૨૦૨૬ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી) વૃદ્ધિ દરનો અંદાજ વધારીને ૬.૮ ટકા મૂક્યો છે અને ફુગાવા તેમ જ ચાલુ ખાતાની ખાધ માટેના તેના અંદાજોને ઘટાડયો છે. એમ કહીને કે ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડાથી ભારત માટે મેક્રો આર્થિક જોખમો ઘટયા છે.ઈન્વેસ્ટમેન્ટ બેંકના રિસર્ચ ડિપાર્ટમેન્ટે અગાઉ ચાલુ નાણાકીય વર્ષમાં અર્થતંત્ર ૬.૧ ટકાના દરે વૃદ્ધિ પામશે તેવો અંદાજ મૂક્યો હતો. બેલેન્સ-તુલા, ગોલ્ડમેનની કોમોડિટી ટીમ દ્વારા ઓઈલના ભાવમાં તાજેતરના ઘટાડાની આગાહી કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના ત્રીજા ત્રિમાસિકમાં બેરલ દીઠ સરેરાશ ૯૨ ડોલર સામે ૮૨ ડોલર બેરલ દીઠ અને કેલેન્ડર વર્ષ ૨૦૨૭માં ૮૦ ડોલર સામે ૭૫ ડોલર બેરલ દીઠ બતાવતા અને કેલેન્ડર વર્ષ ૨૦૨૬ માટે વાસ્તવિક જીડીપી વૃદ્ધિના અંદાજને ૦.૩ ટકા વધારીને વાર્ષિક ધોરણે ૬.૮ ટકા કર્યો છે. કોરોના મહામારી બાદ નાણાકીય વર્ષ ૨૦૨૭ એ પહેલું પૂર્ણ નાણાકીય વર્ષ હોવાની અપેક્ષા છે, જેમાં ભારતનો આર્થિક વિકાસ ૭ ટકાથી નીચે આવી ગયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં અર્થતંત્રનો વિકાસ ૭.૭ ટકા થયો છે, જેને મજબૂત વપરાશ અને રોકાણ પ્રવૃતિ દ્વારા ટેકો મળ્યો છે. ગોલ્ડમેન સેક્સે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે રિટેલ ફુગાવાનો અંદાજ ૫.૧ ટકાથી ઘટાડીને ૪.૯ ટકા કર્યો છે.

## કોર્પોરેટ ક્ષેત્રમાં ઓર્ડર ૪૬ ટકા ઘટી તળિયે પહોંચ્યા

અમદાવાદ: દેશના કોર્પોરેટ ક્ષેત્ર માટે મે ૨૦૨૬નો મહિનો આર્થિક પડકારો લઈને આવ્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, મે મહિનામાં નવા ઓર્ડર પ્રાપ્તિમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે, જે છેલ્લા ૧૩ મહિનાનું સૌથી નીચું સ્તર છે. ભૂ-રાજકીય તણાવ અને વૈશ્વિક પુરવઠા સાંકળમાં આવેલા અવરોધોને કારણે ઉદ્યોગો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના આંકડા મુજબ, મે ૨૦૨૬માં કંપનીઓને રૂ. ૩૯,૧૦૦ કરોડના નવા ઓર્ડર મળ્યા હતા. આ આંકડો એપ્રિલની સરખામણીમાં ૮ ટકા ઓછો છે. જો આપણે વાર્ષિક ધોરણે જોઈએ, તો મે



૨૦૨૫માં રૂ. ૬૮,૦૦૦ કરોડના ઓર્ડર મળ્યા હતા, તેની સામે આ વર્ષે ૪૬ ટકાનો સીધો ઘટાડો નોંધાયો છે. ઓર્ડર બુકમાં થયેલો આ મોટો ઘટાડો કોર્પોરેટ જગતની નબળી સ્થિતિ દર્શાવે છે. પશ્ચિમ એશિયાના સંકટને કારણે ઉદ્યોગો માટે કાચા માલનો ખર્ચ આસમાને પહોંચ્યો છે. પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વપરાતા એલ્યુમિનિયમ અને તાંબાના ભાવમાં થયેલા તોતિંગ વધારાએ પાવર ઈક્વિપમેન્ટ અને રિન્યુએબલ એનર્જી ઉદ્યોગો પર ભારે દબાણ વધાર્યું છે. લંડન મેટલ એક્સચેન્જ પર એલ્યુમિનિયમના ભાવ પ્રતિ ટન ૩,૮૦૦ ડોલર સુધી પહોંચી ગયા હતા, જે અગાઉ ૨,૩૦૦ થી ૨,૬૦૦ ડોલરની આસપાસ હતા. મે મહિનામાં તાંબાના ભાવ તો રેકોર્ડ ૧૪,૦૦૦ ડોલર પ્રતિ ટન સુધી સ્પર્શી ગયા હતા, જે નાણાકીય વર્ષ ૨૪ની સરેરાશ કરતા ૨૮ ટકા વધુ છે. જોકે છેલ્લા ૧૦ દિવસમાં ભાવમાં આંશિક રાહત જોવા મળી છે, પરંતુ તે હજુ પણ ચિંતાજનક છે.ઉદ્યોગો માટે માત્ર વૈશ્વિક પરિબળો જ નહીં, પણ સ્થાનિક પરિબળો પણ ચિંતાનો વિષય બન્યા છે. નબળા ચોમાસાની આગાહીના કારણે ગ્રામીણ ક્ષેત્રોમાં માંગ ઘટવાનું જોખમ તોળાઈ રહ્યું છે. આ સ્થિતિ ખાસ કરીને એફએમસીજી, ટુ-વ્હીલર્સ, ટ્રેક્ટર અને કૃષિ-રસાયણો જેવા ક્ષેત્રો માટે પડકારજનક સાબિત થઈ શકે છે.

## ગિફ્ટ સિટી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર: વડોદરામાં યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સમિટમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) ભારતનું આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રવેશદ્વાર તરીકે પોતાની ભૂમિકા રજૂ કરશે. મંગળવારે જીએસએફસી યુનિવર્સિટી ખાતે "ગિફ્ટ સિટી: ઈન્ટરનેશનલ



ફાઈનાન્શિયલ ગેટવે ઓફ ઈન્ડિયા" વિષય પર એક વિશેષ સત્રનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બેંકિંગ, ફંડ મેનેજમેન્ટ અને આંતરરાષ્ટ્રીય એક્સચેન્જના દિગ્ગજો ભાગ લેશે.માર્ચ ૨૦૨૬ સુધીમાં ગિફ્ટ સિટીમાં બેંકિંગ સંપત્તિ ૧૧૧ અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. ફંડ મેનેજમેન્ટના ક્ષેત્રમાં ૨૧૭ સંસ્થાઓ કાર્યરત છે, જે ૩૬૦ થી વધુ સ્કીમ્સનું સંચાલન કરે છે અને જેમાં ૩૯ અબજ ડોલરથી વધુની મૂડી પ્રતિબદ્ધતા સામેલ છે. હાલમાં ૧,૫૦૦ થી વધુ સંસ્થાઓ ગિફ્ટ સિટી સાથે જોડાયેલી છે અને ત્યાં આશરે ૨૭,૦૦૦ જેટલા વ્યાવસાયિકો પોતાની સેવાઓ આપી રહ્યા છે.ગિફ્ટ સિટી હવે માત્ર પરંપરાગત બેંકિંગ સુધી સીમિત નથી. માર્ચ ૨૦૨૬ના આંકડા અનુસાર, ૩૫ એરક્રાફ્ટ લેસર્સ અને ૩૬ શિપ લેસર્સ અહીં કાર્યરત છે, જેના દ્વારા ૩૭૦ થી વધુ એરક્રાફ્ટ અને ૩૭ જહાજોનું લીઝિંગ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ગિફ્ટ સિટીમાં કાર્યરત વૈશ્વિક અને પ્રાદેશિક કોર્પોરેટ ટ્રેઝરી સેન્ટર્સ દ્વારા ૫.૬૧ અબજ ડોલરની લોન અને એડવાન્સ આપવામાં આવી છે, જે ક્રોસ-બોર્ડર ફાઈનાન્સિંગમાં આ પ્લેટફોર્મના વધતા ઉપયોગને દર્શાવે છે.સમિટ દરમિયાન, ગિફ્ટ સિટી દ્વારા એક અનુભવપૂર્ણ પેવેલિયન ઊભું કરવામાં આવશે. અહીં ઉદ્યોગના અગ્રણીઓ, શિક્ષણવિદો અને નાણાકીય ક્ષેત્રના પ્રતિનિધિઓ ક્રોસ-બોર્ડર ફાઈનાન્સ અને વૈશ્વિક બિઝનેસની તકો પર ચર્ચા કરશે.

## અદાણી પોર્ટ્સને મળ્યું ૮૪.૩નો ઈએસજી સ્કોર

નવી દિલ્હી: અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) એ પોતાની પર્યાવરણીય, સામાજિક અને ગવર્નન્સ (ESG) કામગીરીમાં વધુ એક સફળતા મેળવી છે. કેરએજ ઈએસજી રેટિંગ્સ દ્વારા કરવામાં આવેલા વાર્ષિક સર્વેક્ષણમાં કંપનીને ૮૪.૩નો સ્કોર આપવામાં આવ્યો છે, જે તેને "લીડરશીપ" શ્રેણીમાં મૂકે છે. આ સ્કોર અગાઉના ૮૧ના સ્કોર કરતા ૩.૩ પોઈન્ટનો નોંધપાત્ર સુધારો દર્શાવે છે.કેરએજ રેટિંગ્સના મતે, આ અપગ્રેડ પાછળ કંપનીની સતત પ્રગતિ જવાબદાર છે. પર્યાવરણીય મોરચે, કંપનીએ ઉત્સર્જન, ઉર્જા વપરાશ, પાણી અને કચરાના વ્યવસ્થાપનમાં ઘટાડો




કર્યો છે. રિન્યુએબલ એનર્જીનો વ્યાપ વધારવાની સાથે કંપનીએ પોતાના બંદરો પર વીજળીકરણની પ્રક્રિયાને ઝડપી બનાવી છે. સોલાર અને વિન્ડ એનર્જી ક્ષમતામાં વધારો કરીને કંપની પોતાના ડિકાર્બનાઈઝેશન રોડમેપને મજબૂત કરી રહી છે.અહેવાલ મુજબ, કંપનીએ સામાજિક માપદંડોમાં પણ સુધારો નોંધાવ્યો છે. જેમાં કર્મચારીઓની સુરક્ષા તાલીમ, ફરિયાદ નિવારણ પદ્ધતિઓ અને વિવિધતા (Diversity) પર ભાર મૂકવામાં આવ્યો છે. ગવર્નન્સના ક્ષેત્રમાં પણ કંપની મજબૂત દેખાય છે. બોર્ડ-સ્તરની સમિતિઓ ઈએસજી કામગીરી પર દેખરેખ રાખી રહી છે, જે વૈશ્વિક માળખાને અનુરૂપ છે. કંપનીએ તેના પુરવઠા સાંકળ (Value Chain) માં પણ ઈએસજી ધોરણોનું પાલન સુનિશ્ચિત કર્યું છે.આ રેટિંગ અદાણી પોર્ટ્સને પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે એક અગ્રણી ખેલાડી તરીકે પ્રસ્થાપિત કરે છે. વર્તમાન સમયમાં વૈશ્વિક રોકાણકારો અને ધિરાણકર્તાઓ રોકાણ કરતા પહેલા ઈએસજી કામગીરીને વધુ મહત્વ આપી રહ્યા છે, ત્યારે આ સુધારેલું રેટિંગ કંપનીને સસ્ટેનેબલ ફાઈનાન્સ મેળવવામાં અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે સંબંધો મજબૂત કરવામાં મદદરૂપ થશે.ઉલ્લેખનીય છે કે, કંપની અગાઉથી જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ઈન્ટિગ્રેટેડ રિપોર્ટિંગ અપનાવનાર અગ્રણી સંસ્થાઓમાં સામેલ છે અને તે ઉત્સર્જન ઘટાડવા તથા પાણીની તટસ્થતા (Water Neutrality) જેવા મહત્વના લક્ષ્યો પર કામ કરી રહી છે.

## સેકન્ડ હેન્ડ કાર બજાર નવા કારના બજાર કરતા મોટું બન્યું

નવી દિલ્હી: ભારતના ઓટોમોબાઈલ ક્ષેત્રમાં એક મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. ઓટોકાર ઈન્ડિયા અને સ્પિની દ્વારા બહાર પાડવામાં આવેલા એક નવા અહેવાલ મુજબ, ભારતનું વપરાયેલી કાર (સેકન્ડ હેન્ડ કાર)નું બજાર હવે વાહન માલિકી મેળવવા માટેનું સૌથી મુખ્ય પ્રવેશદ્વાર બની ગયું છે. આ અહેવાલ નવ શહેરોમાં ૧૧,૦૦૦ થી વધુ વ્યવહારોના વિશ્લેષણ પર



આધારિત છે.અહેવાલ મુજબ, સેકન્ડ હેન્ડ કાર ખરીદનારાઓમાંથી ૮૦ થી ૮૨ ટકા લોકો એવા છે જેઓ પહેલીવાર કાર ખરીદી રહ્યા છે. ભારતનું વપરાયેલી કારનું બજાર નવી કારના બજાર કરતા ૧.૩૯ ગણું મોટું છે અને તે વાર્ષિક ૧૧ થી ૧૩ ટકાના દરે વધી રહ્યું છે. જ્યારે વ્યવસ્થિત (ઓર્ગેનાઈઝ્ડ) સેગમેન્ટ વાર્ષિક ૨૦ ટકાથી વધુની ઝડપે આગળ વધી રહ્યું છે.આ વૃદ્ધિ પાછળ સરળ ફાઈનાન્સિંગ એક મહત્વનું પરિબળ સાબિત થયું છે. છેલ્લા પાંચ વર્ષમાં વપરાયેલી કાર માટે લોન લેવાનું પ્રમાણ ૧૬ ટકાથી વધીને ૩૨ ટકા સુધી પહોંચ્યું છે. હવે લગભગ ૬૦ ટકા વ્યવહારો ફાઈનાન્સ દ્વારા થાય છે. ગ્રાહકો હવે ઓછા બજેટમાં નાની નવી કાર ખરીદવાને બદલે વધુ સારી અને મોટી વપરાયેલી કાર ખરીદવાનું વધુ પસંદ કરી રહ્યા છે. શહેરી વિસ્તારોમાં એસયુવી (SUV) ની માંગ સતત વધી રહી છે અને ૩૭ ટકા વ્યવહારો હવે ઓટોમેટિક વાહનોના થઈ રહ્યા છે. અહેવાલ દર્શાવે છે કે વાહન ખરીદ્યા પછીના પહેલા વર્ષમાં ૨૧ ટકા, ત્રણ વર્ષમાં ૩૩ ટકા અને પાંચ વર્ષમાં ૪૧ ટકાનું અવમૂલ્યન (Depreciation) થાય છે. જોકે, પાંચ વર્ષ જૂની ગાડીઓ પણ તેની મૂળ કિંમતના ૬૦ ટકા જેટલું મૂલ્ય જાળવી રાખે છે. મારુતિ સુઝુકી, હ્યુન્ડાઈ, કિયા અને મહિન્દ્રા જેવી બ્રાન્ડ્સના મોડેલ્સ - જેમ કે બલેનો, વેન્યુ, સેલ્ટોસ અને એક્સયુવી૭૦૦ - બજારમાં સારું વેલ્યુ રિટેન્શન આપે છે. અહેવાલમાં એક મહત્વની ચેતવણી પણ આપવામાં આવી છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ સુદ - 14

### ટ્રમ્પ અને નેતન્યાહૂ ઈચ્છે છતાં એકબીજાનો વિરોધ કરવાની સ્થિતિમાં નથી

અમેરિકા અને ઈઝરાયેલની ઈરાનને ઘૂંટણીયે લાવવાની ગણતરી ઉંધી પડી. ઈરાને પોતાની સ્ટ્રેટેજીથી જવાબ આપતા ગેમ પલટાઈ. યુદ્ધ લાંબુ ખેંચાતા બંને દેશોમાં મોંઘવારી વધી, પ્રજા નારાજ થઈ. ટ્રમ્પ અને નેતન્યાહૂ બંનેને આર્થિક-રાજકીય દબાણ હેઠળ ઈરાન સાથે શાંતિ સમજૂતી કરવી પડી. આ મડાગાંઠે બંને નેતાઓની ખુરશી જોખમમાં મૂકી છે.બંનેની ગણતરીઓ એવી જ હતી કે ઈરાન થોડા દિવસમાં ઘુંટણીયે આવી જશે. ત્યાં સત્તા પરિવર્તન થશે, પરમાણુ કાર્યક્રમ બંધ થઈ જશે, બેલેસ્ટિક મિસાઈલ્સના ઠેકાણા ધ્વસ્ત થઈ જશે. ઈરાને જ્યારે પોતાની સ્ટાઈલમાં અને સ્ટ્રેટેજી પ્રમાણે જવાબ આપવાનું શરૂ કર્યું ત્યારે ગેમ પલટાઈ ગઈ. બંનેએ ધાર્યું હતું તેનાથી તદ્દન વિપરિત યુદ્ધ લડાવાનું શરૂ થઈ ગયું. ઈઝરાયેલ અને અમેરિકાનો પરાજય તેનાથી જ સિદ્ધ થવા લાગ્યો હતો : વચગાળાની ચૂંટણીઓના કારણે ટ્રમ્પ પાસે આ કરાર કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. અમેરિકામાં આર્થિક સમસ્યાઓ છે, રાજકીય મુશ્કેલીઓ છે, પ્રજા નારાજ છે, મોંઘવારી વધી ગઈ છે. તેમાં હવે મીટટર્મ ઈલેક્શન આવતા હોવાથી ટ્રમ્પ બધું થાળે પાડીને ફરી લોકચાહને મેળવવા મથી રહ્યા છે : ઈઝરાયેલમાં હવે સ્થિતિ કફોડી થઈ ગઈ છે. નેતન્યાહૂને પણ ત્યાંની પ્રજા નકારવા લાગી છે.આ યુદ્ધનો અંત દેખાતો નથી. ઈઝરાયેલમાં પણ મોંઘવારીએ માઝા મુકી છે. યુદ્ધનું કોઈ પરિણામ આવ્યું નથી. હવે ઈઝરાયેલમાં પણ ઓક્ટોબરમાં ચૂંટણી આવવાની છે. તે પહેલાં ઈરાનનો અંત આણવાની નેતન્યાહૂની વાત હવે પ્રજા પકડીને બેઠી છેઈરાન, અમેરિકા અને ઈઝરાયેલના યુદ્ધનો અંત ખરેખર આવશે તેવા કોઈ એંધાણ દેખાતા નથી. ટ્રમ્પ દ્વારા તો ભરચક પ્રયાસ કરવામાં આવી રહ્યા છે કે, ઈરાન સાથે શાંતિ મંત્રણા થાય અને કરાર કરી દેવામાં આવે. આ કામગીરીમાં ઈઝરાયેલ ફાંસ મારી રહ્યું છે. ઈઝરાયેલ હવે હિઝબુલ્લાને પૂરું કરવા મરણીયું બન્યું છે અને સતત લેબેનોન ઉપર હુમલા કરી રહ્યું છે. તેના કારણે ઈરાન ગિન્નાયેલું છે. તે યુદ્ધ વિરામ હોવા છતાં અમેરિકાની સાથે ચર્ચા કરવા તૈયાર નથી. સ્થિતિ એવી થઈ ગઈ છે કે, વચગાળાની ચૂંટણીઓના કારણે ટ્રમ્પ પાસે આ કરાર કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. અમેરિકામાં આર્થિક સમસ્યાઓ છે, રાજકીય મુશ્કેલીઓ છે, પ્રજા નારાજ છે, મોંઘવારી વધી ગઈ છે. તેમાં હવે મીટટર્મ ઈલેક્શન આવતા હોવાથી ટ્રમ્પ બધું થાળે પાડીને ફરી લોકચાહને મેળવવા મથી રહ્યા છે.ટ્રમ્પની સારા બનવાની ઝંખના કદાચ પૂરી થાય તેવું લાગતું નથી. ટ્રમ્પને તેના જ મિત્ર નેતન્યાહૂ નડી રહ્યા છે. ઈઝરાયેલ કોઈપણ મુદ્દે આ સમજૂતીથી ખુશ નથી. તે કરાર કરવા માગતું જ નથી. તે કોઈપણ ભોગે ઈરાનને ખતમ કરી દેવા માગે છે. તે ઉપરાંત ઈરાન સમર્થિત હિઝબુલ્લાનો પણ અંત આણવા માગે છે. તેના જ કારણે તે સતત લેબેનોનને ભડકે બાળે છે. હવે સ્થિતિ કફોડી થઈ ગઈ છે. નેતન્યાહૂને પણ ત્યાંની પ્રજા નકારવા લાગી છે. આ યુદ્ધનો અંત દેખાતો નથી. ઈઝરાયેલમાં પણ મોંઘવારીએ માઝા મુકી છે. યુદ્ધનું કોઈ પરિણામ આવ્યું નથી. હવે ઈઝરાયેલમાં પણ ઓક્ટોબરમાં ચૂંટણી આવવાની છે. તે પહેલાં ઈરાનનો અંત આણવાની નેતન્યાહૂની વાત હવે પ્રજા પકડીને બેઠી છે. બીજી બાજુ ટ્રમ્પ પણ સંધિ માટે દબાણ કરી રહ્યા છે. નેતન્યાહૂ સીધી રીતે અમેરિકાને ના પાડી શકે કે તેનો વિરોધ કરી શકે તેમ નથી. તેનાથી તેને મોટું આર્થિક, વ્યાપારિક અને ખાસ તો લશ્કરી જોડાણમાં નુકસાન થાય તેમ છે. તેની તમામ અમેરિકી સહાય અટકી જાય તેમ છે. આ મડાગાંઠ કોઈપણ રીતે ઉકેલવા પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે બંને મિત્રો ટ્રમ્પ અને નેતન્યાહૂ જ એકબીજા માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ઈરાન વચ્ચે સીઝફાયર થયું ત્યારે નેતન્યાહૂએ પોતાનો બળાપો ઠાલવ્યો હતો. ત્યારે તેમણે કહ્યું હતું કે, અમેરિકાના લોકો એવું માને છે કે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ મારી દરેક વાત માને છે અને ઈઝરાયેલના લોકો એવું માને છે કે, હું ટ્રમ્પની બધી જ વાતો માનું છે. વાસ્તવિકતા એવી છે કે, અમે બંને મિત્રો નથી પણ સાથીદારો છીએ. અમે ક્યારેક સહમત થઈએ છીએ તો ક્યારેક અસહમત થઈએ છીએ. અમારું જોડાણ આવું જ છે. જાણકારોના મતે અમેરિકા અને ઈરાન વચ્ચે એમઓયુ થયા તે દિવસથી જ ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે એકબીજા સાથે અણગમા શરૂ થઈ ગયા હતા. તેમ છતાં બંને એકબીજાને કહી શકે તેમ નથી. જાણકારોના મતે આ સોદો જ્યારે થયો ત્યારે જ નક્કી થઈ ગયું હતું કે, આ ઘટનાથી નેતન્યાહૂના રાજકીય જીવનને સૌથી મોટી અસર થવાની છે. આ સીઝફાયરથી ખરેખર ઈઝરાયેલને જ નુકસાન થયું છે.

# ૩૮૦થી વધુ સિંહો ગીર બહાર ફરતાં હોવાથી નવાનવા પડકારો સિંહસંવર્ધનમાં અંતરાયરૂપ

## અમરેલીના જાફરાબાદમાં હડકવાથી સિંહનું મોત? ગીર બહાર વધતી વસ્તી વચ્ચે નવો ખતરો સામે આવ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



અમરેલી જિલ્લાના જાફરાબાદમાં એક સિંહનું હડકવાથી મૃત્યુ થયું હોવાની માહિતી સામે આવતાં વન્યજીવન નિષ્ણાતોમાં ચિંતા વ્યાપી છે. વનવિભાગ દ્વારા તપાસ અને લેબોરેટરી રિપોર્ટના આધારે જો આ કારણની પુષ્ટિ થાય, તો એશિયાટિક સિંહોના સંરક્ષણ માટે આ એક ગંભીર ચેતવણી સમાન ઘટના બની શકે છે.

છેલ્લા બે દાયકામાં ગીર અને આસપાસના વિસ્તારોમાં સિંહોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. સિંહોની વધતી વસ્તી સાથે તેમનો વસવાટ વિસ્તાર પણ ગીરના જંગલોથી બહાર અમરેલી, ભાવનગર, જૂનાગઢ, બોટાદ અને અન્ય જિલ્લાઓ સુધી વિસ્તર્યો છે. હાલમાં રાજ્યના અંદાજે ૪૪ ટકા જેટલા સિંહો ગીરના સંરક્ષિત વિસ્તારની બહાર વસવાટ કરે છે. આ કારણે સિંહો અને માનવ વસાહતો વચ્ચેનો સંપર્ક સતત વધી રહ્યો છે.

ચેપ સામાન્ય રીતે હડકાયેલા શ્વાન, શિયાળ કે અન્ય સ્તનધારી પ્રાણીઓના કરડવાથી ફેલાય છે. વન્યજીવન નિષ્ણાતોના મતે રેબીઝનો ગ્રામ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં રખડતા શ્વાનો જોવા મળે છે. જો આવા પ્રાણીઓ ચેપગ્રસ્ત હોય અને સિંહ અથવા અન્ય વન્યજીવો સાથે તેમનો સંપર્ક થાય તો રોગચાળો ફેલાવાનો ખતરો ઊભો વનવિભાગ માટે પણ આ ઘટના થઈ શકે છે.

અનેક સવાલો ઊભા કરે છે. ગીર બહાર વસતા સિંહોની આરોગ્ય દેખરેખ, રોગચાળાની વહેલી ઓળખ અને આસપાસના ગામોમાં રખડતા શ્વાનોના રસીકરણ જેવી બાબતો હવે વધુ મહત્વની બની શકે છે. થોડાં વર્ષો પહેલાં કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ (CDV)ના કારણે ગીરમાં સિંહોના મૃત્યુ થયા હતા, ત્યારબાદ આરોગ્ય મોનિટરિંગને વધુ મજબૂત બનાવવામાં આવ્યું હતું. હવે રેબીઝ જેવી ઘટના સામે આવવાથી ચેપી રોગોના જોખમને ફરી ગંભીરતાથી જોવાની જરૂરિયાત ઉભી થઈ છે.

વનવિભાગના અધિકારીઓનું માનવું છે કે કોઈપણ સિંહના મૃત્યુના ચોક્કસ કારણ અંગે અંતિમ નિષ્કર્ષ પોસ્ટમોર્ટમ અને લેબોરેટરી પરીક્ષણ બાદ જ આપી શકાય. તેમ છતાં, જો હડકવાથી મૃત્યુની પુષ્ટિ થાય તો તે માત્ર એક સિંહના મૃત્યુનો મામલો નહીં રહે, પરંતુ ગીર બહાર વિસ્તરી રહેલી સિંહ વસ્તી સામે ઊભા થતા નવા આરોગ્ય પડકારોની ચેતવણી સાબિત થઈ શકે છે.

## ખાંભાના ચતુરી ગામમાં દાદાની આંગળી પકડી જતાં બાળકને સિંહણ ૧ કિમી દૂર સુધી ખેંચી લઈ ગઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

એક સિંહની ઊલટીમાંથી મળ્યા બાળકના અવશેષો, ગ્રામજનોની આંદોલનની ચીમકી અમરેલી જિલ્લામાં સિંહોના હુમલાનો આતંક યથાવત રહ્યો છે. ખાંભા તાલુકાના ચતુરી ગામે પાંચ વર્ષના બાળકને સિંહણ ઉઠાવી જતાં તેનું કરૂણ મોત નીપજવાની ઘટના બાદ પ્રચંડ આક્રોશ ભભૂકી ઊઠયો છે. છેલ્લા એક મહિનામાં સિંહના હુમલાની આ ચોથી ઘટના હોવાનું સામે આવ્યું છે. વન વિભાગ દ્વારા આખી રાત ઓપરેશન હાથ ધરીને પાંચ સિંહને પાંજરે પુરવામાં આવ્યા છે તેમાંથી એક સિંહની ઊલટીમાં બાળકના અવશેષો મળી આવ્યા છે. જો આ મુદ્દે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો લોકો દ્વારા પોતાની રીતે જલદ કાર્યવાહી કરવાની ચીમકી આપી છે.ખાંભા તાલુકાના ચતુરી ગામે જીયાન દેવકુંભાઈ સીધા (ઉ.વ.૫) પોતાના દાદાની આંગળી પકડીને જતો હતો ત્યારે અચાનક સિંહણ ત્રાટકી હતી અને બાળકને ખેંચીને લઈ ગઈ હતી. એક કિમી દૂર સુધી લઈ ગયા બાદ બાળકના પેટ અને કમરના ભાગને ખાઇ ગયા હતા. ઘટનાની જાણ થતાં ખાંભા વન વિભાગનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો અને બાળકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન, સિંહણ બાળકને ગામથી અંદાજે એક કિલોમીટર દૂર સીમ વિસ્તારમાં લઈ ગઈ હતી. જ્યાંથી બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવને પગલે ગામમાં શોક અને ભયનું વાતાવરણ છવાઈ ગયું હતું. આ ઘટનાથી રાત્રે લોકોએ મૃતદેહ સ્વીકારવા ઈનકાર કરી દીધો હતો બાદમા સ્વીકાર્યો હતો અને આંદોલન કરવાની પણ ચીમકી આપી છે. આ મુદ્દે વન વિભાગ ને પણ રજૂઆત કરવામાં આવી છે. આ ઘટના બાદ વન વિભાગે મોડી રાત સુધી મેગા ઓપરેશન હાથ ધરીને પાંચ સિંહોને રેસ્ક્યુ કરી પાંજરે પૂર્યા હતા. એક નર સિંહ દ્વારા કરાયેલી ઊલટીમાંથી બાળકના અવશેષો મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ અવશેષોને તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. ઉપરાંત પકડાયેલા અન્ય સિંહોના પણ સેમ્પલ લઈ તપાસ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રાજુલાના વડ ગામે મહિલા પર ખૂંખાર સિંહણનો હુમલો : અમરેલી જિલ્લામાં પાંચમી ઘટના

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી વન્યપ્રાણીઓનો માનવ વસ્તી પર હુમલાનો સિલસિલો યથાવત રહ્યો છે, જેને પગલે ગ્રામીણ વિસ્તારોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હવે રાજુલા તાલુકાના વડ ગામની સીમમાં વન્યપ્રાણીએ એક મહિલા પર અચાનક હુમલો કરી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.વાડી વિસ્તારમાં ખેતીકામ કરતા મહિલાના પગ પર સિંહણે તેને પંજો મારી દેતાં સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વડ ગામની સીમમાં આવેલી વાડી વિસ્તારમાં સમજુબેન સોલંકી નામના મહિલા પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક ધસી આવેલી એક સિંહણે તેમના પર હુમલો કરી દીધો હતો. સિંહણે મહિલાના પગના ભાગે પંજો મારતા તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. મહિલાની ચીસાચીસ સાંભળી આસપાસથી લોકો દોડી આવતા સિંહણ ત્યાંથી ભાગી છૂટી હતી. સમજુબેનને તાત્કાલિક સારવાર અર્થે રાજુલાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## સોલાર,વીન્ડ પ્રોજેકટના કારણે વન્ય જીવોને પર્યાવરણીય વિક્ષેપ : રાજુલા-જાફરાબાદ દરીયાઇ વિસ્તારમા અનેક વીજ પ્રોજેકટ ખડકાયાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



રાજુલા-જાફરાબાદ તાલુકામાં વધી રહેલા પવનચક્કી એકમો તથા સોલાર પ્રોજેક્ટોના કારણે આ પંથકમાં વસતા વન્ય જીવોને પર્યાવરણીય વિક્ષેપનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના કારણે ભાકોદર, કોવાયા, ખાલસા કંથારિયા, હેમાળમાં માનવ સિંહ સંઘર્ષની ઘટનાઓ વધવા લાગી છે. ભાકોદર, કોવાયા, ખાલસા કંથારિયા, હેમાળમાં માનવ સિંહ સંઘર્ષની ઘટનાઓ વધવા લાગી ઈકો સિસ્ટમને લક્ષમાં રાખીને ધારી તાલુકાના ભાડેર ગામમાં સોલાર પ્રોજેક્ટ રદ કરાયા છે. જ્યારે રાજુલા જાફરાબાદ તાલુકામાં અનેક પ્રોજેક્ટ આવી ગયા હોવાથી આ વિસ્તારમાં વસવાટ કરતા સિંહો અને અન્ય વન્ય જીવોને ભારે વિક્ષેપ સહન કરવો પડે છે. અહી આડેધડ સોલાર પ્રોજેક્ટ અને વીન્ડ ફાર્મ પ્રોજેક્ટ ખડકાઈ રહ્યા છે.એમના વાહનોની સતત દોડધામના કારણે ખેડુતો પણ મુશ્કેલી સહન કરી રહ્યા છે. આ વિસ્તારમાં રસ્તાઓ પણ ખરાબ થઈ ગયા છે. કેટલાય સ્થળે ગૌચર અને સરકારી ખરાબાઓમાં કામ ચાલી રહ્યા છે. વીજ પોલ નાખવા બાબતે ખેડૂતોને બજાર ભાવ મુજબ વળતર ચૂકવવામાં આવતું નથી. મુજબ વળતર ચૂકવવા મા આવશે જેનો પણ રોષ પ્રવર્તી રહ્યો છે. આ બાબતે વિપક્ષના ટીકુભાઈ વરૂ એ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

## કિંજલભાઈ બુધ્ધભટ્ટીની અંજાર શહેર ભાજપના ઉપપ્રમુખ તરીકે વરણી કરાઈ.

મહેશ એલ. સોની નખત્રાણા

નાની ઉંમરે અંજારના રાજકીય અને સામાજિક ક્ષેત્રે મોટું નામ ધરાવતા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ (અંજાર) ના યુવા, કર્મઠ અને લોકપ્રિય ઉપપ્રમુખ શ્રી કિંજલભાઈ બુધ્ધભટ્ટીની અંજાર શહેર ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ પદે સત્તાવાર નિયુક્તિ થતા સમગ્ર શહેરમાં હર્ષની લાગણી ફેલાઈ હતી. તેમની આ નિમણૂક બદલ શુભેચ્છકો, સમાજના



આગેવાનો તથા કાર્યકરો તરફથી તેમના પર અભિનંદનનો વરસાદ વરસાવી રહ્યા છે. જ્ઞાતિના એક સક્રિય, સ્પષ્ટ વક્તા અને કર્મઠ હોદ્દેદારને શહેર કક્ષાએ આટલી મહત્વની રાજકીય જવાબદારીમળતા સમગ્ર મારૂ કંસારા સોની પરિવાર માટે ઐતિહાસિક ગૌરવની ક્ષણ સર્જાઈ હતી. સંગઠન કૌશલ્ય, સ્પષ્ટ વિચારધારા અને જમીની કાર્યકર તરીકેની તેમની ઓળખ જોતા પાર્ટીએ તેમના પર મૂકેલો વિશ્વાસ સાર્થક થશે એ નિશ્ચિત છે.

## દેશલપર (ગુંતલી) ગામે પૂર્વ ગ્રામ પંચાયત સભ્ય ચંદ્રિકાબેન જોશીના નિધનથી શોકની લાગણી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના પૂર્વ ગ્રામ પંચાયત સભ્ય અને સામાજિક કાર્યકર સ્વ. ચંદ્રિકાબેન શંકરભાઈ જોશીનું આજે દુ:ખદ અવસાન થતાં સમગ્ર ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેમના નિધનના સમાચાર મળતાં પરિવારજનો, સગા-સંબંધીઓ, ગ્રામજનો તેમજ સામાજિક અને રાજકીય આગેવાનો દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.સ્વ. ચંદ્રિકાબેન જોશી માયાળુ સ્વભાવ, ધૈર્ય, નિડરતા અને સેવાભાવી વ્યક્તિત્વ માટે જાણીતા હતા. ગ્રામ પંચાયતના પૂર્વ સભ્ય તરીકે તેમણે ગામના વિકાસ અને લોકહિતના કાર્યોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. સૌ સાથે આત્મીય સંબંધો જાળવનાર તેમના વ્યક્તિત્વને કારણે તેઓ ગામમાં લોકપ્રિય હતા.તેમના અવસાનથી દેશલપર (ગુંતલી) ગામે એક સક્રિય સામાજિક આગેવાન ગુમાવ્યો હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. ગામના વિવિધ સામાજિક સંગઠનો, રાજકીય આગેવાનો તથા ગ્રામજનોએ શોક વ્યક્ત કરી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.બંને પક્ષની પ્રાર્થના સભા તા. *28 જૂન, 2026 (રવિવાર)*ના રોજ સાંજે 4:00 થી 5:00 વાગ્યા સુધી પ્રાથમિક શાળાની બાજુમાં આવેલા મોટા ચોક, દેશલપર (ગુંતલી) ખાતે યોજાશે, જેમાં સ્વજનો, મિત્રો અને ગ્રામજનોને ઉપસ્થિત રહી દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અપીલ કરવામાં આવી છે.પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે તથા શોકગ્રસ્ત પરિવારને આ દુ:ખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી સૌએ પ્રાર્થના વ્યક્ત કરી છે.

## સિંહ-દીપડાને રેવન્યુ વિસ્તારમાંથી જંગલમાં લઈ જાવ, અમારે નથી જોઈતા

### ● અત્યાર સુધી સિંહને આદર આપતા લોકોએ જ હવે વનમંત્રીને રોકડું પરખાવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ચતુરી ગામમાં સિંહના હુમલા માં એક માસૂમ બાળકનું કરુણ મૃત્યુ થવાની અસ્વાભાવિક ઘટનાને પગલે સમગ્ર પંથકમાં વન વિભાગ સામે ભારે જનાક્રોશ જોવા મળી રહ્યો છે. આ દુ:ખદ ઘટનાને પગલે વનમંત્રી અર્જુન મોઢવાડિયા આજે તાકીદે ચતુરી ગામની મુલાકાતે પહોંચ્યા હતા. તેમની સાથે સ્થાનિક ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા, રાજુલા જાફરાબાદ ખાંભા ના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીશભાઈ ડેર,તેમજ વન વિભાગના વડા જયપાલસિંહ, સહિત ઊચ્ચ અધિકારીઓનો કાફલો પણ જોડાયો હતો. વનમંત્રી એ મૃતક બાળકના પીડિત પરિવારની રૂબરૂ મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી.આ મુલાકાત દરમિયાન ખાંભા, તાલુકાના ચતુરી ગામના સરપંચ કમલેશભાઈ જાની સહિત આજુબાજુના ગ્રામજનો અને આગેવાનો એ વનમંત્રી સમક્ષ શિસ્તબદ્ધ પરંતુ ભારે આક્રોશ સાથે વિવિધ મુદ્દાઓની ધારદાર રજૂઆતો કરી હતી. સરપંચે કહ્યું હતું કે, 'અત્યાર સુધી સ્થાનિક લોકો સિંહોને વનરાજ તરીકે આદર આપતા આવ્યા છે અને તેમની સાથે સહઅસ્તિત્વ ધરાવતા આવ્યા છે. પરંતુ હવે સિંહો માનવ પર હુમલો કરી તેમને શિકાર બનાવવા લાગ્યા છે.

## સિંહબાળ ની હત્યા કરનાર વિકૃત માનસિકતા ધરાવતો આરોપી ઝડપાયો : વન વિભાગે ત્રણ ટીમ બનાવી ઓપરેશન હાથ ધર્યું હતું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ગત તા. ૨૪ના જૂનાગઢ વન વિભાગના ડુંગર દક્ષિણ રેન્જ હેઠળ આવેલા જૂનાગઢ શહેર નજીકના રબારી નેસ વિસ્તારમાંથી આશરે ૭થી ૮ માસની વયના એક નરસિંહબાળનો મૃતદેહ મળી આવ્યો હતો. વૈજ્ઞાનિક તેમજ કાયદાકીય ધોરણે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા જેમાં સિંહબાળની લાકડીના ઘા મારી હત્યા થઈ હોવાનું ખુલ્યું હતું. આહત્યામાં સંડોવાયેલો શખ્સ ફરાર થઈ ગયો હતો તેને શોધવા બે દિવસની મહેનત બાદ અંતે આરોપી કુતિયાણાથી પકડાઈ ગયો છે.આરોપી વન્યજીવો અને મૂંગા પ્રાણીઓ પ્રત્યે હિંસક વલણ ધરાવતો, ભૂતકાળમાં પણનિર્દોષ શ્વાનો તેમજ સાપને મારી નાખ્યાની કબૂલાત પ્રાથમિક તપાસ દરમ્યાન મૃત સિંહબાળના શરીર પર ગંભીર શારીરિક ઈજાઓના નિશાન જોવા મળ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તપાસ તેજ કરવામાં આવી હતી. વન વિભાગ દ્વારા એકત્રિત કરાયેલા ભૌતિક પુરાવાઓ, ટેકનિકલ વિશ્લેષણ અને માનવબાતમીના આધારે આ ગુનામાં સંડોવાયેલા શંકાસ્પદ આરોપી બાવન પુના ચાવડાની ઓળખ થઈ હતી. ગુનો આચર્યા વિભાગની બકદથી બચવા માટે ફેસર થી ગયો હતો.જો કે, વન વિભાગની ટીમે તેનો પીછો છોડ્યો ન હતો. ચોક્કસ બાતમી મળતાં જ વન વિભાગની ત્રણ અલગ અલગ ટીમો દ્વારા પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકા વિસ્તારમાં ગઈ મોડી રાત્રિથી લઈને આજે વહેલી સવાર સુધી સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન આરોપીને સફળતાપૂર્વક ઝડપી પાડવામાં આવ્યો છે અને વધુ પૂછપરછ તથા કાયદેસરની કાર્યવાહી માટે તેને જૂનાગઢ લાવવામાં આવ્યો છે.મૃત સિંહબાળના પોસ્ટમોર્ટમ શરીર પર થયેલી જીવલેણ અને ગંભીર શારીરિક ઈજાઓની પુષ્ટિ થઈ હતી. આરોપીની પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેની અત્યંત વિકૃત અને છર માનસિકતા સામે આવી છે. આરોપીએ સિંહબાળની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. એટલું જ નહીં, વન્યજીવો અને મૂંગા પ્રાણીઓ પ્રત્યે અત્યંત હિંસક વલણ ધરાવતા આ આરોપીએ ભૂતકાળમાં પણ અનેક નિર્દોષ શ્વાનો તેમજ સાપોને નિર્દયતાપૂર્વક મારી નાંખ્યા હોવાની ચોંકાવનારી કબૂલાત કરી છે. વન વિભાગ દ્વારા ઘટનાસ્થળ તેમજ અન્ય સંબંધિત સ્થળોએથી મહત્વપૂર્ણ પુરાવાઓ એકત્રિત કરવામાં આવ્યા છે.હાલમાં આરોપી વિરુદ્ધ વન્યજીવ સંરક્ષણ અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીની વિસ્તૃત પૂછપરછ અને કાયદાકીય તપાસ પૂર્ણ થયા બાદ તેને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવશે.

## વનમંત્રીની મુલાકાત વચ્ચે જ સિંહનો શંકાસ્પદ મૃતદેહ મળી આવતાં ચકચાર : અમરેલી જિલ્લામાં વન વિભાગની નબળી કામગીરી સામે ઉઠતા સવાલો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં સિંહોની માઠી દશા બેઠી હોય તેમ એક પછી એક સિંહોના મોતના બનાવો અને માનવ તથા સિંહ સંઘર્ષની ઘટનાઓ સામે આવી રહ્યા છે. આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે, આજે ખુદ રાજ્યના વનમંત્રી, વન વિભાગના ઉચ્ચ વડાઓ અને સી.એફ. સહિતનો મોટો કાફલો ખાંભાના ચતુરી વિસ્તારની મુલાકાતે હતો, બરાબર એ જ સમયે તેનાથી નજીક આવેલા દલખાણીયા ગામના રેવન્યુ વિસ્તારમાંથી એક પાઠડા સિંહનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા વન તંત્ર દોડતું થઈ ગયું છે. ઉચ્ચ અધિકારીઓની હાજરી વચ્ચે જ બનેલી આ ઘટનાએ વન વિભાગની સુરક્ષા વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી દીધા છે.દલખાણિયા નજીક પાઠડા સિંહનું મોત, ગળાના ભાગે ઈજાની અને તૃણાહારી માટે ગોઠવાયેલા ફાંસલામાં સિંહ ફસાયાની આશંકા હામાપુરમાં બે-ત્રણ દિ'ના બાળસિંહનું મોત અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના હામાપુર ગામની સીમમાં બેથી ત્રણ દિવસના બાળ સિંહનો મૃતદેહ મળી આવ્યો છે. બાળ સિંહની માતાને પ્રથમવાર ડિલિવરી થઈ હતી અને એક જ બચ્ચાને જન્મ આપ્યો હતો. બે-ત્રણ દિવસના બચ્ચાનું કુદરતી રીતે મોત થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

સ્થાનિક સૂત્રો અને સિંહપ્રેમીઓ પાસેથી મળતી માહિતી મુજબ, મૃત સિંહના ગુળાના ભાગે ગંભીર ઈજાના છે. વન્યજીવોના જાણકારોના મતે રેવન્યુ વિસ્તારમાં તૃણાહારી પ્રાણીઓનો શિકાર કરવા માટે અસામાજિક તત્ત્વો દ્વારા ગેરકાયદે ફાંસલા ગોઠવવામાં આવે છે. આ ફાંસલામાં આ કમનસીબ સિંહબાળ ફસાઈ ગયું હોવાની અને ગૂંગળામણ અથવા ઈજાના કારણે તેનું મૌત થયું હોવાની પ્રબળ આશંકા વ્યક્ત થઈ રહી છે. સિંહના મોત તથા વન્યપ્રાણી અને માનવ સંઘર્ષના મોટાભાગના બનાવો અમરેલી જિલ્લામાં જ કેમ બને છે, તે અત્યારે મોટો સવાલ છે. હજુ થોડા દિવસો પહેલા જૂનાગઢમાં એક સિંહબાળનો મૃતદેહ મળ્યો હતો, જેમાં ત્યાંના વન વિભાગે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલીને સિંહની હત્યા થઈ હોવાનો પર્દાફાશ કરી આરોપીઓને ઝડપી લીધો છે. તેની સામે અમરેલી જિલ્લામા વન વિભાગ રહસ્યમય મોતના કિસ્સાઓ માં હંમેશા નિષ્ફળ સાબિત થયું છે. દલખાણીયાની ઘટના અંગે જ્યારે મીડિયા દ્વારા વન વિભાગના અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે દર વખતની પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ ચોક્કસ કારણ જાણી શકાશે. તેવું રટણ કરીને પ્રાથમિક કારણ આપી અધિકારીઓ મૌન રહ્યા. વનમંત્રી જિલ્લામાં હોય અને સિંહનો શિકાર થતો હોય તેનાથી વધુ શરમજનક વન વિભાગ માટે બીજું શું હોઈ શકે? દર વખતે પીએમ રિપોર્ટનું બહાનું ધરીને સત્ય છુપાવવાનો પ્રયાસ થાય છે. આ મામલે તાત્કાલિક દૂધનું દૂધ અને પાણીનું પાણી થવું જોઈએ અને ગુનેગારો ને કડક સજા મળવી જોઈએ તેવી સ્થાનિક સિંહપ્રેમીઓ અને વન્યજીવ કાર્યકરો માંગણી કરી રહ્યા છે. દલખાણીયા અને આસપાસના રેવન્યુ વિસ્તારોમાં સઘન સર્ચ ઓપરેશન હાથ ધરી ગેરકાયદે ફાંસલાઓ દૂર કરવામાં આવે, વન વિભાગ કાચબા ગતિ છોડીને તાત્કાલિક સિંહના મોતનું સાચું કારણ જાહેર કરે તેવી માંગ ઉઠી છે.

## સંખેડા તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે જયેશ રોયની નિમણૂક



કમલેશ પટેલ. સંખેડા

સંખેડા: ભારતીય જનતા પાર્ટી, સંખેડા તાલુકા મંડળના ઉપપ્રમુખ તરીકે વકીલ અને નોટરી જયેશ રોયની નિમણૂક કરવામાં આવી છે.

જયેશ રોયની નિમણૂક થતા ભાજપના કાર્યકરો અને શુભેચ્છકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. તેમણે પક્ષના જિલ્લા, તાલુકા તેમજ મંડળના વરિષ્ઠ આગેવાનોનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે પક્ષ દ્વારા સોંપવામાં આવેલી જવાબદારીને સંપૂર્ણ નિષ્ઠા, સમર્પણ અને પ્રામાણિકતા સાથે નિભાવશે તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સતત કાર્ય કરશે.આ પ્રસંગે અનેક કાર્યકરો અને શુભેચ્છકોએ જયેશ રોયને શુભકામનાઓ પાઠવી હતી અને તેમના કાર્યકાળ માટે સફળતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

## ડેડીયાપાડા પોલીસે તાબદા ગામની સીમમાંથી વિદેશી દારૂ પકડ્યો

### ૩ . ૭ લાખ થી વધુ ના મુદામાલ સાથે એક પકડાયો

રાજપીપલા | નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના તાબદા ગામથી દેડિયાપાડા પોલીસે અંગ્રેજી દારૂ નો મોટો જથ્થો ઝડપી ગુનો દાખલ કર્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લા પોલીસ વડા વિશાખા ડાબરલ એ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી/જુગારની ગેરકાયદેસર રીતે થતી પ્રવૃતિઓને અટકાવવા અને પરીણામલક્ષી કામગીરી કરવા કડક સૂચના આપેલ જે અનુસંધાને વાય.એસ.શિરસાઠ, પોલીસ ઈન્સ્પેક્ટર, ડેડીયાપાડા પોલીસ સ્ટેશન નાઓને મળેલ બાતમી ના આધારે તાબદા ગામની સીમમાં આવેલ રાજેશભાઈ બચુભાઈ વસાવા ઉ.વ.૩૭ રહે.તાબદા, નિશાળ ફળીયુ તા.ડેડીયાપાડા જી.નર્મદા નાઓના ખેતરમાં રેઈડ કરી ખેતરમાં વાવેતર કરેલ લીલા ઘાસમાં સંતાડેલ ગેર કાયદેસર વિદેશી દારૂની નાની મોટી કુલ બોટલ નંગ-૩,૨૨૮ ની કુલ કિંમત રૂપીયા ૯,૪૦,૯૯૨/- નો પ્રોહી મુદામાલ તથા મોબાઈલ નંગ-૦૧ કિ.રૂ.૫૦૦૦/- એમ કુલ કિંમત રૂપીયા ૯,૪૫,૯૯૨/- નો પ્રોહી. મુદ્દામાલ સાથે રાજેશભાઈ બચુભાઈ વસાવા નાઓએ પકડી પાડેલ છે. અને તેના વિરૂધ્ધમાં ડેડીયાપાડા પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે. અને આ ગુનાની આગળની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેકટર પી.આર. ચૌધરીનાઓ દ્વારા કરવામાં આવી રહેલ છે. આ ગુનામાં શિવજી ઉર્ફે શીવો ગોમાભાઈ વસાવા રહે.ઉમરાણ તા. ચિકદા જી.નર્મદા ને વોન્ટેડ જાહેર કરી પોલીસ શોધખોળ કરી રહી છે.

## કાળી તલાવડી અને મંગલ ભારતી વચ્ચે આજે એક હાયવા ટ્રકનો અકસ્માત સર્જાયો હતો. બોડેલી તરફ જઈ રહેલી આ ટ્રક પલટી મારી ગઈ હતી



કમલેશ પટેલ. સંખેડા

કાળી તલાવડી અને મંગલ ભારતી વચ્ચે આજે એક હાયવા ટ્રકનો અકસ્માત સર્જાયો હતો. બોડેલી તરફ જઈ રહેલી આ ટ્રક પલટી મારી ગઈ હતી.પ્રાથમિક માહિતી અનુસાર, અગમ્ય કારણોસર ટ્રકના ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે ટ્રક નાળાની પાળી તોડીને રોડ પર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં ટ્રકના આગળના બંને પૈડાં પણ નીકળી ગયા હતા.સદનસીબે ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો. તેને નાની-મોટી ઈજાઓ થતાં તાત્કાલિક દવાખાને ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતને કારણે ઘટનાસ્થળે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. માહિતી મળતા જ ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને હાઈડ્રો ક્રેનની મદદથી ટ્રકને સીધી કરીને ટ્રાફિકનો અવરોધ દૂર કર્યો હતો. કોઈ મોટી જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

# મોદી સરકારના નવા મંત્રી મંડળમાં કેવા ફેરફાર થશે?



નવીદિલ્હી: કેન્દ્રીય મંત્રીમંડળમાં આગામી 2-3 દિવસમાં ફેરફાર શક્ય છે. મહારાષ્ટ્રના 'ઓપરેશન ટાઈગર'ની અસર જોવા મળશે, જ્યાં શિંદે જૂથને એક કેબિનેટ મંત્રીપદ મળી શકે છે. ડો. શ્રીકાંત શિંદે અને ઓમ રાજે લિબાલકરના નામ ચર્ચામાં છે. ઉપરાંત, એનસીપીમાંથી સુનેત્રા પવારને પણ સ્થાન મળી શકે છે.

જો બીજું કોઈ વિઘ્ન નહીં આવે તો આવનાર બે - ત્રણ દિવસમાં કેન્દ્રીય મંત્રીમંડળમાં ફેરફાર થઈ શકે છે. મહારાષ્ટ્રમાં સફળ થયેલા 'ઓપરેશન ટાઈગર'ની અસર મંત્રીમંડળના ફેરફારમાં પણ જોવા મળશે. ઉદ્ધવ ઠાકરેના ૯ સાંસદો એકનાથ શિંદે સાથે જોડાતા શિવસેનાની તાકાત વધી ગઈ છે. ચર્ચા એવી છે કે, એક કેબિનેટ મંત્રીપદ શિવસેનાને પણ મળી શકે છે. મંત્રીપદ માટે શિંદેના પુત્ર ડો. શ્રીકાંત શિંદેની સાથે ધારાશિવના સાંસદ ઓમ રાજે લિબાલકરનું નામ પણ ચાલી રહ્યું છે. જો આમ થશે તો એનસીપી (સુનેત્રા પવાર)માંથી પણ કોઈ મંત્રી બની શકે છે. જ્યારે નરેન્દ્ર મોદીએ સોગંદ લીધા હતા ત્યારે પ્રફુલ્લ પટેલનું નામ મંત્રી તરીકે ચર્ચામાં હતું. જોકે એમને રાજ્ય મંત્રીનું પદ ઓફર થયું હોવાની વાત અટકી ગઈ હતી.

વિવાદ પછી ચૂંટણી કમિશનરે કહ્યું કે, સર માટે પાસપોર્ટ પણ માન્ય

ભારતીય પાસપોર્ટ બાબતે દેશભરમાં વિવાદ ચાલી રહ્યો છે. વિદેશ મંત્રાલયના એક અધિકારીએ પાસપોર્ટને નાગરીકતા માટેનો પુરાવો નહી ગણતા ચર્ચા ચાલુ થઈ છે. હવે ચૂંટણી કમિશનએ પણ આ વિવાદમાં ઝંપલાવ્યું છે. કમિશને કહ્યું હતું કે વોટર લિસ્ટમાં પોતાનું નામ દાખલ કરાવવા કે ચાલુ રખાવવા માટે ભારતીય પાસપોર્ટ આજે પણ સંપૂર્ણ રીતે માન્ય છે. વોટર લીસ્ટમાં પોતાનું નામ દાખલ કરાવવા કે ચાલુ રખાવવા માટે જે ૧૨ જરૂરી દસ્તાવેજો છે એમાંથી પાસપોર્ટ પણ એક છે. ચૂંટણી કમિશનના એક અધિકારીના કહેવા પ્રમાણે પહેલા પણ પાસપોર્ટ ઓળખ સાબિત કરવા માટે માન્ય હતો અને આજે પણ છે. આ નિયમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બિહાર અને આસામમાં હમણા જ થયેલા એસઆઈઆર અભિયાન વખતે પાસપોર્ટને માન્ય દસ્તાવેજ તરીકે ગણવામાં આવ્યો હતો.

આઈબીના નવા ચીફ મહેશ દિક્ષીત કોણ છે

કેન્દ્ર સરકારે ઈન્ટેલિજન્સ બ્યુરો (આઈબી)ના નવા ચીફ તરીકે સિનિયર આઈપીએસ અધિકારી મહેશ દિક્ષીતના નામને મંજૂરી આપી દીધી છે. તેલંગાણા કેડર અને ૧૯૯૩ બેંચના આઈપીએસ અધિકારી પાસે જાસુસી કામગીરી અને ઈન્ટરનલ સિક્યુરીટીનો બહોળો અનુભવ છે. એમની સૌથી મહત્વપૂર્ણ નિમણૂક જમ્મુ-કાશ્મીર અને લેહ વખતની છે. એમણે શ્રીનગરની આઈબી ઓફિસમાં ઈન્ટેલિજન્સ બ્યુરો ચીફ તરીકે કામગીરી કરી હતી. કેન્દ્ર સરકારે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ દુર કરી હતી ત્યારે પરિસ્થિતિને કાબુમાં રાખવા મહેશ દિક્ષીત ત્યા હતાં. એમ મનાય છે કે ગ્રાઉન્ડ લેવલ પર તેમજ આતંકવાદ વિરોધી અભિયાનોનો દિક્ષીતને મોટો અનુભવ છે. સામ્યવાદી ઉગ્રવાદ અને સરહદની પેલી બાજુથી થતી ઘૂસણખોરી પર એમણે ઘણું કામ કર્યું છે. દેશની આંતરીક સુરક્ષાનો એમને ઘણો અનુભવ છે.

અભિષેક બેનર્જીના પીએની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી

તૃણમુલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી તેમજ સાંસદ અભિષેક બેનર્જીના પ્રાઈવેટ આસીસ્ટન્ટ (પીએ) સુમિત રોય સામે કરોડો રૂપિયાની સરકારી જમીન ગોટાળાનો કેસ થયો છે. આ કેસ બાબતે કલકત્તા હાઈકોર્ટે એમને કોઈ રાહત આપી નથી. સુમિત રોયએ આગોતરા જામીન માટે અરજી કરી હતી જે ફગાવી દેવામાં આવી છે. હવે સુમિત રોયની ધરપકડનો રસ્તો ખુલી ગયો છે. કેસની સુનાવણી કરતા જસ્ટીસ જય સેનગુપ્તાએ કડક ટીપ્પણી કરીને કહ્યું હતું કે, પ્રથમ દ્રષ્ટિએ તમારી સામે છેતરપીંડી અને પૈસા લેવા માટે ગુનો કર્યો હોવાના પુરતા પુરાવા છે. કોર્ટે કડકાઈથી કહ્યું હતું કે આ કોઈ સામાન્ય ઘટના નથી, પરંતુ સરકારની લગભગ ૩૦૦ એકર જમીન બોગસ દસ્તાવેજો બનાવીને વેચવાનું સંગઠીત રેકેટ છે.

નિતિશના માનીતા આઈએએસ અનન્યા સિંહ કોણ છે

નિતિશકુમારના ડ્રીમ પ્રોજેક્ટ જીવીકા માટે નવા એડિશનલ સીઈઓની નિમણૂક થઈ ગઈ છે. ૨૦૧૯ બેંચના આઈએએસ ઓફિસર અનન્યા સિંહ આ જવાબદારી સંભાળશે. જીવીકાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'જીવીકા પરિવાર શ્રીમતી અનન્યા સિંહ, આઈએએસને જીવીકાના એડિશનલ સીઈઓ બનવા બદલ અભિનંદન આપે છે.' અનન્યા સિંહની આટલી ચર્ચા શા માટે થઈ રહી છે? પ્રયાગરાજના રહેવાસી અનન્યાએ ૧૦મી અને ૧૨મીની બોર્ડ પરીક્ષાઓમાં અગ્રક્રમ મેળવ્યો હતો. તેમણે ફક્ત ૨૨ વર્ષની ઉંમરે સીએસઈની પરીક્ષા પસાર કરી હતી. અનન્યા સિંહે દિલ્હીની શ્રીરામ કોલેજ ઓફ કોર્મસમાંથી ઈકોનોમીક્સની ડિગ્રી મેળવી હતી. આકર્ષક પ્રતિભા ધરાવતા અનન્યા સિંહના ઈન્સ્ટાગ્રામ પર લાખો ફોલોઅર્સ છે. અનન્યા સિંહ પહેલેથી બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી નિતિશકુમારના માનીતા રહ્યા છે.

ઈરાન - અમેરિકા વચ્ચેની સમજૂતી પછી આરબ દેશોને કઈ ચિંતા

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતી ટકી રહે એ તરફ વિશ્વ આખાની નજર છે. ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે સંઘર્ષ અટકતો નથી. અમેરિકા અને ઈરાન યુદ્ધને કારણે વચમાં ફસાયેલા ખાડીના આરબ દેશો ચિંતીત છે. જો તણાવ પાછો વધે છે તો સૌથી વધુ નુકશાન ખાડીના દેશોને થવાનું છે. અમેરિકા - ઈરાન વચ્ચેના યુદ્ધમાં સૌથી વધુ નુકશાન ખાડી દેશોમાં થયું છે. જોર્ડનના આંતરરાષ્ટ્રીય કાયદા નિષ્ણાંત પ્રો. હમા મઝાલીનું કહેવું છે કે, 'આ યુદ્ધમાં અમેરિકા ઈઝરાયલને કારણે આવ્યું છે આ સમજૂતી કેટલી ટકશે એ માટે અમે ઈઝરાયલની પ્રતિક્રિયાની રાહ જોઈ રહ્યા છીએ.' આરબ દેશોના સત્તાધિશો તેમજ પ્રજા શાંતિ ઈચ્છે છે, કારણ કે એમને મોટુ આર્થિક નુકશાન થયું છે.

## બોસ સ્કેમથી સાયબર પંચાયત: ડિજિટલ ફ્રોડ ગેંગસ વધુ ચતુર પૂરવાર થઈ છે

મહારાષ્ટ્રમાં 17 મહિનામાં 10,500 સાયબર ફ્રોડ કેસ નોંધાયા, જેમાં 2,379ની ધરપકડ થઈ છે. અહલ્યાનગરમાં સૌથી વધુ 5,141 કેસમાં 37.76 કરોડની છેતરપિંડી થઈ. 'બોસ સ્કેમ'માં હેકર્સ સરકારી અધિકારી બની કંપનીઓને નિશાન બનાવી રહ્યા છે. સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટરે કંપનીઓને સાવચેત રહેવા જણાવ્યું છે. સાયબર પંચાયતો દ્વારા ગામડાઓમાં જાગૃતિ ફેલાવાઈ રહી છે.

વધતા જતા સાયબર ક્રાઈમ ચિંતાનો વિષય બની ગયો છે. ડિજિટલ ફ્રોડ કરનારા સાયબર પોલીસ કરતાં વધુ ચતુર સાબિત થઈ રહ્યા છે. ગામડાઓમાં સાયબર પંચાયત શરૂ કરીને નવા 'બોસ સ્કેમ'થી લોકોને ચેતવવામાં આવી રહ્યા છે. બે દિવસ અગાઉ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ વિધાનસભામાં કહ્યું હતું કે છેલ્લા ૧૭ મહિનામાં ૧૦,૫૦૦ સાયબર ફ્રોડ કેસ નોંધાયા છે, જેમાં ૨,૩૭૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ આંકડા મુખ્યમંત્રીએ એક લેખિત જવાબમાં આપ્યા હતા.

રજૂ કરાયેલા ડેટા અનુસાર મહારાષ્ટ્રના અહલ્યાનગર (મૂળ નામ-અહમદનગર)ને સાયબર ફ્રોડ કરનારાઓએ ટાર્ગેટ કર્યું હતું. ત્યાં સૌથી વધુ એવા ૫,૧૪૧ સાયબર ફ્રોડ નોંધાયા છે. આ ફ્રોડના કારણે અસરગ્રસ્તોને ૩૭.૭૬ કરોડનો ચૂનો લાગ્યો છે. ફ્રોડ કરનારાના ૭ કરોડના ખાતા સત્તાવાળાઓએ ફ્રીઝ કરવામાં સફળતા મેળવી છે.

અનેક સાયબર ફ્રોડમાં ગુનેગારો પોતાને સરકારી અધિકારી તરીકે બતાવીને લોકોને ડરાવતા હતા. ૨૦૨૫માં નોંધાયેલા ૪,૮૨૫ સાયબર ફ્રોડ કેસ એવા હતા કે જેમાં લોકોએ ૧,૦૩૧ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. મહારાષ્ટ્રમાં જિલ્લાઓમાં ઊભી કરેલી સાયબર લેબોરેટરીની સિસ્ટમ સાયબર ગુનેગારોનું પગેરું શોધવામાં સહાય કરે છે. જોકે લોકો માનવા લાગ્યા છે કે સાયબર ફ્રોડમાં ગુમાવેલો પૈસો ભાગ્યે જ પાછો આવે છે.

એવું પણ નથી કે સરકારે સાયબર ફ્રોડ કરનારાઓને નાથવા કોઈ પગલાં નથી લીધાં, પરંતુ ફ્રોડ કરનારા વધુ ચતુરાઈપૂર્વક કામ કરે છે અને લોકોમાં રહેલા તપાસના ડરનો ઉપયોગ કરે છે.

સાયબર ફ્રોડ કરનારા સામે જાગૃત રહેવા સત્તાવાળાઓ સોશિયલ મિડીયા તેમજ રેલવે સ્ટેશનો સહિતનાં વિવિધ સ્થળો પર લોકોને સચેત રહેવા સમજાવે છે, પરંતુ ફોન પર એકાદ સત્તાવાહક અવાજ તેમને ડરાવી દે છે અને લૂંટી લે છે. સામાન્ય લોકો જ ફ્રોડના ભોગ બને છે એવું નથી, ડોક્ટરો, એન્જિનીયરો અને રાજકીય કુટુંબો પણ તેના ભોગ બની ચૂક્યાં છે.

ભૂતપૂર્વ વડાપ્રધાન આઈ.કે. ગુજરાલના પુત્રે પણ સાયબર ફ્રોડમાં ૭.૮ કરોડ રૂપિયા જેટલી રકમ ગુમાવી હોવાના અહેવાલો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે.નરેશ ગુજરાલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે પણ રહી ચૂક્યા છે.

## મનમાં જમા થયેલો નકામો કચરો દૂર કરવાની કળા

જાપાનના 77 વર્ષીય પ્રખ્યાત નવલકથાકાર હારુકી મુરાકામી રોજ સવારે 4 વાગ્યે ઉઠીને 4-5 કલાક કામ કરે છે. ત્યારબાદ તેઓ 10 કિલોમીટર દોડે છે અથવા 1500 મીટર સ્વિમિંગ કરે છે. 30થી વધુ મેરેથોન અને 1 અલ્ટ્રા મેરેથોન દોડેલા મુરાકામીનું કહેવું છે કે દોડવા માટે શિસ્ત અને સ્વાસ્થ્ય બંને જરૂરી છે. તેમની નવી નવલકથા 'ધ ટેલ ઓફ કાહો' 3 જુલાઈએ પ્રકાશિત થશે.'તમારામાં ભલે સેલ્ફ-મોટિવેશનની કોઈ કમી ન હોય, પણ સવારે પથારીમાંથી બહાર આવીને શૂઝની દોરી બાંધતી વખતે મોટું બગાસું ખાઈને પાછું રજાઈમાં લપાઈ જવાનું મન તો થવાનું જ! માણસ નવનિશાળીયો હોય કે વિશ્વકક્ષાનો દોડવીર, અંદરથી તો બધા સરખા જ હોય છે!'હારુકી મુરાકામીએમની ઉંમર ૭૭ વર્ષ છે. સવારે ચાર વાગ્યે એ ઉઠી જાય છે અને તરત કામે ચડી જાય છે. ચાર-પાંચ કલાક એકધારું કામ કરે, અને પછી રનિંગ શુઝ પહેરીને બહાર નીકળી જાય. કમસે કમ ૧૦ કિલોમીટર દોડે. શિયાળો હોય ને વધારે પડતી ઠંડી હોય તો બંધ સ્વિમિંગ પૂલના હૂંફાળા પાણીમાં તરવા જાય. એક સેશનમાં ૧૫૦૦ મીટર જેટલું સ્વિમિંગ કરે. ક્યારેક વારાફરતી રનિંગ અને સ્વિમિંગ બન્ને કરે. રોજેરોજ. અચૂકપણે.

ત્રીસ જેટલી ફુલ મેરેથોન અને એક અલ્ટ્રા મેરેથોન દોડી ચૂકેલા આ જપાની મહાશયનું નામ છે, હારુકી મુરાકામી. ના, એ દોડવીર નથી, બલ્કે આંતરરાષ્ટ્રીય કક્ષાના સેલિબ્રિટી નવલકથાકાર છે. આરામદાયક ચેર કે સોફા પર ગોઠવાઈને કૉફી પીતાં પીતાં હારુકી મુરાકામીનું પુસ્તક વાંચી રહ્યા હોય એવો ફોટો પડાવવાની અને પછી ઈન્સ્ટાગ્રામ પર શૅર કરવાની ફેશન છે. ઈવન ફિલ્મો, ટીવી, વેબ શોઝ, એડ્ઝ વગેરેમાં હારુકી મુરાકામીનું પુસ્તક એક જરુરી 'એસેસરી' બની ગયું છે. ડ્રાઈંગરુમ કે બેડરુમ કે કૉફી ટેબલનો સીન હોય એટલે હારુકી મુરાકામીનું પુસ્તક દેખાવું જ જોઈએ!

વિશ્વ સાહિત્યની દુનિયામાં છેલ્લા બે દાયકાથી ઑર એક ફેશન ચાલે છે. દર વર્ષે 'આ વખતે તો હારુકી મુરાકામી નોબલ પ્રાઈઝ માટે હોટ ફેવરિટ છે' એવી ચર્ચા કરવાની! સાહિત્યના નોબલ પ્રાઈઝ વિનરની ઘોષણા થવાની હોય તે દિવસે ટોકિયોની અમુક રેસ્ટોરાંમાં મુરાકામીના ચાહકો રીતસર એકઠા થાય. જાણે ઈન્ટરેસ્ટિંગ મેચ ચાલતી હોય કે ચૂંટણીનાં પરિણામો ઘોષિત થઈ રહ્યાં હોય એટલી ઉત્સુકતાથી તેઓ ટીવી સામે ગોઠવાઈ જાય, પણ દર વખતે કોઈ બીજા જ સાહિત્યકારનું નામ જ અનાઉન્સ થાય. હારુકી મુરાકામીને બીજાં કેટલાંય મહત્ત્વનાં પારિતોષિકો મળી ચૂક્યાં છે, પણ નોબલ પ્રાઈઝ એમનાથી અત્યાર સુધી દૂર જ રહ્યું છે. ખેર, મુરાકામીની કક્ષાના લેખકો કંઈ માન-પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને સર્જન કરતા નથી.

આવતા અઠવાડિયે જ, ત્રીજી જુલાઈએ, એમની નવીનક્કોર નવલકથા પ્રકાશિત થવાની છે, જેનું ટાઈટલ છે, 'ધ ટેલ ઓફ કાહો'. એમની ખૂબ પ્રસિદ્ધ નવલકથાઓ એટલે 'નોર્વેજીયન વૂડ', 'કાફ્કા ઓન ધ શોર', 'વનક્યુએઈટીફોર', 'આફ્ટર ડાર્ક' વગેરે.

## નાગરિકત્વની પરીક્ષામાં પાસપોર્ટ પણ નાપાસ

'વી આર આઈડેન્ટિટી' ગ્રુપમાં સરકારી કાર્ડ્સ વચ્ચે નાગરિકત્વના પુરાવા અંગે ચર્ચા થઈ. પાસપોર્ટને ફક્ત મુસાફરીનો દસ્તાવેજ ગણાવાતા વોટર આઈડીએ નાગરિકત્વનો પુરાવો હોવાનો દાવો કર્યો. તેણે કહ્યું કે તેના દ્વારા મતદાનથી સરકાર બને છે. અન્ય કાર્ડ્સે પણ પોતપોતાની દલીલો રજૂ કરી, પરંતુ છેવટે 'વન નેશન, વન કાર્ડ'ની વાત પર હસાહસ થઈ.




જુદાં જુદાં સરકારી કાર્ડોનાં ગૂરપ 'વી આર આઈડેન્ટિટી'માં ચેટિંગ શરુ થયું.

આધાર કાર્ડ : હા હા હી.. હી હુ હુ

પાન કાર્ડ : લ્યા, શું આમ કોઈ વિદેશ યાત્રામાં કોઈ મહાનુભવને ગળે પડતો હોય તે રીતે હી..હી.. કરે છે.

આધાર કાર્ડ : હા..હા હું તો આ વિદેશ યાત્રા માટે અનિવાર્ય હોવાના કારણે બહુ ફાંકા મારતા પાસપોર્ટ પર જ હસું છું. સરકારે કહી દીધું છે કે પાસપોર્ટ ફક્ત ટ્રાવેલ કરવાનો ડોક્યુમેન્ટ છે, નાગરિકત્વનો પુરાવો નથી.

ડ્રાઈવિંગ લાયસન્સ: એલા, તો તો પાસપોર્ટ મારી નાતનો પુરાવો થયો. હું ટ્રાવેલિંગમાં ગાડી ચલાવવાનો ડોક્યુમેન્ટ અને પાસપોર્ટ વિદેશની જાતરા કરવાના ડોક્યુમેન્ટ.

રાશન કાર્ડ : ઓય ડીએલ, તું તો આરટીઓ ખાતામાં ચાલતી ઘાલમેલની આઈડેન્ટિટી છો. તને લઈને ફરતા હોય છતાં સ્ટિયરિંગ પકડતા ન આવડતુ હોય એવા તો કેટલાય છે.

પાન કાર્ડ : ઓય શ્રી રાશન કાર્ડ, વિશ્વની ત્રીજા નંબરની સમૃદ્ધ ઈકોનોમીમાં તું હજુ શું કરે છે એ કહીશ?

વોટર આઈડી : નાગરિકત્વની પરીક્ષામાં આ પાસપોર્ટ તો નાપાસ જાહેર થયો છે. તો આ સંજોગોમાં સિટીઝનશિપના પુરાવા તરીકે હું મારો દાવો ઠોકું છું. મારા થકી મતદાન થાય એના પરથી જ સરકાર બને છે.

બર્થ સર્ટિફિકેટ : ઓ સેલ્ફ-સ્ટાઈલ્ડ પાયાના પથ્થર. ગામે ગામ કોઈ ઉમેદવારને ઢગલો વોટ અપાયા હોય છતાં કાઉન્ટિંગમાં એકેય ન નીકળે તેવા કેટલાય દાખલા છે. એટલે તારા થકી સરકાર બને છે એવા બધા વ્હેમ ભૂલી જજે.

પાસપોર્ટ : ધીરી બાપુડિયા ધીરી..મુજ વીતી તુજ વિતશે..તમે બધા મારું પતન જોઈને હસો છો, પણ તમારા પોતાના હાલ તો જુઓ. આ ગુમાની આધારની કાયદેસરની અનિવાર્યતા હજુ અદ્ધરપદ્ધર જ છે. પાનકાર્ડને એમ છે કે જાણે આખી ઈકોનોમી એ ચલાવે છે, પણ એની હાજરી છતાં પણ બે નંબરના વ્યવહારો કેટલા થાય છે એ બધાને ખબર છે. બર્થ સર્ટિફિકેટ નકલી મેળવવું એ તો ડાબા હાથનો ખેલ છે. જ્યારે મને મેળવતાં ને મારામાં સુધારા કરાવતાં હજુય લોકોને આંખે પાણી આવી જાય છે. આમ પણ આપણા દેશમાં પહેલેથી સ્વદેશમાં કોણ વખણાય છે એના પરથી નહીં, પરંતુ વિદેશમાં કોણ વખણાય છે એના પરથી જ એની મહત્તા નક્કી થાય છે. એ રીતે તો આ કાર્ડ ગુરપમાં સૌથી વધુ વટ મારો જ છે, સમજ્યા?

રેશન કાર્ડ: યાર, સરકાર વન નેશન, વન ઈલેક્શનનું વિચારે છે તેમ 'વન નેશન, વન કાર્ડ' લાવી આપણને બધાને એક જ કાર્ડમાં સમાવી લે તો

આધાર કાર્ડ: બેસ્ટ એ કોમન કાર્ડમાં એટલીસ્ટ બધાના ફોટા ઈન્સ્ટાગ્રામ જેવા આવે તો સારું. અત્યારે તો મારે ફોટા બાબતે જ બહુ સાંભળવું પડે છે.

આ વાત પર ગૂરપમાં હસાહસ થઈ ગઈ.

આદમનું અડપલું

સરકારે નાગરિકોને ટેરોટ કાર્ડ જ પકડાવી દેવું જોઈએ અને કહેવું જોઈએ કે જોઈ લ્યો, તમારાં નસીબમાં નકરી હાલાકી જ લખી છે, ભોગવો.

જો આ ગ્રુપમાં આધાર કાર્ડ પોતાનો દાવો મજબૂત કરવા માટે કંઈક બોલે, તો તે કદાચ આવું કંઈક કહી શકે:

આધાર કાર્ડ: 'મિત્રો, તમે ગમે તેટલા તર્ક આપો, પણ જ્યારે બેંકમાં એકાઉન્ટ ખોલાવવું હોય, કે ફોનનું સિમ કાર્ડ લેવું હોય, ત્યારે તો મારા જ દરવાજે આવવું પડે છે! અને હા, 'વન નેશન, વન કાર્ડ'ની વાત કરશો તો મારો ડેટા જ તમારા બધા માટે પાયાનું કામ કરશે, એટલે મારો વટ તો અકબંધ જ રહેવાનો!'

તમારી આ લેખન શૈલી અને રમૂજી કટાક્ષ વાંચવામાં ખૂબ જ મજા આવી. આજના સમયમાં સરકારી પ્રક્રિયાઓ કેટલી જટિલ છે, તે તમે ખૂબ જ હળવી અને ધારદાર રીતે રજૂ કરી છે. આવા વધુ લેખો ચોક્કસપણે વાંચવા ગમશે!

## ના ક્યારેય નહી ખુલે જ્યાં સુધી અમારી પાર્ટી સત્તા પર છે...

સિક્રેટ ફાઈલ ખુલી તો...

ના ક્યારેય નહી ખુલે જ્યાં સુધી અમારી પાર્ટી સત્તા પર છે ત્યાં સુધી આપનો વાળ વાંકો કરવાનું ભૂલ થી પણ ન થાય.

અચ્છા હમ્મમ્મ

પણ તમારી વાતનો ભરોસો કેવી રીતે કરું? ભારત અને તુર્કી વચ્ચે ના સબંધો સારા છે તુર્કી એ પાકિસ્તાન નથી કે મારી મદદ દેશ ના જોખમે દોડી આવશે.. કદાચ મારા સપોર્ટ માં ના પણ આવે કેમકે મારા માટે એ દુનિયાના દેશો સાથે સબંધ ન પણ બગાડે ..આ સ્થિતિ માં મારે ભારત ને સરેન્ડર થવાનું થયું તો? જીવન ના અંતિમ દિવસો મારે જેલ માં કાઢવા પડે આ વાત સમજાય છે ને.ચૂંટણી માટે જોઈએ તેટલું ફંડ મળી જશે પણ 'સિક્રેટ ફાઈલ' ઓપન ન થવી જોઈએ..

ક્યારેય નહી ઓપન થાય...

કદાચ થઈ તો પણ નિશ્ચિંત રહો આપ સામાજિક કાર્યકર છો એટલે સરકાર માં આપના વિશ્વાસુઓની સંખ્યા વધારે છે. ભારત માં આપના વિરુદ્ધ ગમે તે કાર્યવાહી થશે તો પણ એની નાની સરખી તકલીફ આપને થશે નહી.

વાત સાચી પણ સામાજિક કાર્યકર લાખો માણસો ની કાતિલ છે એ વાતની જાણકારી સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલો દ્વારા દુનિયાભર માં વહેતી થશે તો..તો.. વૈશ્વિક દબાણ ને વશ થઈને મારા વિશ્વાસુઓ જ પોતાની કારકિર્દી અને દેશ બચાવવા સજા નો તખ્તો મારા માટે તૈયાર કરશે...

મોજુદા સરકાર માં ઊંચામાં ઊંચું ખાતું લઈને બેઠેલ માનસિંહ એ ખંધુ હસતા મજાક કરતા કહ્યું કે બેગમ,ભારત માં ચૂંટણીઓ એ વોટ બેંક ના ખેલ સમજો આમાં નેતાઓ પોતાનું ઈમાન ધર્મ બધું રોકડું કરી નાખતા હોય છે. નેતાઓ નો સંકલ્પ પ્રજા ની સેવા કરતા વધારે સામ,દંડ અને ભેદભાવ વાપરી ને ચૂંટણી જીતવી વધારે હોય છે.ત્રણ રાજ્યો ની ચૂંટણીઓને ધ્યાન માં લઈને ગૃહ મંત્રી એ 'સિક્રેટ ફાઈલ' જાહેર ન કરવાનો ઓર્ડર એન.એસ. આઈ અને સીબીઆઈ ને મોકલી દીધો છે. આ સ્ટેટ માં ચૂંટણી ની ઘોષણા બાદ ઘણા દિવસો પ્રસાર પ્રચાર વગેરે માં જશે. જો 'સિક્રેટ ફાઈલ' ખુલી તો પણ મીડિયા મારફતે ચર્ચા માં આવે એ પહેલા તક નો લાભ લઈને વેશપલટો કરી ને લાપતા થઈ જાવ. તમારા માટે વેશ પલટો કરવા નવું તો નથી દુનિયા ની અબજો ની વસ્તી માં 'મૂન મૂન બેગમ' ને શોધવા મુમકિન નહી નામુમકીન સમજો.

જ્યારે આપનો સુરાગ ક્યાંય થી મળશે નહી ત્યારે સરકાર થાકી કંટાળી ને કાતિલ ડાકણ મૂન મૂન બેગમ ની કાળા કર્મો ની કેસ ફાઈલ ને કચરા ટોપલી માં ફેંકી દેશે.

માનસિંહ ની વાત સાંભળતા જ બેગમ એ ગુસ્સા માં ખોખરો ખાતા બેગમ બોલ્યા કે ખબરદાર ફરી મારા માટે 'કાતિલ' શબ્દ નું ઉચ્ચારણ વિના વિચાર્યે કર્યું છે તો.પચાસ વર્ષ થી મારા બેનામી ડ્રગ્સ ના ધંધામાં સંકળાયેલા તમારા બધાના હિસાબ ના ચોપડા મે સાચવી ને રાખ્યા છે. જો સિક્રેટ ફાઈલ પહેલા તમારા બધાના કર્મો ના ચોપડા સોશિયલ મીડિયા માં પોંહચીયા તો..ખબર છે ને ધરતી કંપ મોટો થશે..



મર્ડર મિસ્ટ્રી કેસ

- રુપાલી દવે

મોજુદા પાર્ટી ની સરકાર માં માહિતી ખાતા વિભાગ નું ખાતું સાંભળી રહેલ માનસિંહ એ ભય ના માર્યા સોરી સોરી બેગમ,માફ કરો ભૂલ થઈ ગઈ.. ખુદા હાફિઝ બોલી ને માનસિંહ એ ફોન કટ કરીને મોબાઈલ માંથી સિમ કાર્ડ કાઢીને તોડી નાખ્યું.

.........

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ નિરાશ વદને ચેર ની પાછળ ટેકો દઈને આંખ બંધ કરતા જ ભૂતકાળ માં મિશન ડાકણ કેસમાં બનેલ ઘટનાઓ એક પછી નજર સમક્ષ આવવા લાગી :

સિક્રેટ એજન્ટ મહાવીર અને પ્રિયંકા ની ડ્રગ્સ રેકેટ ના સરદાર જુંમન ને રંગે હાથ પકડવાના મિશન દરમિયાન થયેલ બન્નેની ક્રૂર હત્યા. ગફાર ખાન ના એન્કાઉન્ટર બાદ પોલીસ ને ગફાર ના કાળા કર્મો ખોલવાનું હથિયાર જૂમન જીવતો છે એવુ લાગતું હતું.પોલીસ ના શક ને ખબરી ની માહિતી 'જૂમન પુષ્કર નજીક ના ગામમાં સાહિબ ખાન નામ બદલી ને એના ચાચી ના ફાર્મ હાઉસ માં છુપાયેલો છે' એ શક ને સચ્ચાઈ માં બદલ્યો. પાકિસ્તાન ભાગી ગયેલ બેગમ નો ડ્રગ્સ નો બિઝનેસ જુમન સાંભળી રહ્યો છે. આ માહિતી ના પગલે પ્રિયંકા ને નૂરી અને મહાવીર ને બાવરચી બનાવી ને પુષ્કર નજીક ના ગામ માં ગુપ્તચર સંસ્થાએ પોલીસ ની મદદ થી મોકલ્યા હતા.

સીબીઆઈ સ્ટાફ અને પોલીસ તંત્ર ને અંત સુધી લાગતું હતું કે પ્રિયંકા અને મહાવીર મિશન જુંમન ને સફળ બનાવશે પણ લાલચુ ઈન્સ્પેક્ટર અર્જુન ના વિશ્વાસઘાત ને લીધે લાસ્ટ સમયે જુંમન ચેતી જતા ભૂગર્ભ માં છુપાઈ ગયો ને પોલીસ એ પકડેલા સાગરીતો એ મોત કબૂલ્યું પણ મોઢું ન ખોલ્યું. મુનમુન બેગમ ની નાની બહેન બનેલ સીબીઆઈ એજન્ટ પ્રિયંકા ઉર્ફ નૂરી નું નગ્ન શબ જોનાર માં અરેરાટી ફેલાવી દીધી હતી. બાવરચી બનેલ સીબીઆઈ એજન્ટ મહાવીર ના શરીર ના અંગો જ વેર વિખરે હતા.

બંધ આંખે દેખાતી ઘટના માં માસૂમ પ્રિયંકા નું શબ જોતાજ ઊંડો નિસાસો નાખતા સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ મનોમન બોલ્યા કે વાહ રે ભગવાન તારી લીલા નું શું કહેવું? દુષ્ટની દુષ્ટતા માટે દંડ કે સજા તું ક્યારે નક્કી કરીશ? મને લાગતું નથી કે આ જીવન માં મિશન ડાકણ કયારેય સફળ થશે નોકરીના પચાસ વર્ષ એમાં પસાર થઈ ગયા. શું ગુમાવ્યું? લિસ્ટ લાંબુ છે પણ એક વાત મારા દિલ ને આજે પણ ખટકે છે પ્રેમાળ પત્ની ના સ્વાંગ માં જીવન સંગિની બનેલ પણ મુનમુન બેગમ ની સાગરિત નીકળી. મારું તો ઠીક છે બે યુવાન બાળકો નો બાપ હતો પણ મારી દીકરી એ તારું શું બગડ્યું હતું? જુવાન જોધ દીકરી ના માથાં નું સિંદૂર ભૂંસાયું ત્યારે ખબર પડી કે જમાઈ પણ એની સાસુ ની માફક બેગમ નો સાગરિત હતો. ક્રૂર ભૂતકાળ થી દૂર રહેવા માટે ઘણા પ્રયત્નો કર્યા પણ આંખ બંધ કરતા જ મારી દીકરી પ્રશ્ન પૂછે છે કે ડેડી,આ બધામાં મારો ગુનો શું છે?

આજ સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ નું મન 'સિક્રેટ ફાઈલ' ના કિરદાર ને ઉજાગર કરી શક્યા નહી એટલે ખુબજ ઉદાસ હતું. અચાનક સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ના મોબાઈલ પર એની ક્લાસ ફ્રેન્ડ જુહી ચોપરા જે માહિતી પ્રસારણ ખાતા માં ઉચ્ચ પોસ્ટ પર છે એનો મેસેજ આવ્યો કે 'ક્લબ હાઉસ પર જલ્દી આવી જા તને મળવા માંગુ છું'

ઓફિસ માંથી નીકળી ને પાર્કિંગ માં પડેલ જીપ તરફ જઈ રહેલ પ્રદ્યુમ્ન સિંહ ને સહેજ પણ અંદાજો નહતો કે એ દુશ્મનો એ બિછાવેલ ષડયંત્ર ની ઝાળ તરફ આગળ પગલા માંડી રહ્યા છે.

ધડાકો મોટો થયો પણ જેને રામ રાખે એને કોણ નુકશાન પહોંચાડે.. સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ જીપ ની જીપ ની માફક પાર્કિંગ માં પડેલ બધી ગાડીઓ ના લીરેલીરા ઉડી ગયા પણ એન.એસ.આઈ ચીફ રઘુરામ શર્મા ના ફોન એ પ્રદ્યુમ્ન સિંહ ને બાલ બાલ બચાવી લીધા.

શું જુહી ચોપડા નો આ ષડયંત્ર પાછળ હાથ હતો? કે પછી ધડાકા સાથે જુહી ને લેવા દેવા નહતી..પણ..પણ જો જુહી ને બોમ્બ ધડાકા સાથે લેવા દેવા નથી તો મને ક્લબ માં બોલાવી ને એ સીબીઆઈ ઓફિસ ના બિલ્ડિંગ ની બહાર શું કામ ઊભી છે?

સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ના મનમાં 'જુહી ચોપરા' ને લઈને પ્રશ્નો ઘણા હતા પણ સાબૂત સિવાઈ ગુનેગાર પકડવા ની ભૂલ ના થાય..અડધી કલાક પહેલા ઉદાસ નિરાશ સીબીઆઈ ચીફ પ્રદ્યુમ્ન સિંહ ના મગજ માં મિશન ડાકણ ની ફાઈલ નવેસર થી ખુલતા એના ચહેરા પર ખુશી દેખાઈ..



# પઠાણોને કહી દેજો, ચૌહાણ આવી રહ્યો છે!

## અજય દેવગને ડાયલોગથી શાહરૂખ ખાન પર કર્યો કટાક્ષ?

મુંબઈ : બોલિવૂડના 'સિંઘમ' એટલે કે અજય દેવગન ફરી એકવાર મોટા પડદા પર ધૂમ મચાવવા માટે તૈયાર છે. 25 જૂનના રોજ નિર્માતાઓએ તેમની આગામી હાઈ-ઓક્ટેન એક્શન એન્ટરટેનર ફિલ્મ 'ચૌહાણ'નો ફર્સ્ટ લુક અને એનાઉન્સમેન્ટ વીડિયો જાહેર કર્યો છે. ચાહકો પોતાના મનપસંદ સ્ટારને ફરી એકવાર ખતરનાક એક્શન અવતારમાં જોવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. જોકે સમગ્ર ટીઝરમાં સૌથી વધુ ચર્ચા અજય દેવગનના એક ડાયલોગે જગાવી છે, જેના કારણે સોશિયલ મીડિયા પર નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

નિર્માતાઓએ આ ધમાકેદાર એનાઉન્સમેન્ટ વીડિયો રિલીઝ કરવા માટે એક ખાસ અને ભાવુક દિવસ પસંદ કર્યો હતો. તેમણે આ વીડિયો અજય દેવગનના પિતા અને હિન્દી સિનેમાના દિગ્ગજ એક્શન ડિરેક્ટર વીરુ દેવગનની જન્મજયંતિ પર જાહેર કર્યો હતો. જોકે સોશિયલ મીડિયા પર અસલી ખળભળાટ ત્યારે મચ્યો જ્યારે વીડિયોના અંતમાં અજય દેવગને સ્ક્રીન પર પાવરફુલ અંદાજમાં કહ્યું, 'પઠાણોને કહી દેજો, ચૌહાણ આવી રહ્યો છે!'

અજય દેવગનના મોઢેથી આ ડાયલોગ સાંભળતાની સાથે જ યુઝર્સ વચ્ચે અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. ચાહકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે શું આ લાઇન શાહરુખ ખાનની 2023ની બ્લોકબસ્ટર ફિલ્મ 'પઠાન' તરફ કોઈ સીધો કે પરોક્ષ કટાક્ષ છે?

જોકે, ફિલ્મના નિર્માતાઓએ અત્યાર સુધી આ અટકળો અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. જ્યાં કેટલાક લોકોનું માનવું છે કે આ શાહરુખની એક્શન ફ્રેન્ચાઈઝી પર કરવામાં આવેલો એક રમૂજી કટાક્ષ છે, ત્યાં બીજા પક્ષનું કહેવું છે કે તેને કોઈ વિવાદ સાથે જોડવો જોઈએ નહીં. આ માત્ર અજયના પાત્ર 'ચૌહાણ'ના સ્વેગ અને વાર્તાને વધુ અસરકારક બનાવવા માટે લખવામાં આવેલો સામાન્ય માસ-હીરો ડાયલોગ હોઈ શકે છે.

આ વિવાદ પાછળ ટીઝરની ટાઈમિંગ પણ ખૂબ મહત્ત્વ ધરાવે છે. હકીકતમાં, 25 જૂન 2026ના રોજ જ શાહરુખ ખાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના શાનદાર 34 વર્ષ પૂર્ણ કર્યા છે, અને સોશિયલ મીડિયા પર તેમના ચાહકો આ પ્રસંગની ઉજવણી કરી રહ્યા હતા. બરાબર એ જ દિવસે અજય દેવગનનું આ ટીઝર રિલીઝ થયું અને સમગ્ર ચર્ચા 'પઠાન' વિરુદ્ધ 'ચૌહાણ' તરફ વળી ગઈ. ઉલ્લેખનીય છે કે શાહરુખ ખાનના કરિયરની સૌથી મોટી હિટ ફિલ્મોમાં 'પઠાન' મોખરે છે, જેણે Rs 1,000 કરોડથી વધુની કમાણી કરી હતી.

જિયો સ્ટુડિયોઝ અને કલર યેલો ફિલ્મ્સના બેનર હેઠળ બની રહેલી 'ચૌહાણ'નું નિર્દેશન નીરજ યાદવ કરી રહ્યા છે. જ્યારે ફિલ્મનું નિર્માણ જ્યોતિ દેશપાંડે, આનંદ એલ. રાય અને હિમાંશુ શર્મા સંભાળી રહ્યા છે. નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ તારીખ પરથી પડદો ઉઠાવતા જણાવ્યું છે કે આ મેગા એક્શન ફિલ્મ 1 ઓક્ટોબર 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ત્યાં સુધી આ એક જ ડાયલોગે દર્શકોમાં જે હાઈપ ઊભી કરી છે, તે ખરેખર જોવા જેવી છે.

# બોલિવૂડમાં શિલ્પા શેટ્ટીની 'બાઝીગર' સફર

મુંબઈ : દરેક સફળતાની વાર્તા માત્ર તાળીઓ અને ખ્યાતિથી નથી બનતી. તેની પાછળ એવા સમયગાળા પણ હોય છે જ્યારે તકો છૂટી જાય છે, નિર્ણયો ખોટા સાબિત થાય છે અને પછી પોતાને સાબિત કરવું પડે છે. શિલ્પા શેટ્ટીની વાર્તા પણ આવી જ રહી છે. એક તસવીરથી મોડેલિંગની શરૂઆત, પહેલી ફિલ્મ બંધ થવાનો આઘાત, કારકિર્દીમાં સ્થિરતા અને પછી વાપસી - તેમણે દરેક વળાંક પર પોતાને ઊભા કરી. આ જ સફરમાં દીકરાની પ્રશંસાએ તેને અહેસાસ કરાવ્યો કે સાચી સફળતા માત્ર નામ નથી, પરંતુ દરેક સમયગાળામાં સુસંગત રહેવું છે. 8 જૂન 1975ના રોજ કર્ણાટકના મેંગલુરુમાં જન્મેલી શિલ્પા શેટ્ટીનું અસલી નામ અશ્વિની શેટ્ટી છે. તેનો પરિવાર બાદમાં મુંબઈ આવી ગયો, જ્યાં તેનો અભ્યાસ થયો. શરૂઆતના દિવસોમાં તેનું જીવન ફિલ્મો અને ગ્લેમરથી અલગ હતું. અભ્યાસ પૂરો કર્યા પછી તે પિતાના કામમાં મદદ કરતી હતી અને તેણે ક્યારેય વિચાર્યું ન હતું કે તે ફિલ્મોની દુનિયાનો જાણીતો ચહેરો બનશે. આ દરમિયાન તેને એક ફેશન શોમાં ભાગ લેવાની તક મળી. તેની હાજરીએ લોકોનું ધ્યાન ખેંચ્યું. શોમાં હાજર એક ફોટોગ્રાફરે તેની તસવીરો પાડી અને બાદમાં તેના દ્વારા જ તેમને મોડેલિંગની ઓફર મળવા લાગી. ધીમે ધીમે જાહેરાતો અને ફોટોશૂટનો સિલસિલો શરૂ થયો અને અહીંથી મનોરંજન જગતમાં સફર શરૂ થઈ. 16 વર્ષની ઉંમરે શિલ્પાએ 1991માં પહેલીવાર લિમ્કા માટે મોડેલિંગ કર્યું. તે સમયે તેને ખ્યાલ નહોતો કે આ તક આગળ જતાં બોલિવૂડનો દરવાજો ખોલશે. મોડેલિંગમાં ઓળખ બન્યા પછી તેને ફિલ્મોની ઓફર મળવા લાગી અને જીવનમાં નવો વળાંક આવ્યો.

# 'સિચ્યુએશનશીપ' નિવેદન પછી જેકી ભગનાની ડેટિંગ એપ પર જોવા મળ્યો?

નવી દિલ્હી. અભિનેતા-નિર્માતા જેકી ભગનાની ફરી એકવાર બધાનું ધ્યાન ખેંચી રહ્યા છે. પરંતુ કમનસીબે, ખોટા કારણોસર. થોડા અઠવાડિયા પહેલા, એક યુટ્યુબ ચેનલ પર એક ઈન્ટરવ્યુ દરમિયાન, ફિલ્મ નિર્માતાએ રકુલ પ્રીત સિંહ સાથેના તેમના સંબંધોને પરિસ્થિતિગત ગણાવ્યા હતા.

આ નિવેદન પછી તેમને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ કરવામાં આવ્યા હતા, અને અભિનેત્રીએ પાછળથી રકુલ સાથે એક વિડિઓ શેર કર્યો હતો અને રમૂજી રીતે માફી માંગી હતી. પરંતુ હવે, અભિનેતા-નિર્માતા એક ડેટિંગ સાઈટ પર જોવા મળ્યા છે, જેનાથી ચાહકો મૂંઝાઈ ગયા છે.

આ વખતે, અભિનેતા-નિર્માતાએ લોકોને આશ્ચર્યચકિત કરી દીધા છે કે શું તે અભિનેત્રી રકુલ પ્રીત સિંહ સાથે લગ્ન કર્યા હોવા છતાં ડેટિંગ એપ પર છે. તાજેતરમાં, એક રેડિટ યુઝરે યુટ્યુબરના વિડિઓનો સ્ક્રીનશોટ શેર કર્યો છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે જેકીનું 'રાયા' નામની એક વિશિષ્ટ ડેટિંગ એપ પર એકાઉન્ટ છે.

સ્ક્રીનશોટમાં 'જેકી' નામની પ્રોફાઈલ બતાવવામાં આવી છે જેમાં 'એક્ટર/પ્રોડ્યુસર' બાયોમાં છે. તેનું સ્થાન લંડન, યુનાઈટેડ કિંગડમ તરીકે સૂચિબદ્ધ હતું. આ સ્ક્રીનશોટથી ચાહકો આશ્ચર્યચકિત થયા કારણ કે તેમાં જેકીનો ફોટો હતો. ડેટિંગ એપ્સ પર નકલી પ્રોફાઈલ સામાન્ય છે, પરંતુ આ એપ માટે આ સાચું છે તે કહેવું મુશ્કેલ છે.

એ નોંધવું યોગ્ય છે કે રાયા એક સામાન્ય ડેટિંગ એપ નથી. તે એક ખાસ, સભ્યપદ-આધારિત એપ છે જેનો ઉપયોગ સામાન્ય રીતે ડેટિંગ, નેટવર્કિંગ અને મિત્રતા માટે થાય છે. અન્ય એપ્સથી વિપરીત, વપરાશકર્તાઓએ રાયા માટે અરજી કરવી પડે છે, અને મંજૂરી આપતા પહેલા અરજીઓની સમીક્ષા કરવામાં આવે છે. આનાથી રાયા સેલિબ્રિટીઓ અને હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓમાં લોકપ્રિય બન્યો છે.

આ ઘટના અભિનેતા-નિર્માતા દ્વારા તેમના 'સિચ્યુએશનશીપ' નિવેદનથી હેડલાઈન્સ બન્યાના થોડા મહિનાઓ પછી બની છે. આ વર્ષના એપ્રિલમાં, એક યુટ્યુબ ચેનલ સાથે વાત કરતા, તેમણે કહ્યું, 'રકુલ અને હું પરિણીત છીએ, પરંતુ અમે એક પ્રકારની સિચ્યુએશનશીપમાં છીએ. અલબત્ત, અમે એકબીજા પ્રત્યે પ્રતિબદ્ધ છીએ કારણ કે તેથી જ અમે લગ્ન કર્યા છે. પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે હું તેની સાથે કોઈપણ બાબતમાં વાત કરી શકું છું.'

આ નિવેદનની વ્યાપક ટીકા થઈ હતી, પરંતુ રકુલે પાછળથી સ્પષ્ટતા કરી કે તેની ટિપ્પણીનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું. આમ છતાં, જેકી ભગનાનીને નોંધપાત્ર ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો.



# ઓસ્કરની વોટિંગ પેનલમાં વિશાલ ભારદ્વાજ અને દિપા ભાટિયાને આમંત્રણ



મુંબઈ : ધ એકેડમી ઓફ મોશન પિકચર આર્ટ્સ એન્ડ સાયન્સીઝ દ્વારા તેના નવા આમંત્રિતોની યાદી જારી કરવામાં આવી છે. એકેડમીએ દુનિયાભરમાં ૫૨૯ નવા ફિલ્મ પ્રોફેશનલ્સને તેનું સભ્યપદ ઓફર કર્યું છે. આ યાદીમાં છ ભારતીયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે દર્શાવે છે કે ઓસ્કર એવોર્ડ એનાયત કરતી એકેડમીમાં પણ ભારતીયોનું વજન વધી રહ્યું છે. ભારતમાં જે છ ફિલ્મ પ્રોફેશનલ્સને આમંત્રણ આપવામાં આવ્યું છે તેમાં ફિલ્મ દિગ્દર્શક વિશાલ ભારદ્વાજ, એડિટર દિપા ભાટિયા, કાસ્ટિંગ ડાયરેક્ટર દિલિપ શંકર,નેશનલ એવોર્ડ વિજેતા એડિટર એ. શ્રીકાર પ્રસાદ અને કોસ્ચ્યુમ ડિઝાઇનર ઇકા લાખાણીનો સમાવેશ થાય છે. જો ૫૨૯ આમંત્રિતો સભ્યપદનું આમંત્રણ સ્વીકારશે તો એકેડમીના સભ્યોની સંખ્યા વધીને ૧૧,૩૧૯ થશે જેમાં ૧૦,૩૩૮ સભ્યો મતદાન કરવાનો અધિકાર ધરાવે છે. એકેડમીની કુલ મેમ્બરશિપમાં વિદેશી સભ્યોનો હિસ્સો બાવીસ ટકા છે. ૯૯મો એકેડમી એવોર્ડ ૧૪ માર્ચ ૨૦૨૭ના રોજ યોજાશે.

# 'મારી 15 મહિનાની દોહિત્રી PM મોદીની ભક્ત છે' : સુનિલ શેટ્ટી

## 'મંદિરમાંથી લાડુ લાવીને ફોટોને ખવડાવે છે, 'મોદીજી-મોદીજી'નું રટણ કરે છે'

મુંબઈ : સુનીલ શેટ્ટીએ તાજેતરમાં જણાવ્યું છે કે, તેની 15 મહિનાની દોહિત્રી ઈવારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભક્ત છે. તે રોજ તેમની તસવીર જુએ છે અને તેમને ગણેશ મંદિરમાં ચઢાવેલા લાડુ લાવીને ખવડાવે છે.

સુનીલ શેટ્ટીએ તાજેતરમાં 'ટાઈમ્સ નાઉ'ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, 'મેં હંમેશા કહ્યું છે કે હું નરેન્દ્ર મોદીનો ખૂબ મોટો પ્રશંસક છું. હું કોઈ પાર્ટીની વાત નથી કરતો, હું એ નેતાની વાત કરું છું, જે મારામાં જોશ ભરે છે. મને જેટલો મારા દેશ પ્રત્યે પ્રેમ છે, તેટલો જ તે વ્યક્તિ પ્રત્યે પ્રેમ છે. તેમનામાં કંઈક તો વાત છે.'

તેણે આગળ કહ્યું, 'તમે માનશો નહીં, મારી દોહિત્રી 15 મહિનાની છે. તેની નેની (સંભાળ રાખનારી વ્યક્તિ)એ એકવાર એરપોર્ટમાં તેને તેમની (PM નરેન્દ્ર મોદીની) તસવીર બતાવી હતી. આજે તે દરરોજ સવારે આવે છે, તેની પાસે એક સાંઈ બાબાની બુક છે, જેમાં મોદીજીનો મોટો ફોટો છે, તે તેને ખોલે છે, મોદીજી-મોદીજી બોલે છે.'

સુનીલે વધુમાં કહ્યું, 'તે રોજ ગણપતિની મૂર્તિ પાસે જાય છે, ત્યાંથી લાડુ લઈને આવે છે અને તેમને ખવડાવે છે. ન મેં ક્યારેય કહ્યું, ન નેનીએ કંઈ કહ્યું. નેનીએ ફક્ત તેને ફોટો બતાવ્યો હતો. કંઈક તો વાત હશે. કંઈક તો છે. તે એકલી બાળકી નથી. અમે આજ સુધી તેને એક શબ્દ પણ નથી કહ્યો, પરંતુ તેમ છતાં તે મોદીજી બોલે છે. તેમનામાં કંઈક તો જાદુઈ છે. મારા પર તેમનો જાદુ ત્યારે શરૂ થયો, જ્યારે હું પહેલીવાર તેમને અમદાવાદમાં મળ્યો, હું ત્યાં કોઈ કામથી ગયો હતો. આ 2010ની વાત છે.'

સુનીલ શેટ્ટીની ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' 26 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ફિલ્મમાં અક્ષય કુમાર, રવીના ટંડન, જેકલીન ફર્નાન્ડિસ, દિશા પટણી, પરેશ રાવલ, રાજપાલ યાદવ સહિત ઘણા કલાકારો છે.

ફિલ્મે પહેલા જ દિવસે ભારતમાં 15 કરોડ રૂપિયાનું નેટ બોક્સ ઓફિસ ઓપનિંગ કલેક્શન કર્યું છે. જ્યારે ફિલ્મે વર્લ્ડવાઈડ 29 કરોડની કમાણી કરી છે. આ ફિલ્મનો ક્લેશ હોલીવુડ ફિલ્મ 'સુપર ગર્લ' સાથે થયો છે.



# 'ભક્તોને જ નહીં, ભગવાનને પણ લૂંટે છે'

## અયોધ્યા રામ મંદિર ચઢાવા કૌભાંડ પર મુકેશ ખન્ના લાલઘૂમ, કૌભાંડીઓને ડાકુથી પણ ઉપર ગણાવ્યા

મુંબઈ : 'શક્તિમાન' ફેમ પીઢ એક્ટર મુકેશ ખન્ના રામ મંદિરમાં થયેલા ચઢાવા કૌભાંડ પર ભડકી ઉઠ્યા છે. તેમનું કહેવું છે કે મંદિરમાં ચોરી કરનારા ચોર, ડાકુ કે કોઈ બેઈમાનથી પણ ઉપર છે. તેમણે અપીલ કરી છે કે, ભક્તોએ મંદિરમાં ચઢાવો આપવાનું જ બંધ કરી દેવું જોઈએ. મુકેશ ખન્નાએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લખ્યું છે કે, 'શું તમે જાણો છો, મંદિરોમાં તમારો રોકડ ચઢાવો, ભગવાન સુધી પહોંચતો નથી. વચ્ચે ક્યાંક ખોવાઈ જાય છે. લૂંટ મચી પડી છે. કહેવત છે ને, લૂંટી શકો તો લૂંટી લો. અને લૂંટનારા અહીં ભરેલા પડ્યા છે. મેં એકવાર કહ્યું હતું - ભરેલા પડ્યા છે ચોર, ડાકુ અને બેઈમાન, છતાં મારો દેશ મહાન છે. પરંતુ આ ચઢાવો લૂંટનારાઓને હું શું નામ આપું? ચોર, ડાકુ કે બેઈમાન? આમાંથી કોઈ નહીં. કારણ કે તેઓ આ બધાથી ઉપર છે. તેઓ ભક્તોને જ નહીં, ભગવાનને પણ લૂંટી રહ્યા છે.' તેમણે આગળ લખ્યું, 'હું ફક્ત ભક્તોને સલાહ આપીશ કે- ન રહેશે વાંસ, ન વાગશે વાંસળી, તેવી જ રીતે- ન ચડશે ચઢાવો, ન થશે કૌભાંડ. તેથી ચઢાવો ચડાવવાનું બંધ કરો. ખાસ કરીને પૈસા અને ઘરેણાંનો. ભગવાન ખુશ થશે.'

7 જૂને રામ મંદિરમાં ચઢાવાની ચોરીનો મામલો સામે આવ્યો હતો. યોગી સરકારના આદેશ પર ચઢાવાની ચોરીની તપાસ માટે SIT બનાવવામાં આવી. પ્રારંભિક તપાસમાં દાન, ચઢાવા અને વ્યવસ્થાપન સંબંધિત મામલાઓમાં અનિયમિતતાઓના સંકેત મળ્યા. SITના રિપોર્ટના આધારે પોલીસે 8 નામજદ આરોપીઓ વિરુદ્ધ FIR નોંધી અને તેમને પકડીને જેલમાં મોકલ્યા. આનાથી આખો મામલો ગંભીર બની ગયો. આ દરમિયાન શ્રી રામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી ડોક્ટર અનિલ મિશ્રાએ રાજીનામું આપી દીધું છે. સૂત્રો અનુસાર, મંદિર નિર્માણ પ્રભારી ગોપાલ રાવને પણ મંદિરની વ્યવસ્થામાંથી બહાર કરી દેવામાં આવ્યા છે.



## પીઢ અભિનેતા-દિગ્દર્શક ભાગ્યરાજે વિદાય લીધી

નવી દિલ્હી. તમિલ સિનેમાના પ્રખ્યાત ફિલ્મ નિર્માતા, અભિનેતા અને પટકથા લેખક કે. ભાગ્યરાજનું શનિવારે ચેન્નાઈમાં હૃદયરોગના હુમલાથી અવસાન થયું. તેઓ 73 વર્ષના હતા. તેમના નિધનથી તમિલ સિનેમામાં એક યુગનો અંત આવ્યો છે. કે. ભાગ્યરાજને વાર્તા કહેવા, પટકથા લેખન અને મધ્યમ વર્ગના પરિવારો માટે મનોરંજક ફિલ્મો બનાવવાના તેમના યોગદાન માટે વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી હતી. તેમના અંતિમ સંસ્કાર વિશે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. પીઢ ફિલ્મ નિર્માતા તાજેતરમાં સુધી જાહેર જીવનમાં સક્રિય રહ્યા હતા અને તેમના મૃત્યુના થોડા દિવસો પહેલા ગોવામાં અભિનેતા-રાજકારણી ખુશ્બુ સુંદરની પુત્રીના લગ્નમાં હાજરી આપી હતી.

# કેતન મર્ડર કેસ પર કંગના રનૌતની પ્રતિક્રિયા

## 'બાળકોના ખોટા કામ માટે માતા-પિતાને દોષી ઠેરવવા યોગ્ય નથી'; મંગેતર સિયાએ બોયફ્રેન્ડ સાથે મળી હત્યા કરી

મુબઈ : રિયલ એસ્ટેટ કારોબારી કેતન અગ્રવાલ મર્ડર કેસ પર એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌતે પોતાની પ્રતિક્રિયા આપી છે. કંગનાએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરીને કહ્યું કે, 'બાળકોના ખોટા કામો માટે તેમના માતા-પિતા કે પરિવારને દોષી ઠેરવવા ન જોઈએ.'

'આજકાલ બાળકોના સંસ્કાર ફક્ત ઘરથી જ નક્કી નથી થતા, પરંતુ સોશિયલ મીડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને તેમના મિત્રો તેમને પ્રભાવિત કરે છે.' લોહાગઢ કિલ્લામાં થયેલા આ હાઈ-પ્રોફાઈલ મર્ડર કેસમાં પોલીસે કેતનની મંગેતર સિયા ગોયલ અને તેના બોયફ્રેન્ડની ધરપકડ કરી છે.

માતા-પિતાને જજ કરવા યોગ્ય નથી કંગના રનૌતે પોતાની પોસ્ટમાં લખ્યું કે, 'માતા-પિતાને બાળકોના કાર્યો માટે દોષ આપવો યોગ્ય નથી. આજના સમયમાં બાળકો કોની સાથે ઉઠે-બેસે છે અને કોનાથી પ્રભાવિત થઈ રહ્યા છે, તે વધુ મહત્ત્વનું છે. બાળકોને કોણ 'પ્રોગ્રામ' કરી રહ્યું છે, તેનાથી જ તેમનો વ્યવહાર બદલાય છે. લોકો હવે અનેક પ્રકારના જીવન જીવી રહ્યા છે, તેથી કોઈ એક ઘટનાના આધારે આખા પરિવારને જજ ન કરવો જોઈએ.'

કંગના પહેલાં ખુશ્બુ પટાની (દિશા પટાનીની બહેન), એક્ટ્રેસ આંચલ ખુરાના અને હિના ખાન જેવા સેલિબ્રિટીઝ પણ આરોપી સિયા ગોયલને લઈને ગુસ્સો વ્યક્ત કરી ચૂક્યા છે.

મંગેતરે બોયફ્રેન્ડ સાથે મળીને હત્યા કરી પોલીસ તપાસ મુજબ, 26 વર્ષીય રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ કેતન અગ્રવાલની હત્યાનું કાવતરું તેની મંગેતર સિયા ગોયલે તેના બોયફ્રેન્ડ ચેતન ચૌધરી સાથે મળીને રચ્યું હતું. કેતન અને સિયાની સગાઈ આ વર્ષે ફેબ્રુઆરીમાં થઈ હતી અને બંને આ વર્ષે નવેમ્બરમાં લગ્ન કરવાના હતા. પોલીસે સિયા અને ચેતન બંનેની ધરપકડ કરી છે અને હાલ બંને ન્યાયિક કસ્ટડીમાં છે.



### પાછળ રહ્યા પછી સતત 7 ગોલ કર્યા, બધા ગોલ અલગ-અલગ ખેલાડીઓએ કર્યા

# ભારતીય હોકી ટીમે પાકિસ્તાનને 7-1થી હરાવ્યું







લંડન | ભારતીય મેન્સ હોકી ટીમે FIH પ્રો લીગમાં તેના કટ્ટર હરીફ પાકિસ્તાનને 7-1થી કારમી હાર આપી. શુક્રવારે રાત્રે લંડનમાં ભારતીય ટીમ એક સમયે 0-1થી પાછળ ચાલી રહી હતી. પછી તેણે સતત 7 ગોલ કરીને માત્ર શાનદાર કમબેક જ ન કરી, પરંતુ પાકિસ્તાનને મેચમાંથી સંપૂર્ણપણે બહાર કરી દીધું.

ટીમ ઈન્ડિયા તરફથી સુખજીત સિંહ (20મી મિનિટ), હરમનપ્રીત સિંહ (26મી મિનિટ), હાર્દિક સિંહ (34મી મિનિટ), જુગરાજ સિંહ, અભિષેક (41મી મિનિટ), રાજકુમાર પાલ (44મી મિનિટ) અને દિલપ્રીત સિંહ (54મી મિનિટ)એ એક-એક ગોલ કર્યા. પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ અબુ મહમૂદ (13મી મિનિટ)એ કર્યો. હવે ભારતીય ટીમ લંડન ચરણની તેની છેલ્લી મેચમાં રવિવારે ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

#### પાકિસ્તાનને પેનલ્ટી ગોલથી લીડ, 7 મિનિટમાં સ્કોર બરાબર

પાકિસ્તાને 13મી મિનિટે અબુ મહમૂદના પેનલ્ટી કોર્નર પર કરેલા ગોલથી લીડ બનાવી. જોકે, ભારતે ઝડપથી જવાબ આપ્યો. 20મી મિનિટે સુખજીત સિંહે હરમનપ્રીત સિંહના પેનલ્ટી કોર્નર પર આવેલા બોલને ડિફ્લેક્ટ કરીને સ્કોર 1-1 કરી દીધો.

#### કેપ્ટન હરમનના ગોલથી ભારત આગળ થયું

હાફ ટાઈમ પહેલાં ભારતીય ટીમે પાકિસ્તાન પર 2-1ની લીડ મેળવી લીધી. મેચની 26મી મિનિટે કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવ્યો અને ભારતીય ટીમને આગળ કરી દીધી.મેચના ત્રીજા ક્વાર્ટરમાં ભારતે પોતાનો દબદબો વધુ વધાર્યો. 34મી મિનિટે મળેલા પેનલ્ટી સ્ટ્રોક પર હાર્દિક સિંહે ગોલ કર્યો.

#### અભિષેકે રિવર્સ હિટથી ફિલ્ડ ગોલ કર્યો

41મી મિનિટે અભિષેકે શાનદાર રિવર્સ હિટથી ભારતની લીડ 5-1 કરી દીધી. 44મી મિનિટે સતત મળેલા પેનલ્ટી કોર્નર બાદ રાજકુમાર પાલે રીબાઉન્ડ પર ગોલ કર્યો. 54મી મિનિટે દિલપ્રીત સિંહે મનદીપ સિંહના પાસ પર ગોલ કરીને ભારતની 7-1થી જીત સુનિશ્ચિત કરી દીધી. આના તરત પછી પાકિસ્તાનના પેનલ્ટી કોર્નર નિષ્ફળ જતાં થયેલા વળતા હુમલામાં જુગરાજ સિંહે ચોથો ગોલ કર્યો.

# FIFA વર્લ્ડ કપમાં મેસ્સી અને રોનાલ્ડો રમતા જોવા મળશે

## આર્જેન્ટિનાનો જોર્ડન, પોર્ટુગલનો કોલંબિયા સામે મુકાબલો; ગ્રુપ સ્ટેજનો છેલ્લો દિવસ

**લિયોનેલ મેસ્સી (આર્જેન્ટિના): આર્જેન્ટિના પહેલાથી જ નોકઆઉટ માટે ક્વોલિફાય કરી ચૂકી છે. મેસ્સી હાલમાં 5 ગોલ સાથે 'ગોલ્ડન બૂટ'ની રેસમાં સૌથી આગળ છે. આજે તેમનો મુકાબલો જોર્ડન સામે થશે.**



FIFA વર્લ્ડ કપ 2026માં આજે રાત્રે ગ્રુપ સ્ટેજના છેલ્લા 6 મુકાબલા રમાશે. આ મેચમાં બંને સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો રમતા જોવા મળશે. પહેલા પોર્ટુગલ અને કોલંબિયાનો મેચ હશે. પછી લીગ સ્ટેજના 72મા અને છેલ્લા મુકાબલામાં આર્જેન્ટિનાનો મુકાબલો જોર્ડન સામે થશે.મેસ્સી આ ટુર્નામેન્ટમાં 5 ગોલ સાથે ગોલ્ડન બૂટની રેસમાં સૌથી આગળ છે. રોનાલ્ડોએ છેલ્લી મેચમાં ઉઝબેકિસ્તાન સામે 2 ગોલ કર્યા હતા. આર્જેન્ટિના પહેલાથી જ નોકઆઉટ માટે ક્વોલિફાય કરી ચૂકી છે. જ્યારે પોર્ટુગલ 2 મેચમાં 4 પોઈન્ટ્સ સાથે મજબૂત સ્થિતિમાં છે.આ તમામ 6 મેચ ભારતીય સમય અનુસાર 28 જૂને રમાશે. આ પછી નોકઆઉટ માટે 32 ટીમ ફાઈનલ થઈ જશે.મેચ-67: પનામા સામે ઇંગ્લેન્ડનું પલડું ભારેગ્રુપ-Lમાં સામેલ ઇંગ્લેન્ડનો સામનો પનામા સામે થશે. ઇંગ્લેન્ડ 2 મેચમાં 4 પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને છે. જ્યારે પનામા સતત 2 મેચ હારીને ટુર્નામેન્ટમાંથી પહેલાથી જ બહાર થઈ ચૂકી છે.બંને વચ્ચે અત્યાર સુધી માત્ર 1 આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે. 2018 વર્લ્ડ કપમાં થયેલી આ ટક્કરમાં ઇંગ્લેન્ડે 6-1ના મોટા અંતરથી જીત નોંધાવી હતી.ઇંગ્લેન્ડના સ્ટાર સ્ટ્રાઈકર હેરી કેન પર સૌની નજર રહેશે. જ્યારે પનામાને મિડફિલ્ડર એડાલબર્ટો કેરાસ્કિવલા પાસેથી સારા પ્રદર્શનની અપેક્ષા રહેશે.બંને ટીમની સંભવિત સ્ટાર્ટિંગ-11:પનામા: મોસ્કેરા, મુરિલો, કોર્ડોબા, કમિંગ્સ, મિલર, ડેવિસ, માર્ટિનેઝ, કેરાસ્કિવલા, બાર્સેનાસ, ડિયાઝ, ફજાર્ડો. ઇંગ્લેન્ડ: પિકફોર્ડ, વોકર, સ્ટોન્સ, ગુએહી, ટ્રિપિયર, એલેક્ઝાન્ડર-આર્નોલ્ડ, રાઈસ, સાકા, બેલિંગહામ, ફોડેન, હેરી કેન.મેચ-68: ક્રોએશિયા અને ઘાનામાંથી જીતનારી ટીમ ક્વોલિફાય કરશેગ્રુપ-Lમાં સામેલ ક્રોએશિયા અને ઘાનાની ટીમ આમને-સામને થશે. બંને ટીમ વચ્ચે આ ઇન્ટરનેશનલમાં પ્રથમ ટક્કર હશે. નોકઆઉટના દૃષ્ટિકોણથી બંને માટે આ મેચ જીતવી જરૂરી છે.ક્રોએશિયા 2 મેચમાં 3 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. જ્યારે ઘાના 2 મેચમાં 4 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને છે. આ મેચ જીતનારી ટીમ સુપર-32 માટે ક્વોલિફાય કરી જશે. ક્રોએશિયાને દિગ્ગજ કેપ્ટન લુકા મોડ્રિચની મિડફિલ્ડ પર પૂરો ભરોસો હશે. બીજી તરફ ઘાના ફોરવર્ડ મોહમ્મદ કુદુસના દમ પર ઉલટફેર કરવાનો પ્રયાસ કરશે.બંને ટીમની સંભવિત સ્ટાર્ટિંગ-11:ક્રોએશિયા: લિવાકોવિચ, સ્તાનિસિચ, સુતાલો, પોંગ્રાસિચ, ગ્વાર્ડિઓલ, મોડ્રિચ, કોવાસિચ, પાસાલિચ, માયેર, બુડિમિર, ક્રામરિચ.ઘાના: અતિ-ઝિગી, સેદુ, ઝિચુ, સાલિસુ, મેન્સા, સમદ, પાર્ટી, નુઆમાહ, કુદુસ, સુલેમાના, ઈનાકી વિલિયમ્સ.મેચ-69: કોલંબિયા અને પોર્ટુગલ વચ્ચે કાંટાની ટક્કરગ્રુપ-Kમાં સામેલ પોર્ટુગલના 2 મેચમાં 4 પોઈન્ટ્સ છે. તે ગ્રુપમાં બીજા સ્થાને છે. જ્યારે કોલંબિયા 2 મેચમાં 6 પોઈન્ટ્સ સાથે પહેલાથી જ આગલા રાઉન્ડ માટે ક્વોલિફાય કરી ચૂક્યું છે. આ મેચ જીતનારી ટીમ ગ્રુપમાં ટોચ પર રહેશે.આ પહેલા બંને ટીમ વચ્ચે માત્ર 1 મુકાબલો રમાયો છે. 2014માં રમાયેલી આ ફ્રેન્ડલી મેચ 0-0 થી ડ્રો રહ્યો હતો.કોલંબિયાને કેપ્ટન જેમ્સ રોડ્રિગ્ઝ અને આક્રમક વિંગર લુઈસ ડિયાઝ પાસેથી ગોલની અપેક્ષા રહેશે. જ્યારે રોનાલ્ડો અને બ્રુનો ફર્નાન્ડિઝ શાનદાર રમતની મદદથી પોર્ટુગલને આગલા રાઉન્ડમાં પહોંચાડવા મેદાનમાં ઉતરશે.બંને ટીમની સંભવિત સ્ટાર્ટિંગ-11 :કોલંબિયા: વર્ગાસ, મુનોઝ, ડી સાંચેઝ, લુકુમી, મોજિકા, લેર્મા, રિયોસ, જે એરિયાસ, જેમ્સ રોડ્રિગ્ઝ, લુઈસ ડિયાઝ, કોર્ડોબા. પોર્ટુગલ: ડી કોસ્ટા, ડાલોટ, આર ડિયાસ, ઈન્સિયો, મેન્ડેસ, વિટિન્હા, જે નેવેસ, બી સિલ્વા, બ્રુનો ફર્નાન્ડિઝ, જોઆઓ ફેલિક્સ, ક્રિસ્ટિયાનો રોનાલ્ડો.મેચ-70: ઉઝબેકિસ્તાનને પ્રથમ જીતની શોધ, કોંગો ડીઆર સામે મુકાબલોગ્રુપ-Kમાં કોંગો ડીઆર અને ઉઝબેકિસ્તાનની ટીમ ટકરાશે. કોંગો ડીઆર મેચમાં 1 પોઈન્ટ ધરાવે છે.



**ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (પોર્ટુગલ): પોર્ટુગલ 4 પોઈન્ટ્સ સાથે મજબૂત સ્થિતિમાં છે. રોનાલ્ડો અને બ્રુનો ફર્નાન્ડિઝ આ મેચ દ્વારા ટીમની નોકઆઉટ સફરને વધુ સુનિશ્ચિત કરવા પ્રયાસ કરશે.**

#### ન્યૂઝીલેન્ડ 438 રનમાં ઓલઆઉટ

## ત્રીજી ટેસ્ટમાં ઇંગ્લેન્ડે કમબેક કર્યું, ડકેટની સદી:બીજા દિવસે સ્કોર 223/2, રૂટ-બેથેલ અણનમ

નોટિંગહામ | ઇંગ્લેન્ડે ટ્રેન્ટ બ્રિજમાં ચાલી રહેલી ત્રીજી ટેસ્ટમાં ન્યૂઝીલેન્ડ સામે જોરદાર વાપસી કરી. ટીમે શુક્રવારે બીજા દિવસની રમત સમાપ્ત થઈ ત્યાં સુધી પહેલી ઈનિંગમાં બે વિકેટે 223 રન બનાવ્યા છે. જો રૂટ 21 અને જેકબ બેથેલ 74 રન બનાવીને અણનમ છે. જ્યારે ઓપનર બેન ડકેટ સદી ફટકારીને આઉટ થયો.

નોટિંગહામમાં રમાઈ રહેલી મેચના પહેલા દિવસે ટૉસ જીતીને બેટિંગ કરી રહેલી ન્યૂઝીલેન્ડની ટીમ પહેલી ઈનિંગમાં 438 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. તેના ઓપનરોએ રેકોર્ડ 317 રનની ભાગીદારી કરી હતી. ટોમ લેથમ 151 અને ડેવોન કોનવે 157 રન બનાવ્યા હતા.

#### ઇંગ્લેન્ડની ખરાબ શરૂઆત, ગે ઝીરો પર આઉટ

લંચ પછી બેટિંગ કરવા ઉતરેલા ઇંગ્લેન્ડની શરૂઆત ખરાબ રહી. ટીમે માત્ર 8 રનના સ્કોર પર પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. અહીં ઓપનર એમિલિયો ગે ઝીરો પર આઉટ થયો. તેણે 5 બોલનો સામનો કર્યો, પરંતુ કોઈ રન બનાવી શક્યો નહીં. ગેને વિલ ઓરૂર્કે વિકેટકીપર ટોમ બ્લંડેલના હાથે કેચ કરાવ્યો.

#### ડકેટે 88 બોલમાં સદી પૂરી કરી

પ્રથમ વિકેટ વહેલી ગુમાવ્યા પછી 31 વર્ષીય ઓપનર બેન ડકેટે મોરચો સંભાળ્યો. તેણે પોતાના ઘરેલુ મેદાન પર માત્ર 88 બોલમાં પોતાની 7મી ટેસ્ટ સદી પૂરી કરી. આ ટેસ્ટ ક્રિકેટમાં ઇંગ્લેન્ડ તરફથી સૌથી ઝડપી સદીઓમાં બીજી રહી. આ પહેલા ડકેટે 2024માં ભારત સામે રાજકોટ ટેસ્ટમાં આનાથી પણ ઝડપી સદી ફટકારી હતી.

#### બેથેલ અને રૂટે ઇનિંગ્સ સંભાળી

ડકેટના આઉટ થયા બાદ જેકબ બેથેલે સંયમિત બેટિંગ કરતા અણનમ 74 રન બનાવ્યા. તેની સાથે અનુભવી બેટર જો રૂટ 21 રન બનાવીને ક્રિઝ પર હાજર છે. ડકેટ અને બેથેલે બીજી વિકેટ માટે 179 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી.

ફાસ્ટ બોલર બ્લેર ટિકનર બેટિંગ દરમિયાન જોફ્રા આર્ચરના બોલ હેલ્મેટ પર વાગ્યા બાદ મેદાન પર પરત ફર્યો હતો, પરંતુ બાદમાં તેને ઉબકાની ફરિયાદ થઈ. તેને કન્કશન (માથાની ઈજા)ને કારણે મેચમાંથી બહાર થવું પડ્યું. તેની જગ્યાએ જેક ફાઉલ્કસને ટીમમાં સામેલ કર્યો.



# શ્રેયસે રોહિતનો રેકોર્ડ તોડ્યો

## સૌથી વધુ T-20 રમ્યા બાદ કેપ્ટન બન્યો, શિવમ દુબેએ બર્થ ડે પર વિકેટ લીધી

બેલફાસ્ટ | આયર્લેન્ડે પ્રથમ T20 મેચમાં ભારતને 34 રનથી હરાવ્યું. આ આયર્લેન્ડની ભારત સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રથમ જીત છે. બેલફાસ્ટમાં શ્રેયસ ઐયર સૌથી વધુ T20 મેચ રમ્યા બાદ ભારતની કેપ્ટનશીપ કરનાર ખેલાડી બન્યો. તેણે રોહિત શર્માનો રેકોર્ડ તોડ્યો.

IND Vs IRE મેચના ટોપ રેકોર્ડ્સ-મોમેન્ટ્સ

1. આયર્લેન્ડની ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારત પર પ્રથમ જીત

ભારત સામે રમાયેલી 12 ઈન્ટરનેશનલ મેચો (9 T20, 3 વનડે) માં આયર્લેન્ડે પ્રથમ મેચ જીતી. આયર્લેન્ડ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ભારતને હરાવનાર 11મી ટીમ બની. આ સાથે ટીમ હવે 8 ટેસ્ટ રમતા દેશો સામે જીત નોંધાવી ચૂકી છે. હવે તેને માત્ર ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા સામે પ્રથમ જીતની રાહ છે. જીત્યા બાદ આઈરિશ ખેલાડીઓ ઉજવણી કરતા. જીત્યા બાદ આઈરિશ ખેલાડીઓ ઉજવણી કરતા.

2. ભારત 2 વર્ષ પછી કોઈ ટી-20 સિરીઝ નહીં જીતે

ભારતનો સતત 12 ટી-20 સિરીઝ જીતવાનો સિલસિલો અટકી ગયો. જાન્યુઆરી 2024 પછી પહેલીવાર ટીમ કોઈ ટી-20 સિરીઝ જીતવામાં નિષ્ફળ રહેશે. આયર્લેન્ડ સામે બે ટી-20 મેચ રમાવાની છે. જો ભારત આગામી મેચ જીતી પણ જાય તો સિરીઝ 1-1થી ડ્રો થશે. આ પહેલા ડિસેમ્બર 2023માં સાઉથ આફ્રિકા સામે સિરીઝ 1-1થી ડ્રો રહી હતી.

જાન્યુઆરી 2024 થી અત્યાર સુધી ભારત કોઈ ટી-20 શ્રેણી હાર્યું નથી.

જાન્યુઆરી 2024 થી અત્યાર સુધી ભારત કોઈ ટી-20 શ્રેણી હાર્યું નથી.

3. શ્રેયસ કેપ્ટનશીપમાં ડેબ્યૂ મેચ હારનારા ચોથો ભારતીય

શ્રેયસ ઐયર કેપ્ટનશીપ ડેબ્યૂ પર ટી-20 હારનારા ચોથો ભારતીય કેપ્ટન બન્યો.

# PM મોદી સેશેલ્સ રવાના, 11 વર્ષમાં બીજી મુલાકાત

## રાષ્ટ્રીય દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે; અહીં દર 8મો વ્યક્તિ ભારતીય મૂળનો

(એજન્સી) વિક્ટોરિયા । તા. 27

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 27 થી 29 જૂન સુધી ત્રણ દિવસના સેશેલ્સ પ્રવાસ માટે શનિવારે સવારે 8.50 વાગ્યે રવાના થયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સેશેલ્સના રાષ્ટ્રપતિ ડો. પેટ્રિક હર્મિનીના આમંત્રણ પર ત્યાં જઈ રહ્યા છે.

મોદી સેશેલ્સની આઝાદીના 50 વર્ષ પૂર્ણ થવાના સમારોહમાં મુખ્ય અતિથિ હશે. આ પ્રસંગે યોજાનારી પરેડમાં ભારતીય સશસ્ત્ર દળોની એક ટુકડી અને ભારતીય નૌકાદળના બે યુદ્ધ જહાજો પણ ભાગ લેશે.

મોદી સેશેલ્સના રાષ્ટ્રપતિ ડો. પેટ્રિક હર્મિની સાથે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. આ ઉપરાંત, સેશેલ્સની રાષ્ટ્રીય વિધાનસભાને પણ સંબોધિત કરશે. સેશેલ્સમાં રહેતા ભારતીય સમુદાયને મળશે.

મોદીનો છેલ્લા 11 વર્ષમાં આ બીજો સેશેલ્સ પ્રવાસ છે. આ પહેલા તેમણે વર્ષ 2015માં આ દ્વીપ દેશની યાત્રા કરી હતી. સેશેલ્સની વસ્તી 1.35 લાખ છે. તેમાંથી લગભગ 12 હજાર લોકો ભારતીય મૂળના છે. આ લગભગ 8 થી 9% હિસ્સો છે.



### મોદી સેશેલ્સ જનારા માત્ર બીજા વડાપ્રધાન

**ઈન્દિરા ગાંધી વર્ષ 1976માં સેશેલ્સ ગયાં હતાં. તે જ વર્ષે સેશેલ્સ આઝાદ થયું હતું. ભારતે સેશેલ્સના સ્વતંત્રતા સમારોહમાં નૌકાદળનું યુદ્ધ જહાજ INS નીલગિરિ પણ મોકલ્યું હતું. ત્યારબાદ ઈન્દિરા ગાંધીએ 1981માં ફરીથી સેશેલ્સની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત પછી, લગભગ 34 વર્ષ સુધી કોઈ પણ ભારતીય વડાપ્રધાને સેશેલ્સની યાત્રા કરી ન હતી. આ મુલાકાતનો સૌથી મોટો ઉદ્દેશ્ય હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની વ્યૂહાત્મક હાજરી અને દરિયાઈ સુરક્ષા સહયોગને મજબૂત કરવાનો હતો. મોદીની આ મુલાકાત દરમિયાન ભારતે સેશેલ્સને બીજું ડોર્નિયર દરિયાઈ સર્વેલન્સ વિમાન આપવાની જાહેરાત કરી, જેથી દરિયાઈ સર્વેલન્સ અને તટીય સુરક્ષા મજબૂત બની શકે. મોદીએ ભારતની મદદથી બનેલા તટીય સર્વેલન્સ રડાર નેટવર્કનું ઉદ્ઘાટન કર્યું. આ હિંદ મહાસાગરમાં જહાજોની દેખરેખ અને દરિયાઈ સુરક્ષા વધારવાની ભારતની મોટી રણનીતિનો એક ભાગ હતો. તે સમયે ચીન હિંદ મહાસાગરના દ્વીપિય દેશોમાં પોતાનો પ્રભાવ વધારી રહ્યું હતું. આવા સમયે મોદીની મુલાકાત ભારતની 'પડોશી પહેલા' અને હિંદ મહાસાગરમાં વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરવાની નીતિનો મહત્વનો ભાગ માનવામાં આવ્યો.**

# વેનેઝુએલામાં 4.9 તીવ્રતાનો ફરી ભૂકંપ, અત્યાર સુધીમાં 920નાં મોત

## 3 હજારથી વધુ ઘાયલ, લોકો જાતે કાટમાળ હટાવીને સ્વજનોની શોધમાં લાગ્યા



(એજન્સી) કારાકાસ । તા. 27

દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલામાં 25 જૂને આવેલા બે ભૂકંપ બાદ શનિવારે વધુ એક ભૂકંપ આવ્યો. દેશના ઉત્તરીય તટ પાસે આ ભૂકંપની તીવ્રતા 4.9 રિક્ટર માપવામાં આવી. રોયટર્સ અનુસાર, તેના આંચકા રાજધાની કારાકાસ અને મારાકેમાં પણ અનુભવાયા હતા.

જ્યારે, છેલ્લા ભૂકંપના ત્રણ દિવસ પછી મૃત્યુઆંક વધીને 920 થઈ ગયો છે. 3360 થી વધુ લોકો ઘાયલ છે, જ્યારે 51,700 થી વધુ લોકો હજુ પણ ગુમ હોવાનું જણાવાઈ રહ્યું છે. અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું કે અત્યાર સુધીમાં 243 લોકોને જીવતા બચાવવામાં આવ્યા છે.

રાહત અને બચાવ અભિયાન ચાલુ છે, તેથી મૃતકોની સંખ્યા વધુ વધી શકે છે.

ઘણા વિસ્તારોમાં સરકારી રાહત ટીમોની અછતને કારણે લોકો પોતાના સ્વજનોને શોધવા માટે જાતે જ કાટમાળ હટાવવામાં લાગેલા છે. ઘણા પરિવારો હથોડા અને અન્ય સાધનો વડે ઈમારતોનો કાટમાળ હટાવીને પોતાના સ્વજનોની શોધ કરી રહ્યા છે.

# કાટમાળમાં દટાયેલા 18 દિવસના બાળકનું રેસ્ક્યુ

## ધ્વસ્ત ઈમારતોમાં હજુ અનેક ફસાયેલા લોકો; રસ્તા પર રાહત શિબિર

(એજન્સી) વેનેઝુએલા । તા. 27

વેનેઝુએલાના લા ગુઆઈરામાં રેસ્ક્યુ ટીમે શુક્રવારે 18 દિવસના બાળકને તેની માતા સાથે બિલ્ડિંગના કાટમાળમાંથી સુરક્ષિત બહાર કાઢ્યું. ઘણા લોકો હજુ પણ ધરાશાયી થયેલી ઈમારતો નીચે દટાયેલા છે.

વેનેઝુએલામાં ગુરુવારે 7.2 અને 7.5 તીવ્રતાના બે ભૂકંપથી તબાહી મચી ગઈ. સમગ્ર દેશમાં 39 હજારથી વધુ લોકો ગુમ છે. 40 સેકન્ડની અંદર રાજધાની કારાકાસની ઊંચી ઈમારતો કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગઈ.

ભૂકંપ પછીના ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. જ્યાં લોકો રેસ્ક્યુ ટીમો સાથે મળીને પોતાના સ્વજનોને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. રસ્તાઓ પરના રેસ્ક્યુ કેમ્પમાં લોકોની સારવાર ચાલી રહી છે અને કાટમાળ હટાવવાનો પ્રયાસ હજુ પણ ચાલુ છે.

વેનેઝુએલામાં ગુરુવારે 7.2 અને 7.5 તીવ્રતાના બે ભૂકંપથી તબાહી મચી ગઈ. આખા દેશમાં 39 હજારથી વધુ લોકો ગુમ છે. ઘણા લોકો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા હોવાની આશંકા છે. 40 સેકન્ડની અંદર રાજધાની કારાકાસની ઊંચી ઈમારતો કાટમાળના ઢગલામાં ફેરવાઈ ગઈ.





# પેરુની પહેલી મહિલા રાષ્ટ્રપતિ, 19 વર્ષની ઉંમરે જવાબદારી સંભાળી

## અભ્યાસ છૂટ્યો, જેલમાં ગઈ અને બંકરમાં રાતો વિતાવી, કેઈકોએ પાર્ટીને વિખેરવા ન દીધી

પેરુ : પેરુમાં પહેલીવાર કોઈ મહિલા રાષ્ટ્રપતિ બનવા જઈ રહી છે. અહીં ચોથીવાર ચૂંટણી લડી રહેલા દક્ષિણપંથી નેતા કેઈકો ફુજીમોરી (51) એ જીત મેળવી છે. કેઈકોને લગભગ 50.1% વોટ મળ્યા, જ્યારે વામપંથી ઉમેદવાર રોબર્ટો સાંચેઝને 49.9% વોટ મળ્યા. કેઈકો 28 જુલાઈએ રાષ્ટ્રપતિ પદના શપથ લેશે. તેઓ પૂર્વ રાષ્ટ્રપતિ આલ્બર્ટો ફુજીમોરીની દીકરી છે. ચૂંટણી ફંડિંગ મામલે કેઈકો 2018 થી 2020 સુધી જેલમાં પણ રહી ચૂક્યા છે. હવે તેમની સામે અપરાધ, ભ્રષ્ટાચાર અને રાજકીય અસ્થિરતાથી દેશને સંભાળવાનો પડકાર હશે. વાંચો કેઈકોના જીવન સાથે જોડાયેલા કિસ્સાઓ.

1990ના દાયકામાં કેઈકોના પિતા આલ્બર્ટો ફુજીમોરી રાષ્ટ્રપતિ હતા. ત્યારે પેરુ ઉગ્રવાદી સંગઠન સેન્ડેરો લુમિનસોના હુમલાઓથી ધ્રૂજી રહ્યું હતું. તે સમયે રાષ્ટ્રપતિ ભવન પણ ઉગ્રવાદીઓના નિશાના પર હતું, તેથી પુત્રી કેઈકો અને તેના ભાઈ-બહેનોને સુરક્ષા માટે લાંબા સમય સુધી બંકરોમાં રહેવું પડતું હતું. રાત્રે ધડાકા અને હુમલાના સમાચાર આવતા ત્યારે બાળકો ડરી જતા અને શાળાએ ન જવાની જીદ કરતા. પરંતુ પિતા આલ્બર્ટો ફુજીમોરીનો નિયમ હતો કે પરિસ્થિતિ ગમે તેવી હોય, અભ્યાસ અટકશે નહીં. સંકટ વચ્ચે સામાન્ય જીવન જીવવાનું તેમણે અહીં જ શીખ્યું.

# 3 મહિનાનો દીકરો લઈને મિટિંગમાં પહોંચ્યા મંત્રી

## સ્વીડનના મંત્રીએ બાળકને ખોળામાં લઈને ભાષણ આપ્યું; કહ્યું- મા બનવાથી કારકિર્દી અટકતી નથી

(એજન્સી) સ્વીડન । તા. 27

સ્વીડનના જળવાયુ મંત્રી રોમિના પોરમોખ્તારી તેમના ત્રણ મહિનાના પુત્ર એડમને લઈને યુરોપિયન યુનિયન (EU)ના જળવાયુ મંત્રીઓની બેઠકમાં પહોંચ્યા. ગુરુવારે લક્ઝમબર્ગમાં યોજાયેલી આ બેઠકનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

વીડિયોમાં રોમિના પોતાના પુત્રને ખોળામાં લઈને મીટિંગમાં ભાગ લેતી અને ભાષણ આપતી જોવા મળી રહી છે. આ દરમિયાન તે બાળકને શાંત પણ કરાવતી રહી, પરંતુ સાથે જ બેઠકમાં પોતાની વાત પણ રજૂ કરતી રહી. આ પછી પોરમોખ્તારીએ રોયટર્સ સાથેની વાતચીતમાં કહ્યું,

મેં જાણી જોઈને આવું કર્યું, જેથી આ સંદેશ આપી શકાય કે મહિલાઓને કારકિર્દી અને પરિવારમાંથી કોઈ એકને પસંદ કરવા માટે મજબૂર ન થવું જોઈએ. માતા બનવાનો અર્થ એ નથી કે કોઈ મહિલાની કારકિર્દી અટકી જાય.

EU કાઉન્સિલના એક અધિકારી અનુસાર, તેમની જાણકારીમાં પહેલીવાર કોઈ EU મંત્રીઓની બેઠકમાં એક બાળક સામેલ થયું છે.



**"રોમિના પોરમોખ્તારી 2022માં સાંસદ બન્યા હતા. તે જ વર્ષે તેમને સરકારમાં મંત્રી બનાવવામાં આવ્યા હતા. તે સમયે તેઓ દેશના ઈતિહાસના સૌથી યુવા મંત્રી બન્યા હતા. તાજેતરમાં જ તેઓ પેરેંટલ લીવ પૂરી કરીને કામ પર પાછા ફર્યા છે. તેમના પતિ હાલમાં સ્વીડનમાં સપ્ટેમ્બરમાં યોજાનારી ચૂંટણી સુધી પેરેંટલ લીવ પર છે. તેઓ પણ લક્ઝમબર્ગ પહોંચ્યા હતા અને બેઠક દરમિયાન એડમની સંભાળ રાખી રહ્યા હતા. પોરમોખ્તારીનું કહેવું છે કે તેમના સહયોગીઓનો ટેકો પણ આને સરળ બનાવે છે."**

### સોશિયલ મીડિયા પર લોકોએ મંત્રીના વખાણ કર્યા

**સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ સ્વીડનના મંત્રીના આ પગલાની પ્રશંસા કરી છે. લોકોએ તેને કાર્યકારી મહિલાઓ માટે પ્રેરણાદાયક ગણાવ્યું. તેમનું કહેવું છે કે માતા બન્યા પછી પણ મહિલાઓ પરિવાર અને કારકિર્દી બંનેની જવાબદારીઓ એકસાથે નિભાવી શકે છે. બેઠક પહેલા પત્રકારો સાથે વાતચીતમાં રોમિના પોરમોખ્તારીએ કહ્યું કે તેઓ આ જ સંદેશ આપવા માંગે છે કે માતા બન્યા પછી પણ મહિલાઓ સાર્વજનિક જીવન અને નોકરીમાં સક્રિય રહી શકે છે. તેમણે કહ્યું કે યુરોપમાં પરિવારના હિતમાં બનાવવામાં આવેલી નીતિઓ માતા-પિતાને બાળકોની સંભાળ અને કામ વચ્ચે વધુ સારું સંતુલન બનાવવામાં મદદ કરે છે.**

# ઈઝરાયલ-લેબેનોન વચ્ચે આખરે શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર, નેતન્યાહૂએ હિઝબુલ્લાહને ચેતવ્યાં

(એજન્સી) ઇઝરાયલ । તા. 27

ઈઝરાયલ અને હિઝબુલ્લાહના લડાકુઓ વચ્ચે ચાલી રહેલા ભીષણ જંગને શાંત કરવા માટે અમેરિકાની મધ્યસ્થતામાં ઘણા દિવસોથી ચાલી રહેલી વાટાઘાટો આખરે સફળ રહી છે. શુક્રવારે વોશિંગ્ટન સ્થિત વિદેશ મંત્રાલયમાં ઈઝરાયલ અને લેબેનોને એક ઐતિહાસિક શાંતિ કરારની રૂપરેખા (ફ્રેમવર્ક એગ્રીમેન્ટ) પર હસ્તાક્ષર કર્યા છે. આ સમજૂતીને બંને દેશો વચ્ચે કાયમી શાંતિ સ્થાપવા તરફનું પ્રથમ અને અત્યંત મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહ્યું છે.

અમેરિકાની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં અમેરિકામાં લેબેનોનના રાજદૂત નાડા હમાદેહ મોવાદ અને ઈઝરાયલના રાજદૂત યેચિયલ લાઈટર દ્વારા આ ત્રિપક્ષીય દસ્તાવેજ પર સહીઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે અમેરિકન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ જણાવ્યું હતું કે, 'આજે અમે એક એવા પ્રવાસની શરૂઆત કરી છે જે બેશક ઘણો મુશ્કેલ હશે, પરંતુ આ પ્રવાસ અત્યંત મહત્વપૂર્ણ અને અનિવાર્ય છે.' બીજી તરફ, ઈઝરાયલી રાજદૂત લાઈટરે ખૂબ જ મજબૂતાઈથી વાટાઘાટો કરવા બદલ લેબેનોની રાજદૂત હમાદેહની પ્રશંસા કરી હતી. લેબેનોનના રાજદૂતે જણાવ્યું કે આ કરાર લેબેનોનની સાર્વભૌમત્વની પુનઃસ્થાપના અને લોકોની સુરક્ષા માટે પ્રથમ કદમ છે.

# દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિએ હરિદ્વારમાં પૂજા કરી

## સિદ્ધપીઠમાંથી નવેમ્બરમાં યોજાનારી ચૂંટણીમાં જીતની કામના કરી, પહેલીવાર ઉત્તરાખંડ આવ્યા

(એજન્સી) દક્ષિણઆફ્રિકા । તા. 27

દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ જેકબ ઝુમા પોતાના ભારત પ્રવાસ દરમિયાન હરિદ્વાર પહોંચ્યા હતા. શુક્રવારે બપોરે લગભગ સાડા 12 વાગ્યે તેઓ સિદ્ધપીઠ દક્ષિણ કાલી મંદિર પહોંચ્યા, જ્યાં તેમણે મા ભગવતીના દર્શન કરી વિશેષ પૂજા-અર્ચના કરી અને આગામી ચૂંટણીઓમાં પોતાની સફળતાની કામના કરી.



મંદિર પહોંચવા પર મંદિર પ્રશાસને તેમનું પરંપરાગત રીતે સ્વાગત કર્યું. આ દરમિયાન તેમણે પૂજ્ય મહામંડલેશ્વર સાથે મુલાકાત કરી તેમના આશીર્વાદ પણ લીધા. પ્રવાસ દરમિયાન ઝુમાએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે હરિદ્વારનું આધ્યાત્મિક વાતાવરણ તેમને ખૂબ જ પસંદ આવ્યું છે.

તેમણે જણાવ્યું કે તેઓ પહેલા પણ ઘણી વાર ભારત આવી ચૂક્યા છે, પરંતુ હરિદ્વાર ક્ષેત્રમાં તેમનો આ પહેલો પ્રવાસ છે. તેમણે ભારતીય સંસ્કૃતિ અને અહીંની સમૃદ્ધ આધ્યાત્મિક પરંપરાઓની ખૂબ પ્રશંસા કરી. પૂજા-અર્ચના પછી તેમણે મંદિરનો પ્રસાદ પણ ગ્રહણ કર્યો.

મંદિરની મુલાકાત દરમિયાન મહામંડળેશ્વર કૈલાશાનંદ ગિરી તેમને માર્ગદર્શન આપતા જોવા મળ્યા. આ દરમિયાન કૈલાશાનંદ ગિરીએ તેમને મહામંડળેશ્વરની ખુરશી પર પણ બેસાડ્યા. મહામંડળેશ્વર કૈલાશાનંદ ગિરીએ જણાવ્યું કે દક્ષિણ આફ્રિકામાં નવેમ્બરમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પ્રસ્તાવિત છે, જ્યારે 2029માં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીઓ યોજાવાની છે.

જેકબ ઝુમાએ મા દક્ષિણ કાલી સમક્ષ આ વિશેષ સંકલ્પ લીધો છે કે જો તેઓ ફરીથી દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ બનશે, તો સૌથી પહેલા ભારત આવીને મા દક્ષિણ કાલીના દર્શન અને પૂજા કરશે.

મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે ભારત અને દક્ષિણ આફ્રિકાના સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક સંબંધો પર પણ વિસ્તૃત ચર્ચા થઈ. ત્યારબાદ, બપોરે લગભગ 3:30 વાગ્યે તેઓ દિલ્હી પાછા ફરવા રવાના થયા.

# લગભગ 3000 ઘાયલ; સરકારે કહ્યું- 39,000 લોકો ગુમ, કાટમાળ નીચેથી અવાજો આવી રહ્યા છે

(એજન્સી) વેનેઝુએલા । તા. 27

દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલામાં આવેલા બે ભૂકંપમાં અત્યાર સુધીમાં 589 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. જ્યારે 2,980 લોકો ઘાયલ થયા છે. વેનેઝુએલામાં બુધવારે એટલે કે 25 જૂને વર્ષ 1821ના કારાબોબો યુદ્ધની યાદમાં રાષ્ટ્રીય રજા હતી. તેથી મોટાભાગના લોકો ઘરોમાં હતા અને ફીફા વર્લ્ડ કપ મેચ જોઈ રહ્યા હતા. આનાથી કાટમાળ નીચે દટાયેલા લોકોની સંખ્યા વધુ હોવાની આશંકા છે.

સ્થાનિક મીડિયા રિપોર્ટ અનુસાર, કાટમાળની અંદરથી અવાજો આવી રહ્યા છે. સરકારે મોડી રાત્રે જણાવ્યું કે 39 હજારથી વધુ લોકો ગુમ છે. ભૂકંપની ભયાવહતાનું અસલી ચિત્ર હજુ આવવાનું બાકી છે. અમેરિકી જિયોલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપથી 10 હજારથી વધુ લોકોના મોત થવાની 44% આશંકા છે. જ્યારે, એક લાખ લોકોના જીવ ગુમાવવાની 30% આશંકા છે.

આ આફતથી વેનેઝુએલાની અર્થવ્યવસ્થાને 9.5 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે. કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે કટોકટી જાહેર કરી છે. PM નરેન્દ્ર મોદીએ રોડ્રિગ્ઝ સાથે વાત કરીને મદદની ઓફર કરી છે.

વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે વિશ્વભરમાંથી આવેલા બચાવ દળોનું સ્વાગત કર્યું. તેમણે શુક્રવારે કહ્યું કે અમે કાટમાળમાં ફસાયેલા લોકોને બહાર કાઢીશું. આ કામમાં અમે દિવસ-રાત લાગેલા છીએ. વેનેઝુએલામાં ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 589 થયો છે, જ્યારે 2,980 લોકો ઘાયલ થયા છે. કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે શુક્રવારે આ માહિતી આપી. રોડ્રિગ્ઝે જણાવ્યું કે લા ગુઆઈરા રાજ્ય સૌથી વધુ પ્રભાવિત થયું છે. ત્યાં બચાવ અભિયાન ઝડપી બનાવવા અને લોકો સુધી ખોરાક-પાણી પહોંચાડવા માટે વિસ્તારમાં સેના તૈનાત કરવામાં આવી છે.

# US રાષ્ટ્રપતિ ટ્રમ્પ ભારત આવશે

## અમેરિકી વિદેશ મંત્રી રૂબિયોનું નિવેદન, કહ્યું- અમે મોદીના મોટા પ્રશંસક છીએ

(એજન્સી) અમેરિકા । તા. 27

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વર્ષ 2027ની શરૂઆતમાં ભારત આવી શકે છે.

ન્યૂઝ એજન્સી IANS અનુસાર, હૈદરાબાદમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન વિદેશ મંત્રી માર્કો રુબિયોએ આ નિવેદન આપ્યું.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ ભારતની પ્રગતિ, વિકાસ અને વૈશ્વિક સ્તરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકાને કેવી રીતે જુએ છે, ત્યારે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું, 'અમે વડાપ્રધાન મોદી અને તેમના દ્વારા કરવામાં આવેલા કાર્યોના ખૂબ મોટા પ્રશંસક છીએ.

આ ટ્રમ્પની બીજી ભારત યાત્રા હશે. આ પહેલા ટ્રમ્પ વર્ષ 2020માં અમદાવાદમાં તેમની પ્રથમ ભારત યાત્રા પર આવ્યા હતા.

17 જૂનના રોજ ફ્રાન્સના એવિયનમાં બે દિવસીય 52મી G7 સમિટ યોજાઈ હતી. મોદી અને ટ્રમ્પે પણ સમિટમાં હાજરી આપી હતી.




### G7માં મોદીએ ટ્રમ્પને કહ્યું-ભારતીય નાવિકોની સલામતી મહત્વપૂર્ણ

**17 જૂનના રોજ ફ્રાન્સના એવિયનમાં બે દિવસીય 52મી G7 સમિટ યોજાઈ હતી. મોદી અને ટ્રમ્પે પણ સમિટમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "જ્યાં સુધી હું રાષ્ટ્રપતિ છું, ત્યાં સુધી વ્હાઈટ હાઉસમાં મોદીના હંમેશા સારા મિત્ર હાજર રહેશે. જો ભારત અથવા મોદી પર હુમલો થાય છે અને મોદી લીડર હશે, તો અમે તેમને મદદ કરીશું." મોદીની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે જ્યાં સુધી મોદી લીડર છે, ત્યાં સુધી ભારત દરેક ક્ષેત્રમાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે મોદીને શાંત છતાં પ્રબળ નેતા ગણાવ્યા, જોકે, ઉમેર્યું કે તેઓ પોતે મોદી જેવા નથી. આ દરમિયાન, ટ્રમ્પ સાથેની દ્વિપક્ષીય બેઠક દરમિયાન મોદીએ સમુદ્રમાં ભારતીયોની સલામતીના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે આશા વ્યક્ત કરી કે ઈરાન સાથેના કરારના માળખામાં ભારતીયોની સલામતી સુનિશ્ચિત કરવામાં આવશે. મોદીએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું રહેવું જરૂરી છે. તેમણે પશ્ચિમ એશિયામાં શાંતિ લાવવાના પ્રયાસોમાં ટ્રમ્પના નેતૃત્વની પ્રશંસા કરી, ટ્રમ્પના નેતૃત્વ હેઠળ શાંતિની આશા દેખાઈ રહી છે.**

# ઈરાને કહ્યું- તેમને જવાબદાર ઠેરવવામાં આવે; હોર્મુઝમાં જહાજ પર હુમલો, પુલને નુકસાન

(એજન્સી) ઈરાન । તા. 27

ઈરાને આરોપ લગાવ્યો છે કે અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર થયેલા હુમલામાં સાથ આપનાર નાટો સભ્ય દેશોને આ માટે જવાબદાર ઠેરવવા જોઈએ.

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સોશિયલ મીડિયા પર કહ્યું કે નાટો ચીફ માર્ક રૂટે પોતે સ્વીકાર્યું છે કે ઈટાલી અને રોમાનિયાએ ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહીમાં અમેરિકાનો સાથ આપ્યો હતો.

બઘાઈએ કહ્યું કે તેમણે પોતાના નાગરિકો અને આખી દુનિયાને જણાવવું જોઈએ કે તેમણે અમેરિકા અને ઈઝરાયલ સાથે મળીને ઈરાન વિરુદ્ધ આ કાર્યવાહીનું સમર્થન શા માટે કર્યું.

હોર્મુઝ સ્ટ્રેટમાં એક કોમર્શિયલ જહાજ પર કોઈ અજાણ્યા પ્રોજેક્ટાઈલ, એટલે કે હુમલાખોર હથિયારથી હુમલો થયો. બ્રિટનની યુકે મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ, એટલે કે UKMTO એ આની જાણકારી આપી છે.

જહાજ ઓમાનના કિનારે નજીક હતું, ત્યારે જ પ્રોજેક્ટાઈલ જહાજના જમણા ભાગ સાથે અથડાયું. આ હુમલામાં જહાજના બ્રિજને, જ્યાંથી જહાજને નિયંત્રિત કરવામાં આવે છે, નુકસાન થયું. જહાજના કેપ્ટને જણાવ્યું કે આ ઘટનામાં કોઈ પણ વ્યક્તિ ઘાયલ થયો નથી.

ઈરાને સંયુક્ત રાષ્ટ્ર (UN)ના તે પ્રસ્તાવને ફગાવી દીધો છે, જેમાં હોર્મુઝમાંથી જહાજોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે નવા દરિયાઈ માર્ગો, એટલે કે ઈવેક્યુએશન લેન બનાવવાની વાત કહેવામાં આવી હતી.

ઈરાને કહ્યું કે નિયમોનું પાલન કર્યા વિના પસાર થતા જહાજો પર કાર્યવાહી થશે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું કે હોર્મુઝ પર કોઈ એક દેશનું નિયંત્રણ સ્વીકારશે નહીં.

## ઉદ્ધવ જૂથનો તીખો પ્રહાર અને આઉટરીચ પ્રોગ્રામ : એક જ ફ્લાઈટમાં ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે, 14 ધારાસભ્યો કરી શકે છે

# ઓપરેશન ટાઈગર 2.0: મહારાષ્ટ્રમાં ફરી રાજકીય ભૂકંપના એંધાણ

(એજન્સી) નવી દિલ્હી | તા.27

મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલના સંકેત મળ્યા છે. શિંદે સરકારના મંત્રી ગુલાબરાવ પાટીલે 'ઓપરેશન ટાઈગર 2.0' શરૂ થયાનો દાવો કર્યો. ઉદ્ધવ ઠાકરે જૂથના 14થી વધુ ધારાસભ્યો ટૂંક સમયમાં શિંદે જૂથમાં જોડાશે. પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ 20માંથી 14 ધારાસભ્યોનું તૂટવું કાનૂની રીતે જરૂરી છે. ઉદ્ધવ ઠાકરેએ પોતાનો ગઢ બચાવવા આઉટરીચ કાર્યક્રમ શરૂ કર્યો છે.મહારાષ્ટ્રના રાજકારણમાં એકવાર ફરી બહુ મોટા રાજકીય ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. શિવસેના (UBT) ના 6 લોકસભા સાંસદો એકનાથ શિંદે જૂથમાં જોડાયાના ગણતરીના દિવસોમાં જ ઉદ્ધવ ઠાકરેને વધુ એક મોટો આંચકો આપવાની તૈયારીઓ થઈ ગઈ છે. શિંદે સરકારના કેબિનેટ મંત્રી ગુલાબરાવ પાટીલે શુક્રવારે એક ચોંકાવનારો દાવો કરતા જણાવ્યું છે કે રાજ્યમાં 'ઓપરેશન ટાઈગર 2.0' શરૂ થઈ ચૂક્યું છે. પાટીલના જણાવ્યા મુજબ, ઉદ્ધવ



ઠાકરેની પાર્ટીના 14 થી વધુ ધારાસભ્યો ખૂબ જ ટૂંક સમયમાં પક્ષ પલટો કરીને એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થવા જઈ રહ્યા છે.હાલની વિધાનસભામાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના પાસે કુલ 20 ધારાસભ્યો બચ્યા છે. જેમાંથી 10 ધારાસભ્યો માત્ર મુંબઈના છે. આમાં આદિત્ય ઠાકરે અને વરુણ સરદેસાઈ જેવા મોટા ચહેરાઓ પણ સામેલ છે. પક્ષ પલટા વિરોધી કાયદા મુજબ, જો કોઈ જૂથ પોતાની સદસ્યતા ગુમાવ્યા વિના અલગ થવા માંગતું હોય, તો તેને ઓછામાં ઓછા બે-તૃતીયાંશ ધારાસભ્યોના સમર્થનની જરૂર પડે છે. એટલે કે 20 માંથી બરાબર 14 ધારાસભ્યોનું તૂટવું કાનૂની રીતે જરૂરી છે, અને શિંદે જૂથનો દાવો આ જ મેજિક નંબર સુધી પહોંચવાનો છે. ચોમાસુ સત્ર દરમિયાન ઉદ્ધવ જૂથના 4 ધારાસભ્યો મુખ્યમંત્રી શિંદેને ગુપ્ત રીતે મળ્યા હોવાની ચર્ચાઓ પણ જોરશોરથી ચાલી રહી છે.આ સંભવિત ભંગાણની અફવાઓ વચ્ચે શિવસેનાએ આક્રમક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં પાર્ટી છોડનારા 6 સાંસદો પર પ્રહાર કરતા ઉદ્ધવ જૂથના વરિષ્ઠ નેતાએ કહ્યું કે, "ભગતસિંહ, રાજગુરુ અને ચંદ્રશેખર આઝાદ બાગી હતા, જેમણે દેશ માટે લડત આપી. પરંતુ જેઓ આપણા ચિન્હ પર જીતીને પક્ષ બદલી ગયા, તેઓ બાગી નહીં પણ ગદ્દાર છે. તેઓ 50 થી 60 કરોડ રૂપિયામાં વેચાઈ ગયા છે." પોતાનો બચેલો કિલ્લો બચાવવા માટે ઉદ્ધવ ઠાકરેએ નાગપુરથી ત્રણ દિવસીય મોટો પોલિટિકલ આઉટરીચ પ્રોગ્રામ શરૂ કર્યો છે અને તેઓ બાગી સાંસદોના મતવિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે.મહારાષ્ટ્રની આ ગરમાયેલી રાજનીતિ વચ્ચે શુક્રવારે એક અત્યંત રસપ્રદ નજારો જોવા મળ્યો હતો. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે શુક્રવારે એક જ કોમર્શિયલ ફ્લાઈટમાં સાથે મુસાફરી કરતા જોવા મળ્યા હતા. તેમની સાથે આદિત્ય ઠાકરે અને સંજય રાઉત પણ હાજર હતા. ફ્લાઈટની અંદરની આ તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ રાજકીય ગલિયારામાં અનેક નવી અટકળો અને સમીકરણોની ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

# NF રેલ્વેએ લુમડિંગ રેલ્વે સ્ટેશનને આર્કિટેક્ચરલ ફેકેડ લાઈટિંગથી પ્રકાશિત કર્યું



માલીગાંવ | મુસાફરોની સુવિધાઓ વધારવા અને રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલામાં, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ લુમડિંગ રેલ્વે સ્ટેશન પર આર્કિટેક્ચરલ ફેકેડ લાઈટિંગ શરૂ કરી છે, જે તેને એક દૃષ્ટિની આકર્ષક સીમાચિહ્નમાં રૂપાંતરિત કરે છે અને તેની રાત્રિના સમયે દૃશ્યતા અને વાતાવરણમાં સુધારો કરે છે. આ પ્રોજેક્ટમાં પ્રોગ્રામેબલ ઈલ્યુમિનેશન ઈફેક્ટ્સ સાથે ઉર્જા-કાર્યક્ષમ RGB LED ફેકેડ લાઈટિંગ ફિક્સર ઈન્સ્ટોલ કરવાનો સમાવેશ થાય છે, જે સ્ટેશનના આગળના ભાગ, ગુંબજ, સ્તંભો અને અન્ય સ્થાપત્ય ઊંચાઈઓ પર સમાન લાઈટિંગ પ્રદાન કરે છે. બધી હવામાન પરિસ્થિતિઓમાં વિશ્વસનીય કામગીરી સુનિશ્ચિત કરવા માટે હવામાન-પ્રતિરોધક આઉટડોર ફિટિંગ અને કેબલિંગ પણ પ્રદાન કરવામાં આવ્યા છે.નવી સ્થાપિત લાઈટિંગ સિસ્ટમ ફક્ત સ્ટેશનની સૌંદર્યલક્ષી આકર્ષણને જ નહીં પરંતુ લાંબા ગાળાની LED ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ માળખાને પણ પ્રોત્સાહન આપે છે, જે કાર્યક્ષમ રોશની સુનિશ્ચિત કરતી વખતે જાળવણી જરૂરિયાતો ઘટાડવાની અપેક્ષા રાખે છે. તેના જીવંત પ્રકાશિત દેખાવ સાથે, લુમડિંગ જંકશન નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના એક વિશિષ્ટ સીમાચિહ્ન તરીકે ઉભરી આવ્યું છે, જે વિશ્વ-સ્તરીય માળખાકીય સુવિધા પ્રદાન કરવા અને એકંદર મુસાફરોના અનુભવને સમૃદ્ધ બનાવવા માટે NFR ની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

## News Brief

### મિડ-ડે મીલ વિવાદ વચ્ચે ઈસ્કોનના રાધારમણ દાસનું નિવેદન

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં મિડ-ડે મીલ યોજનામાં ઈંડાનો સમાવેશ કરવા કે નહીં તે અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે ઈસ્કોનના વાઈસ પ્રેસિડેન્ટ રાધારમણ દાસે મોટું નિવેદન આપ્યું છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી અફવાઓ વચ્ચે તેમણે સ્પષ્ટ કર્યું છે કે હાલમાં કોઈ મેનુ ફાઈનલ કરવામાં આવ્યું નથી. તેમણે શાકાહારી આહારના પક્ષમાં તર્ક આપતા કહ્યું કે તે વૈજ્ઞાનિક રીતે ઈંડા કરતા વધુ પ્રોટીનયુક્ત છે.

રાધારમણ દાસે કહ્યું કે, ઈંડાને બદલે પનીર કે સોયાબીન આપવાની જે વાતો ચાલી રહી છે તે ગેરમાર્ગે દોરતી માહિતી છે. તેમણે તુલના કરતા જણાવ્યું કે, ૧૦૦ ગ્રામ ઈંડામાં આશરે ૧૩ ગ્રામ પ્રોટીન હોય છે, જ્યારે ૧૦૦ ગ્રામ સોયાબીનમાં ૫૨ થી ૫૪ ગ્રામ પ્રોટીન મળે છે. તે જ રીતે સામાન્ય દાળમાં ૨૫ ગ્રામ અને પનીરમાં ૨૨ ગ્રામ પ્રોટીન હોય છે, જે ઈંડા કરતા અનેક ગણું વધારે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે,

"જો આપણે વિજ્ઞાન અને તથ્યોની વાત કરીએ તો શાકાહારી આહાર ચોક્કસપણે ચડિયાતો છે."પોતાના તર્કને મજબૂત બનાવવા માટે તેમણે વિરાટ કોહલીનું ઉદાહરણ આપ્યું, જે પોતે શુદ્ધ શાકાહારી છે. રાધારમણ દાસે કહ્યું, "વિરાટ કોહલી જેવા મહાન ક્રિકેટર શાકાહારી છે અને ટોચ પર છે. આ ઉપરાંત અનેક ઓલિમ્પિક ગોલ્ડ મેડાલિસ્ટ પણ શાકાહારી છે. વિશ્વભરમાં લોકો હવે શાકાહારી કે વીગન ડાયટ અપનાવી રહ્યા છે, જે સંપૂર્ણપણે વિજ્ઞાન પર આધારિત છે." તેમણે વધુમાં જણાવ્યું કે ઈસ્કોન દ્વારા વિશ્વભરમાં ૮ કરોડ લોકો શાકાહારી જીવનશૈલી જીવી રહ્યા છે અને તેઓ ખૂબ જ સ્વસ્થ છે.

## પોતાના જ મંત્રાલયની યોજનામાંથી મેળવ્યો આર્થિક લાભ

# કેન્દ્રીય મંત્રી ભગીરથ ચૌધરી સબસિડીના વિવાદમાં ફસાયા

(એજન્સી) અજમેર | તા.27

કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી ભગીરથ ચૌધરી હાલમાં એક મોટા આર્થિક વિવાદમાં સપડાયા છે. આરોપ છે કે તેમણે પોતાના જ મંત્રાલય દ્વારા સંચાલિત એક સરકારી યોજના હેઠળ કાકડીની ખેતી માટે આશરે ૯૯.૬૦ લાખ રૂપિયાની સબસિડી મેળવી છે. સૌથી ગંભીર બાબત એ છે કે જે રાષ્ટ્રીય બાગાયત બોર્ડ (NHB) દ્વારા આ સબસિડી મંજૂર કરવામાં આવી છે, મંત્રી પોતે જ તે બોર્ડના ઉપાધ્યક્ષ છે, જેના કારણે 'હિતોના ટકરાવ' (Conflict of Interest) અંગેના ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.આ સમગ્ર મામલાનો ખુલાસો અજમેરના પીહ ગામમાં આવેલા મંત્રીના ખેતરમાં લાગેલા એક બોર્ડ દ્વારા થયો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૧.૯૯ કરોડ રૂપિયા દર્શાવવામાં આવ્યો હતો. જેમાં મંત્રીનો વ્યક્તિગત હિસ્સો ૪૯.૮ લાખ રૂપિયા હતો, જ્યારે બાકીના ૧.૪૯ કરોડ રૂપિયા તેમણે એચડીએફસી બેન્કમાંથી લોન તરીકે લીધા હતા. આ યોજના અંતર્ગત



કાકડીની ખેતી માટે પ્રોજેક્ટ ખર્ચના ૫૦ ટકા એટલે કે ૯૯.૬૦ લાખ રૂપિયાની સબસિડી સીધી તેમના લોન ખાતામાં જમા કરવામાં આવી હતી.

વિવાદનું બીજું મુખ્ય કારણ મંજૂરીની પ્રક્રિયામાં જોવા મળેલી ઉતાવળ છે. મંત્રીએ ૧૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અરજી કરી હતી અને માત્ર ૧૪ દિવસની અંદર જ તેને મંજૂરી મળી ગઈ હતી. આશ્ચર્યજનક વાત એ છે કે, જે સ્થળ નિરીક્ષણ (Site Inspection) ફરજિયાત હોવું જોઈએ, તે કર્યા વગર જ આ પ્રોજેક્ટને મંજૂરી આપી દેવામાં આવી હતી. માર્ચ ૨૦૨૬માં આખરી મંજૂરી મળતા જ સબસિડીની મોટી રકમ ચૂકવી દેવામાં આવી હતી. મંત્રી ભગીરથ ચૌધરીએ વડાપ્રધાન કાર્યાલયને આપેલી પોતાની સંપત્તિની વિગતોમાં જમીનનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ આ પેન્ડિંગ પ્રોજેક્ટ અંગેની કોઈ પણ માહિતી જાહેર કરી ન હતી. જોકે, મંત્રી તરફથી એવી દલીલ કરવામાં આવી રહી છે કે આખરી મંજૂરી આપનારી કમિટીમાં તેઓ સામેલ નહોતા, પરંતુ તેઓ બોર્ડના ઉપાધ્યક્ષ પદે હોવાથી આ પ્રક્રિયાની પારદર્શિતા પર સવાલ ઉઠી રહ્યા છે.

કેન્દ્ર સરકારની આ સબસિડી યોજનાનો હેતુ મોટા પાયે વ્યાવસાયિક ખેતીને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં શાકભાજી અને ફૂલોની ખેતી માટે એક પરિવારને મહત્તમ ૧ કરોડ રૂપિયા સુધીની સબસિડી મળી શકે છે. યોજનાનો ઉદ્દેશ્ય ઉમદા હોવા છતાં, એક મંત્રી દ્વારા સત્તાના હોદ્દાનો ઉપયોગ કરીને પોતાના જ મંત્રાલયમાંથી આર્થિક લાભ લેવાના આ કિસ્સાએ રાજકીય ગલિયારોમાં ગરમાવો લાવી દીધો છે. હવે આ બાબતે વધુ તપાસ અને ખુલાસાઓની માંગ ઉઠી રહી છે.

### શાહઝાદ ભટ્ટીના આતંકી નેટવર્કનો પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં આતંક

નવી દિલ્હી: સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત ધરપકડો અને કડક કાર્યવાહી છતાં, પાકિસ્તાન સ્થિત ગેંગસ્ટરમાંથી આતંકી બનેલા શાહઝાદ ભટ્ટીનું ભરતી નેટવર્ક હજુ પણ સક્રિય હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં જાણવા મળ્યું છે કે પશ્ચિમ ઉત્તર પ્રદેશ તેના નવા 'હન્ટિંગ ગ્રાઉન્ડ' તરીકે ઉભરી રહ્યું છે, જ્યાં આતંકીઓ નવા યુવાનોને ભરતી કરી રહ્યા છે.

તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, હવે આતંકી સંગઠનો માત્ર હિંસક પ્રવૃત્તિઓ માટે જ નહીં, પરંતુ 'ફૂટ સોલ્જર્સ' તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આ યુવાનોને શરૂઆતમાં હથિયારો કે હિંસા સાથે જોડવાને બદલે સંવેદનશીલ સ્થળોના ફોટા અને વીડિયો લેવા, સિમ કાર્ડની વ્યવસ્થા કરવા અને લોજિસ્ટિકલ માહિતી પહોંચાડવા જેવી વ્યૂહાત્મક કામગીરી માટે ઉપયોગમાં લેવામાં આવે છે.તપાસમાં સામે આવ્યું છે કે ગાઝિયાબાદ, મેરઠ, સહારનપુર અને મથુરા જેવા પશ્ચિમ ઉત્તર પ્રદેશના જિલ્લાઓના યુવાનો ખાસ કરીને નિશાન પર છે. આ નેટવર્ક મુખ્યત્વે ટેક-સેવી યુવાનો, મોબાઈલ રિપેરિંગ ટેકનિશિયન અને સીસીટીવી ઓપરેટરોને આકર્ષે છે. જે યુવાનો આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોય, તેમને સરળ પૈસાની લાલચ આપીને આ જાળમાં ફસાવવામાં આવે છે.આ ભરતી મોડેલ સોશિયલ મીડિયા અને એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્લિકેશન્સ પર વધુ નિર્ભર છે. સુરક્ષા એજન્સીઓ માટે ચિંતાનો વિષય એ છે કે મુખ્ય ઓપરેટિવ્સની ધરપકડ છતાં પણ નેટવર્ક વિકેન્દ્રિત માળખા દ્વારા કાર્યરત છે અને ભારત બહાર બેઠેલા હેન્ડલર્સ સતત નવા સંપર્કો શોધી રહ્યા છે.સુરક્ષા એજન્સીઓ હવે માત્ર ધરપકડ કરવાને બદલે ભરતીની આ સાંકળને તોડવા પર ધ્યાન આપી રહી છે. પોલીસ દ્વારા સ્થાનિક સમુદાયો અને પરિવારો સાથે સંપર્ક વધારીને જાગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. હેન્ડલર્સ યુવાનોને તેમની જાણ બહાર આતંકી નેટવર્કના ભાગ બનાવી રહ્યા છે, ત્યારે માતા-પિતાની સતર્કતા અને સામુદાયિક હસ્તક્ષેપને આ ભરતીને રોકવા માટે નિર્ણાયક માનવામાં આવે છે. આ લડાઈ હવે માત્ર કાયદાકીય કાર્યવાહી સુધી સીમિત ન રહેતા, યુવાનોને ડિજિટલ ફૂટ સોલ્જર્સ બનતા અટકાવવા તરફ વળી છે.

## ઘૂસણખોરી અને લવ જેહાદ રોકવા માટે સરકાર સજ્જ

# પ.બંગાળમાં ટૂંક સમયમાં UCC અને NRC લાગુ થશે

કોલકાતા: પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ રવીન્દ્ર સદન ખાતે એક જાહેર કાર્યક્રમ દરમિયાન રાજ્યના ભવિષ્ય અંગે ઘણી મોટી જાહેરાતો કરી છે. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે રાજ્યની સાંસ્કૃતિક ઓળખ અને રાષ્ટ્રીય સુરક્ષા જાળવવા માટે તેમની સરકાર ટૂંક સમયમાં જ ધર્માંતરણ વિરોધી કડક કાયદો, સમાન નાગરિક સંહિતા (UCC) અને રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) લાગુ કરશે.મુખ્યમંત્રીએ સરહદ પારથી થતી ગેરકાયદેસર ઘૂસણખોરીને ગંભીર મુદ્દો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે,



"ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશીને દેશની સંસ્કૃતિ અને સુરક્ષા માટે જોખમ ઊભું કરનારાઓને પાછા મોકલવામાં આવશે." મુખ્યમંત્રીએ લવ જેહાદ અને વસ્તી વિષયક ફેરફારની સમસ્યા સામે કડક પગલાં લેવાની ખાતરી આપી છે. આ ઉપરાંત, ધાર્મિક સતામણીને કારણે ભારત આવેલા હિન્દુ શરણાર્થીઓને નાગરિકતા સંશોધન કાયદા (CAA) હેઠળ નાગરિકતા આપવાની પ્રક્રિયા પણ ઝડપી બનાવવામાં આવશે.મુખ્યમંત્રીની આ જાહેરાતો સામે તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ આક્રમક વલણ અપનાવ્યું છે. TMC સાંસદ મહુઆ મોઈત્રાએ સરકારની નીતિઓને "ખતરનાક" અને "દમનકારી" ગણાવી છે. મોઈત્રાએ ખાસ કરીને 'બંગાળ પબ્લિક સેફ્ટી એન્ડ કંટ્રોલ ઓફ એન્ટી-સોશિયલ એક્ટિવિટીઝ બિલ, 2026' નો વિરોધ કર્યો છે. તેમના મતે, આ કાયદો કટોકટી સમયના કાળા કાયદાઓ કરતા પણ વધુ કઠોર છે, કારણ કે તેમાં માત્ર શંકાના આધારે એક વર્ષ સુધી જેલની સજાની જોગવાઈ છે, જે ન્યાયિક સુરક્ષાના અભાવને દર્શાવે છે.બીજી તરફ, ભાજપે ટીએમસીના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતાઓના મતે, આ નવા બિલનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં ફેલાયેલી ગુંડાગીરી, સિન્ડિકેટ રાજ અને રાજકીય હિંસાને ડામવાનો છે. ભાજપનું કહેવું છે કે, ઉત્તર પ્રદેશ અને ગુજરાતની જેમ જ અહીં પણ સરકારી કે ખાનગી મિલકતોને નુકસાન પહોંચાડનારા અસામાજિક તત્વો પાસેથી નુકસાનીની વસૂલાત કરવામાં આવશે.આ ઉપરાંત, મુખ્યમંત્રીએ ૧૯૭૫ની કટોકટીના વિરોધ કરનારા 'લોકશાહી સેનાનીઓ'ને સન્માનિત કરવાની જાહેરાત કરીને પોતાના રાજકીય અને વૈચારિક એજન્ડાને વધુ સ્પષ્ટ કર્યો છે. ભવાનીપુરમાં નવા ભાજપ કાર્યાલયના ઉદ્ઘાટન સાથે જ મુખ્યમંત્રીએ આગામી દિવસોમાં રાજ્યમાં વહીવટી અને સુરક્ષાના સ્તરે મોટા ફેરફારોના સંકેત આપી દીધા છે. હવે જોવાનું એ રહે છે કે આ કાયદાકીય પ્રક્રિયાઓ રાજકીય વિરોધ વચ્ચે કઈ રીતે આગળ વધે છે.0

# મુસ્લિમ ધર્મ અપનાવ્યા બાદ અનામતનો લાભ નહીં મળે

## સરકારનો ૨૦૨૪નો ઓબીસી અનામત આદેશ ગેરબંધારણીય જાહેર

મદુરાઈ: મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે ધર્માંતરણ અને અનામત સંબંધિત એક અત્યંત મહત્વના કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે ઈસ્લામ ધર્મ અંગીકાર કરનાર વ્યક્તિ માત્ર 'મુસ્લિમ' ગણાશે. આવી વ્યક્તિ કોઈ વિશેષ પછાત મુસ્લિમ સમુદાયના હોવાનો દાવો કરીને અનામતનો લાભ મેળવી શકે નહીં. આ ચુકાદા સાથે જ કોર્ટે તામિલનાડુ સરકારના વર્ષ ૨૦૨૪ના તે આદેશને ગેરબંધારણીય જાહેર કરીને રદ કરી દીધો છે, જેમાં ધર્મ પરિવર્તન કરનારાઓને 'ઓબીસી મુસ્લિમ' (OBC Muslim) નો દરજ્જો આપવાની જોગવાઈ હતી.આ કાનૂની લડાઈ તૂતીકોરીન જિલ્લાના એક વ્યક્તિની અરજીથી શરૂ થઈ હતી. હિન્દુ પરિવારમાં જન્મેલા આ વ્યક્તિએ વર્ષ ૨૦૧૫માં ઈસ્લામ ધર્મ અપનાવીને નામ બદલી નાખ્યું હતું. ત્યારબાદ તેણે પોતે 'મુસ્લિમ લેબ્બઈ' સમુદાયનો હોવાનું જણાવી



પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી હતી. સ્થાનિક તલાટીએ આ અરજી ફગાવી દેતા તેણે હાઈકોર્ટમાં પડકાર ફેંક્યો હતો. રાજ્ય સરકારે દલીલ કરી હતી કે જેઓ અગાઉ હિન્દુ ધર્મમાં અનામત હેઠળ હતા, તેઓ મુસ્લિમ બન્યા પછી પણ આ લાભ મેળવી શકે તે માટે ૨૦૨૪માં ખાસ આદેશ બહાર પાડવામાં આવ્યો હતો.

જસ્ટિસ જી.આર. સ્વામીનાથન અને જસ્ટિસ પી.બી. બાલાજીની ખંડપીઠે સરકારની દલીલોને ફગાવી દેતા જણાવ્યું હતું કે ૧૯૫૧માં જ મદ્રાસ હાઈકોર્ટે સ્થાપિત કર્યું હતું કે હિન્દુ ધર્મમાંથી ઈસ્લામ સ્વીકારનાર વ્યક્તિ માત્ર મુસ્લિમ રહે છે, તેનો સામાજિક દરજ્જો તેની જૂની જ્ઞાતિને આધારે નક્કી થઈ શકે નહીં. સુપ્રીમ કોર્ટે પણ આ સિદ્ધાંતને સમર્થન આપ્યું છે.

કોર્ટે પોતાના ચુકાદામાં કુરાનના સિદ્ધાંતોને ટાંકતા કહ્યું કે ઈસ્લામ સમાનતાનો સંદેશ આપે છે. કોર્ટે નોંધ્યું કે ઈસ્લામમાં રૌથર, મરક્કાયર, લેબ્બઈ કે દેક્કની જેવા સમુદાયો ઐતિહાસિક કારણોસર અસ્તિત્વમાં છે, પરંતુ તે જન્મથી નક્કી થાય છે. કોઈ પણ વ્યક્તિ ધર્મ પરિવર્તન કરીને આ સમુદાયોનો હિસ્સો બની શકતી નથી. અદાલતે સ્પષ્ટ કર્યું કે સરકાર એક સરકારી આદેશ દ્વારા સ્થાપિત કાનૂની સિદ્ધાંતોને બદલી શકે નહીં, તેથી ૨૦૨૪નો આદેશ બંધારણ અને ઈસ્લામની મૂળ ભાવનાની વિરુદ્ધ હોવાથી તે અમાન્ય છે. આ ચુકાદાને કારણે હવે ધર્માંતરણ કરીને અનામત મેળવવા માંગતા લોકો માટે સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે.

## રામ મંદિર દાન ચોરી મામલે બાબા બાગેશ્વરનું આકરા પ્રહાર

અયોધ્યા: અયોધ્યા રામ મંદિરના દાન પાત્રમાંથી ચોરી અને નાણાકીય અનિયમિતતાના કથિત કેસમાં દેશભરમાં આક્રોશનો માહોલ છે. બાગેશ્વર ધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ આ ઘટના અંગે અત્યંત આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે આ ઘટનાને શ્રદ્ધાળુઓની આસ્થા પરનો ઘા



ગણાવતા આરોપીઓને 'આધુનિક રાવણ' ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, "રાવણે માતા સીતાનું હરણ કર્યું હતું, જ્યારે આ લોકોએ કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા અને ભરોસો ચોર્યો છે."આ હાઈપ્રોફાઈલ કેસની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના અહેવાલના આધારે અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. આ કેસમાં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ સહિત કુલ ૮ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. SIT ના વડા વિજય વિશ્વાસ પંતે તપાસ રિપોર્ટ સોંપ્યા બાદ, આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.ચોરીના આ મામલે હવે રાજકીય અને સામાજિક વર્તુળોમાં પણ વિવાદ વકર્યો છે. સંતોષ દુબેએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની કાર્યપ્રણાલી પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે માત્ર પાયાના સ્તરના કર્મચારીઓ સામે કાર્યવાહી કરીને અસલી જવાબદારોને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સંતોષ દુબેએ ટ્રસ્ટના વરિષ્ઠ હોદ્દેદારોની ભૂમિકા અંગે પણ નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ સ્પષ્ટતા કરી છે કે માત્ર સરકારી દંડથી આ ગુનેગારો બચી શકશે નહીં. તેમણે જણાવ્યું કે, રાવણના વંશનો જે રીતે વિનાશ થયો હતો, તેવી જ રીતે રામ મંદિરના દાનમાં ચોરી કરનારાઓને ભગવાન તરફથી પણ મહાદંડ મળશે.

## રામ મંદિર દાન ચોરી મામલે ૮ આરોપીઓની ધરપકડ

અયોધ્યા: અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં દાનપાત્રમાંથી થયેલી ચોરીના અત્યંત સંવેદનશીલ મામલામાં પોલીસે મોટી સફળતા મેળવી છે. આ ગુનામાં સંડોવાયેલા ૮ આરોપીઓને પોલીસે ઝડપી પાડી કોર્ટમાં રજૂ કર્યા હતા, જ્યાંથી તેમને ૨૯ જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં અયોધ્યા જિલ્લા જેલ



મોકલી આપવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા આ હાઈ-પ્રોફાઈલ કેસની તપાસ પોલીસ કમિશનર (સીઓ) આશુતોષ ત્રિપાઠીના નેતૃત્વમાં SITને સોંપવામાં આવી છે.પોલીસ તપાસ દરમિયાન પકડાયેલા આરોપીઓ પાસેથી કુલ ૭૯,૮૫,૪૯૩ રૂપિયાની રોકડ રકમ મળી આવી છે. આ ઉપરાંત, તેમની પાસેથી ૧૦૦૦ અમેરિકન ડોલર અને અન્ય વિદેશી મુદ્રાઓ પણ જપ્ત કરવામાં આવી છે. આ ચોરીનો મામલો ટ્રસ્ટના સભ્ય કૃષ્ણમોહનની ફરિયાદ બાદ પ્રકાશમાં આવ્યો હતો. આરોપીઓમાં અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, અવિનાશ શુક્લ, રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ અને નિવૃત્ત બેન્ક અધિકારી સુભાષ શ્રીવાસ્તવનો સમાવેશ થાય છે.આ ઘટના બાદ સોશિયલ મીડિયા અને મીડિયામાં એવી અટકળો તેજ થઈ હતી કે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના જનરલ સેક્રેટરી ચંપત રાયે રાજીનામું આપી દીધું છે. જોકે, વિશ્વ હિન્દુ પરિષદ (VHP) ના પ્રવક્તા વિજય શંકર તિવારીએ આ અહેવાલોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ચંપત રાય તપાસમાં સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે અને તેમનું નામ પોલીસની એફઆઈઆરમાં ક્યાંય નથી. આ અટકળો માત્ર મીડિયા દ્વારા ઊપજાવેલી હોવાનું તેમણે જણાવ્યું હતું.હવે આ તપાસ માત્ર ચોરી કરનારાઓ પૂરતી સીમિત નહીં રહે.

## રામ મંદિરમાં દાનની ચોરી વિવાદમાં : 80 લાખની વસૂલાત

અયોધ્યા :રામ મંદિરમાં દાનની ચોરીના વિવાદમાં પોલીસે બધા જ આઠ આરોપીઓની ધરપકડ કરી હતી. તેમને શુક્રવારે ૨૯ જૂન સોમવાર સુધી ન્યાયિક અટકાયતમાં મોકલી દેવાયા હતા. તેમની પાસેથી રૂ. ૮૦ લાખ સુધીની વસુલાત કરાઈ હોવાનું પ્રોસેક્યુશન અધિકારી કે.સી. વર્માએ જણાવ્યું હતું. બીજીબાજુ આ વિવાદના કારણે રામ મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ રાજીનામા આપી દીધા હોવાનો મીડિયામાં દાવો કરાયો હતો. જોકે, આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત ના થતા રાજીનામાનું રહસ્ય ઘેરાયું છે.પ્રોસેક્યુશન અધિકારી કે.સી. વર્માએ જણાવ્યું કે, રામ મંદિરમાં દાનની કથિત ચોરીના આઠ આરોપીઓને સ્પેશિયલ રીમાન્ડ મેજિસ્ટ્રેટ વિનેદિતા સિંહ સમક્ષ રજૂ કરાયા હતા. મોહર્રમની રજા હોવાના કારણે હાલ તેમને ન્યાયિક અટકાયતમાં મોકલી દેવાયા છે. આરોપીઓને સોમવારે ફરીથી કોર્ટ સમક્ષ હાજર કરાશે ત્યારે પોલીસ તેમના કસ્ટોડીયલ રીમાન્ડ માગે તેવી સંભાવના છે.વર્માએ ખુલાસો કર્યો કે, પોલીસે હજુ સુધી આરોપીઓના રીમાન્ડ માગ્યા નથી. આરોપીઓમાં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનિષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રામ શંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામશંકર ઉર્ફે ટિન્નુ યાદવનો સમાવેશ થાય છે. તપાસકારોએ આરોપીઓ પાસેથી રૂ. ૭૯.૮૫ લાખની વસૂલાત કરી છે.તપાસ અધિકારીએ જણાવ્યું કે, મંદિરમાં રોકડ દાનની ગણતરી માટે નિયુક્ત પાંચથી છ બેન્ક કર્મચારીઓની પણ ધરપકડ કરાઈ છે. જોકે, હાલમાં તેમણે આ કર્મચારીઓની ઓળખ જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. આ કર્મચારીઓને બેન્કમાંથી પગાર મળતો હતો અને તેઓ મંદિરમાં કામ કરતા હતા. ટિન્નુ યાદવ ડ્રાઈવર હતો જ્યારે સુભાષ શ્રીવાસ્તવ દાન ગણતરી પ્રક્રિયાનો ઈનચાર્જ હતો.દરમિયાન આ કૌભાંડની તપાસ માટે રચાયેલી એસઆઈટીના રિપોર્ટમાં દાવો કરાયો છે કે દાનની ગણતરી અને સંચાલન માટે શ્રી રામ મંદિર ટ્રસ્ટ અને એસબીઆઈ દ્વારા તૈયાર કરાયેલી પ્રક્રિયાનું પાલન કરાતું નહોતું અને તેમાં ઈરાદાપૂર્વક બેદરકારી રખાઈ હતી. રિપોર્ટમાં જણાવાયું છે કે રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ યાદવ પાસે સત્તાવાર આદેશ વિના હુંડીઓ, દાન પેટીઓની ચાવીઓ રહેતી હતી.

## બિહારના 60 ગામમાં મુસ્લિમો નથી માત્ર હિન્દુઓ જ મોહરમ પાળે છે



ગયા : બિહારના ગયામાં આવેલા ફતેહપુરમાં હિન્દુઓ મોહરમનો શોક પાળે છે. આ વિસ્તારમાં અનેક એવા ગામડા આવેલા છે કે જ્યાં મુસ્લિમો છે જ નહીં તેમ છતા મોહરમનો માતમ પાળતા લોકો જોવા મળશે. જ્યારે કેટલાક ગામડા એવા છે કે જ્યાં હિન્દુ-મુસ્લિમ બન્ને મળીને મોહરમ પાળે છે.ફતેહપુરના વિવિધ ગામડા જેમ કે ગદહિયાટાંડ, જેહલીબીઘા, બહેરા, મોરવે, મતાસો, ભગવાનપુર સહિત આશરે ૬૦ જેટલા ગામડાઓ આવેલા છે કે જ્યાં હિન્દુ પરિવાર મોહરમ પાળે છે. કેટલાક ગામડાઓમાં તાજિયા જુલુસ પણ કાઢે છે.કેટલાક ગામડા એવા પણ છે કે જ્યાં મુસ્લિમો ઓછા ને હિન્દુઓ વધુ હોય છે. આવા ગામડાઓમાં હિન્દુઓ જ તમામ આયોજન કરે છે અને મુસ્લિમો સાથે મોહરમ પાળે છે.આવા જ એક પતેયા ગામના રહેવાસી નરેશ પંડિત જણાવે છે કે તેમના ગામમાં કોઈ જ મુસ્લિમ પરિવાર નથી રહેતો, તેમ છતા વર્ષોથી મોહરમ મનાવવાની પરંપરા ચાલી આવે છે. પૂર્વજોના સમયે પરિવાર પર જ્યારે સંકટ આવેલુ ત્યારે ઈમામવાડામાં માનતા રાખવામાં આવી હતી. આ સંકટ દૂર થઈ ગયા બાદ પરિવારે મોહરમ મનાવવાનું શરૂ કરેલું જે હાલ પણ ચાલ્યું આવે છે.અન્ય એક ગામ ગદહિયાટાંડના રહેવાસી રોહન રાજવંશીએ જણાવ્યું હતું કે અમારા ગામમાં તાજિયાથી લઈને જુલૂસ સહિતનું આયોજન કરવામાં આવે છે.

# સિટી એક્સપ્રેસ

SUNDAY 28 JUNE-2026

AHMEDABAD






### ADC બેંક સામે એક બાઈક ચાલકે ધ્યાન ભટકાવ્યું ને બીજા બે ગઠિયા બેગ લઈ છૂમંતર, આંગડિયા પેઢીમાંથી નીકળ્યા હતા

# અમદાવાદમાં ભાજપના ખેસવાળી કારમાંથી ₹50 લાખની ઉઠાંતરી



અમદાવાદ | અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં મારુતિ પ્લાઝા એડીસી બેંકની સામે ગાડીમાંથી નજર ચૂકવી અને રૂપિયા 50 લાખની ઉઠાંતરીનો બનાવ સામે આવ્યો છે. બાઈક સવાર હેલમેટ પહેલા બે શખસ રૂપિયાની બેગ લઈ છૂમંતર થઈ ગયા હતા. ઘટનાની જાણ કૃષ્ણનગર પોલીસને થતા કાફલો ઘટના સ્થળ ઉપર પહોંચ્યો હતો.જે કારમાંથી 50 લાખ રૂપિયાની ઉઠાંતરી કરવામાં આવી તેમાંથી ભાજપનો ખેસ અને ખોડલધામ અમદાવાદ લખેલો ખેસ મળી આવ્યો હતો. ફરિયાદી છે એમણે બાપુનગરમાં આંગડિયા પેઢીમાંથી 50 લાખ લીધેલા હતા અને આ રુપિયા લઈને એ લોકો કોઠિયા હોસ્પિટલ તરફ જઈ રહ્યા હતા, એ દરમિયાન રસ્તામાં બનાવ બન્યો હતો. તેમજ પોલીસની અલગ-અલગ ટીમો તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે અલગ-અલગ ટીમો બનાવીને આરોપી પકડવા માટેની તજવીજ ચાલુ છે.

### એક બાઈક ચાલકે ધ્યાન ભટકાવ્યું, બીજા બે શખસ 50 લાખ લઈ છૂમંતર

એક બાઈક ચાલકે ગાડીની પાછળ અથડાવી એટલે કારચાલક ગાડી નીચે ઉતર્યો હતો. અને તેની સાથે બોલાચાલી કરી હતી. આ સમયે નજર ચૂકવી બીજા બાઈક ઉપર આવેલા બે અજાણ્યા હેલમેટ પહેરેલા વ્યક્તિઓએ ગાડીનો કાચ તોડી અને ગાડીમાં પડેલા રૂપિયા 50 લાખ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે.

### આંગડિયા પેઢીમાંથી 50 લાખ લઈને નીકળ્યા હતા

એસીપી કૃણાલ દેસાઈએ જણાવ્યું હતું કે, આજે 27 જૂનના રોજ સવારના સમયે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જે મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સ છે એની પાસે જે ADC બેંક આવેલી છે, ત્યાં જે ફરિયાદી છે એ પોતાની ગાડી લઈને જે ગાડીમાં એક થેલામાં 50 લાખ હતા. જે બાપુનગર વિસ્તારમાં આંગડિયા પેઢીમાંથી ઉપાડીને એ લોકો જઈ રહ્યા હતા.એ દરમિયાન ત્યાં આગળ બાઈક ચાલકોએ એની જોડે બાઈક, ગાડી સાથે ટક્કર મારીને, ટક્કર માર્યા બાદ એ લોકો જોડે ઝઘડો કર્યો અને ઝઘડો કર્યા બાદ એ લોકોની ગાડીમાંથી 50 લાખ લૂંટીને ફરાર થઈ ગયેલા હતા. તે આધારે હાલમાં ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ છે.ઘટનાની જાણ થતા જ કૃષ્ણનગર પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

### આરોપીઓને પકડવા પોલીસની ટીમો એક્શનમાં

વધુમાં કૃણાલ દેસાઈ જણાવ્યું હતું કે, હાલમાં અમારી જોડે જે પણ ડેટા હોય છે એ ડેટાના આધારે આરોપી આઈડેન્ટિફાય કરવા માટે પણ પ્રયત્ન ચાલુ છે. અમારી અલગ-અલગ ટીમો પણ ફિલ્ડમાં લાગેલી છે અને એને ટૂંક જ સમયમાં ડિટેક્ટ કરવામાં આવશે.મારુતિ પ્લાઝામાં આવેલી એડીસી બેંકની સામેથી બાઈક પર આવેલા હેલમેટધારી બે શખ્સો રોકડ ભરેલી બેગ લઈને ફરાર થઈ ગયા હતા.

# સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકામાં AAPની કિસાન મહાપંચાયત યોજાઇ

અમદાવાદ : રાજ્યમાં ખેડૂતોની જમીન પર થઈ રહેલી તાનાશાહી અને ગેરકાયદેસર વીજ થાંભલા નાખવાની કામગીરીના વિરોધમાં તથા ખેડૂતોના વિવિધ મુદ્દાઓને લઈને આમ આદમી પાર્ટી દ્વારા “કિસાન મહાપંચાયત”નું આયોજન કરવામાં આવ્યું છે. સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના નગરા ગામે આ મહાપંચાયત યોજાઈ હતી, જેમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયા, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ અધ્યક્ષ પ્રવીણ રામ, યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, મહિલા પ્રમુખ પાયલ સાકરીયા, પ્રદેશ મંત્રી અનુપ શર્મા તેમજ પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવે, પ્રદેશ ઉપપ્રમુખ મયુર સાકરીયા, પ્રદેશ મહિલા ઉપપ્રમુખ માધવીબેન રાજપૂત અને સંગઠન મંત્રી ડો. રાણાજી તથા ઝોન સ્તરના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ખેડૂતોના હકો, યોગ્ય વળતર અને ન્યાયની માંગણી અંગે મજબૂતીથી અવાજ ઉઠાવ્યો હતો. આ આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓની સાથે સાથે ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.આ કિસાન મહાપંચાયતમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને ખેડૂત પુત્ર ઈસુદાન ગઢવીએ પોતાની વાત રજુ કરતા જણાવ્યું હતું કે, મેં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી પહેલા જ કહ્યું હતું કે “ચૂંટણી પછી આ લોકો ખેતરોમાં થાંભલા નાંખવાનું શરૂ કરશે” અને હવે એવું જ થઈ રહ્યું છે. ભાજપના લોકો દર પાંચ વર્ષે આપણને બુચ મારવા માટે આવે છે તો હવે આ લોકોને ઓળખવાની જરૂરત છે. મેં ભાજપના લોકોને પૂછ્યું કે “ખેડૂતો પર આટલો અત્યાચાર કેમ કરો છો?” તો ભાજપના નેતાએ કહ્યું કે “થાંભલા નાખીએ છીએ એ સમસ્યા 15 દિવસમાં સોલ્વ થઈ જશે પરંતુ પછી ગુજરાતના ખેડૂતો નરેન્દ્રભાઈ મોદીના વિકાસને મત આપી દેશે.” મારી ભાજપના લોકોને ચેલેન્જ છે કે જો તમારામાં તાકાત હોય તો આ થાંભલાની કામગીરી ઓક્ટોબર 2027માં ચાલુ કરી બતાવો. આમ આદમી પાર્ટીના એક-બે જિલ્લા પંચાયત તાલુકા પંચાયતના સભ્યો જીતાડીને કે પછી પાંચ ધારાસભ્ય જીતાડીને કામ નહીં ચાલે, જો ખેડૂતોએ તેમના કાયમી પ્રશ્નનો નિકાલ લાવવો હશે તો આમ



આદમી પાર્ટીને 150 સીટો આપવી પડશે. હવે ગુજરાતના ખેડૂતોની માં સમાન જમીન પર થાંભલા નાખવાનું શરૂ થયું છે એટલા માટે હવે ખેડૂતો જાગ્યા છે. મને સમાચાર મળ્યા છે એ પ્રમાણે 100 હાઈટેન્શન લાઈન નાખવામાં આવશે એના માટે ભાજપના નેતાઓ અને કંપનીઓની મીટીંગ થઈ ગઈ છે લગભગ દોઢ લાખ થાંભલા નાખવામાં આવશે. એટલા માટે આ લોકો અત્યાચાર કરે છે. તો આ થાંભલા મુદ્દે અમે મુખ્યમંત્રી સમક્ષ માંગણી કરી છે કે, સ્ટેટ લેવલની વળતર કમિટી બનાવો અને એ રીતે ખેડૂતને વળતર ચૂકવો કે ખેડૂતને નફામાં ભાગ આપો. આગામી 5 જુલાઈના રોજ આપણે ગાંધીનગરમાં સામૂહિક ઉપવાસ કરીશું. જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી ખેડૂતો માટે ભાગ્યાઓ માટે ખેત મજૂરો માટે અમે લડીશું.ખેડૂતોને સંબોધન કરતા આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યુ હતુ કે એક બાજુ કાદવ-કીચડનું કમળ છે અને બીજી બાજુ સફાઈ કરનારી સાવરણી (ઝાડુ) છે. વર્ષોથી ગંદકી ફેલાવનારા કમળનું બટન દબાવતા આવ્યા છો, તો ગંદકી જ વધવાની છે ને! જો બટન જ કીચડનું દબાવશો, તો વ્યવસ્થા સાફ કેવી રીતે થશે? એકવાર સાવરણીનું બટન દબાવી જુઓ કે શું થાય છે! અહીં તો ચારેય તરફ પ્રશ્નોની જ વણઝાર છે, તો માણસ શું કરે? અમે તો હજુ આ રાજકારણમાં નવા-નવા આવ્યા છીએ અને પહેલી-પહેલી વાર ધારાસભ્ય બન્યા છીએ. અમે આ પહેલાં ક્યારેય આટલું નજીકથી જોયું જ નહોતું કે અસલી રાજકારણ કેવું હોય, આમાં નેતાઓ-અધિકારીઓ કેવા હોય અને સરકારો પ્રજા માટે શું વિચારતી હોય છે. આપણે સામાન્ય માણસોએ પાણી માટે રસ્તા પર ઉતરીને આંદોલનો કરવાં પડે છે, જ્યારે મોટી-મોટી કંપનીઓને કોઈ આંદોલન વગર સરળતાથી પાણી મળી જાય છે, કારણ કે એ કંપનીઓના માણસો, ગુંડાઓ, ઉદ્યોગપતિઓ અને મોટા-મોટા માથાભારે તત્વોના પ્રતિનિધિઓ સરકારમાં બેઠા છે. આજે એ સવાલ તમારી જાતને પૂછો કે તમારો અવાજ ઉઠાવનારો કયો માણસ સરકારમાં બેઠો છે? જો સત્તાવાળા તમારું સાંભળતા ન હોય, તો આખી આમ આદમી પાર્ટી જેમાં હું પોતે, ઈશુદાન ગઢવી, ચૈતર વસાવા, પ્રવીણ રામ અને બ્રિજરાજસિંહ સોલંકી તમારા સંતાનો બનીને આવ્યા છીએ. અમને થોડાક આશીર્વાદ આપો, જેથી તમારો અવાજ વિધાનસભા સુધી પહોંચાડીએ. પણ સાચું કહું તો, હવે માત્ર અવાજ પહોંચાડવાની નહીં, પણ લડી લેવાની વાત છે! રોજ આટલા આંદોલનો અને ખેડૂતોનો કાળો આક્રોશ છતાં સરકારને આપણી પીડા દેખાતી નથી. હમણાં વિધાનસભાના સત્રમાં ખુદ કૃષિ મંત્રીએ મને ઊભો કરીને એમ કહ્યું કે, ’ગોપાલભાઈ, તમે ખેડૂતોની સમસ્યાઓની બહુ વાતો કરો છો, પણ જો આટલી બધી સમસ્યા હોય તોય ચૂંટણીમાં મત તો ભાજપને જ આવે છે ને!’ વિચારો, તેઓ સરકારમાં બેસીને આપણી મજાક ઉડાવે છે.

## 25 જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી:1 જૂલાઈએ વાવાઝોડા સાથે ભારે વરસાદની ચેતવણી

### હજુ પણ 54 તાલુકા કોરા ધાકોડ; અમદાવાદમાં ગરમી યથાવત

અમદાવાદ | ગુજરાતમાં આજે 27 જૂન રાજ્યના 25 જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે 1 જૂલાઈએ વાવાઝોડા અને તેજ પવનો સાથે ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. એકતરફ રાજ્યના 54 તાલુકાઓ હજુ પણ સંપૂર્ણપણે કોરા ધાકોડ છે, તો બીજી તરફ અમદાવાદ અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં અસહ્ય ગરમી અને બફારાનો માહોલ યથાવત રહ્યો છે. હવામાન વિભાગની આગાહીને પગલે આગામી 3-5 દિવસોમાં મેઘરાજા ધમાકેદાર જમાવટ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા વરસાદ નોંધાયો હતો, જ્યારે કચ્છમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. રાજ્યના ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું છે. છેલ્લા 24 કલાક દરમિયાન નર્મદામાં ભારે વરસાદ ખાબક્યો હતો, જેથી સાગબારા દેડિયાપાડા વિસ્તારની જંગલ વિસ્તારની નદીઓમાં પૂર આવ્યું હતું.

### 1 જુલાઈએ વાવાઝોડાની ચેતવણી, ત્યારબાદ વરસાદ જમાવટ કરશે

આગામી સાત દિવસ માટે ગુજરાત રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. 1 જુલાઈના રોજ ગુજરાતના વિસ્તારોમાં વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે, જેમાં પવનની ગતિ 40થી 50 કિમી પ્રતિ કલાક આસપાસ રહી શકે છે. આ ઉપરાંત, 2 અને 3 જુલાઈના રોજ ગુજરાતના કેટલાક જિલ્લાઓ જેવા કે સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી અને ડાંગમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. અંતમાં, આગામી 3થી 4 દિવસમાં ગુજરાતના કેટલાક ભાગોમાં ચોમાસું આગળ વધવાની સંભાવના છે.

### ઉતેજનાવર્ધક દવા આપતો, અન્ય યુવતી સાથેના અને પોર્ન વીડિયો બતાવી શારીરિક સંબંધ બાંધતો

# વિકૃત પતિથી કંટાળી પરિણીતાએ ફરિયાદ નોંધાવી

અમદાવાદ | અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતી એક પરિણીતાએ તેના પતિની વિકૃત હરકતોથી કંટાળી પોલીસ ફરિયાદ નોંધાવી છે. પતિ દ્વારા અન્ય યુવતી સાથેના વીડિયો અને પોર્ન વીડિયો બતાવી શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો હોવાનો આક્ષેપ કરાયો છે. પોલીસે પતિ સહિત ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમારા પુત્ર ઉપર ખોટી શંકાઓ કરે છે તેમ કહીને બોલાચાલી કરી હતી અને ત્યારબાદ ઘરમાંથી કાઢી મૂકી હતી. વર્ષ 2025ના જુલાઈ મહિનામાં મહિલાના પતિએ તેને પોર્ન વીડિયો જબરજસ્તીથી બતાવ્યો હતો અને તે પ્રમાણે જ શારીરિક સંબંધો બાંધવા માટે બળજબરી કરતા હતા.

### પત્નીને ઉતેજનાવર્ધક દવાઓ આપી શારીરિક સંબંધ બાંધતો

મળતી માહિતી મુજબ શહેરના એક વિસ્તારમાં રહેતી યુવતીના વર્ષ 2011માં મુસ્લિમ રીત રિવાજથી સારંગપુર વિસ્તારમાં રહેતા યુવક સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ પતિ સાસુ અને દિયર દ્વારા નાની નાની બાબતોમાં ઝઘડો કરવા લાગ્યા હતા અને આ બાબતે પિયરમાં પણ યુવતીએ જાણ કરી હતી. દહેજમાં રોકડ રૂપિયા મળશે પરંતુ કઈ મળ્યા નહોતા અને ત્યારબાદ ઝઘડા ચાલુ રાખ્યા હતા. સાસુ દ્વારા પણ યુવતીને અવારનવાર મેણા ટોણા મારવામાં આવતા હતા જે ત્રાસ યુવતી સહન કરતી હતી.વર્ષ 2012માં મહિલાએ પુત્રીને જન્મ આપ્યો હતો જેનો પતિએ કોઈ ખર્ચ આપ્યો નહોતો ત્યારબાદ શારીરિક ત્રાસ આપવા લાગ્યો હતો. મહિલાનો પતિ રોજ રાત્રે મોડા આવતો અને મહેફિલોમાં જતો હતો

### અન્ય યુવતીના વીડિયો બતાવી શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો

રાત્રે અચાનક પતિના મોબાઈલમાં કોઈ અન્ય દેશની છોકરીનો વીડિયો કોલ ચાલુ હતો અને તે બાબતે જ્યારે પૂછતાં જેમ તેમ બોલવા લાગ્યો હતો અને કહ્યું હતું કે તું એના જેવી નથી મને તારા કરતાં વધારે ગમે છે અને છોકરી સાથેના બિભત્સ વીડિયો બતાવીને તે પ્રમાણે શારીરિક સંબંધ બાંધવાનું કહેતા હતા. જેથી અન્ય કોઈ મહિલાઓ સાથે સંબંધ હોવાની વાત કરી એ જ પ્રમાણે શારીરિક સંબંધ બાંધવાનું કહેતા હતા અને ના પાડે તો માર મારતા હતા ત્યારબાદ ત્રીજી વખત ગર્ભવતી બની અને પુત્રીનો જન્મ થયો હતો. મહિલાના પતિને અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ છે તે બાબતે સાસુને વાત કરતા જેમ તેમ બોલીને ઝઘડો કરવા લાગ્યો હતો અને મહિલાની માતાને બોલાવી તમારી દીકરીને લઈ જાઓ અમારે નથી રાખવી.

# દેશમાં આગની ઘટનાઓ બાદ અમદાવાદ ફાયર તંત્ર દોડ્યું

### 154 હોટેલ અને 62 શૈક્ષણિક-કોચિંગ સંસ્થાઓને નોટિસ; 13 હોટેલ અને એક સંસ્થા સીલ

અમદાવાદ | લખનઉ અને દિલ્હીમાં મોટી આગની ઘટનાઓ બાદ અમદાવાદ ફાયર બ્રિગેડ સક્રિય બન્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ ક્લાસીસમાં ફાયર સેફ્ટી અને નિયમોના પાલનને લઈને ફાયર બ્રિગેડ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ ઝોનમાં હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન ફાયર સેફ્ટીના નિયમોનું ઉલ્લંઘન કરનાર એકમો સામે નોટિસો ફટકારવામાં આવી છે તેમજ ગંભીર બેદરકારી સામે સીલિંગની કાર્યવાહી પણ કરવામાં આવી છે.શહેરભરમાં હાથ ધરાયેલી આ ઝુંબેશમાં કુલ 154 હોટેલોને અને 62 શૈક્ષણિક તથા કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જ્યારે નિયમોના ગંભીર ભંગ બદલ 13 હોટલો તેમજ એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં આવી છે. સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં 47 હોટલો અને 12 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી હતી. તેમજ 7 હોટેલો અને એક શૈક્ષણિક/કોચિંગ સંસ્થાને સીલ કરવામાં આવી હતી. ઉત્તર ઝોનમાં 7 હોટેલ્સ અને 10 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ ફટકારવામાં આવી છે. દક્ષિણ પશ્ચિમ ઝોનમાં 20 હોટેલ્સને નોટિસ આપવામાં આવી છે. દક્ષિણ ઝોનમાં 13 હોટેલ અને 3 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે. મધ્ય ઝોનમાં 27 હોટેલો તેમજ 8 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓ સામે નોટિસની કાર્યવાહી કરવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ ઝોનમાં 24 હોટેલો અને 5 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે, જ્યારે નિયમોના ગંભીર ભંગ બદલ 6 હોટલોને સીલ કરવામાં આવી છે. ઈસ્ટ ઝોનમાં 16 હોટેલો અને 24 શૈક્ષણિક/કોચિંગ સંસ્થાઓને નોટિસ આપવામાં આવી છે.રાજકોટ અગ્નિકાંડ થયા બાદ છ મહિના સુધી અમદાવાદ ફાયર બ્રિગેડ સક્રિય બન્યું હતું અને શહેરમાં અનેક જગ્યાએ ફાયર સેફ્ટીના નિયમો અને ગેરકાયદેસર બિલ્ડીંગો બાબતે કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે અગ્નિકાંડ બાદ તંત્ર ઊંઘતું રહ્યું હતું અને હવે લખનઉ અને દિલ્હીની ઘટના બાદ અચાનક જાગેલા ફાયર બ્રિગેડ તંત્ર દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું છે. અનેક જગ્યાએ હજી પણ ફાયર સિસ્ટમ અને બિલ્ડીંગો ના ગેરકાયદેસર વપરાશ બાબતે લોલમલોલ ચાલી રહી છે ત્યારે માત્ર ચેકિંગ કરીને નોટિસ આપવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### બે વર્ષમાં ભારત ટેક્સી 500 શહેર-ગામડાઓમાં પહોંચશે, જાણો અમદાવાદના 3 જાણીતા રૂટ પર કઈ ટેક્સી સસ્તી?

# ગાંધીનગરમાં અમિત શાહના હસ્તે ‘ભારત ટેક્સી’નો શુભારંભ





ગાંધીનગર | ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિત શાહ 27 અને 28 જૂન એમ બે દિવસ દરમિયાન તેમના સંસદીય ક્ષેત્રના પ્રવાસે છે. સહકારી મોડલ આધારિત ’ભારત ટેક્ષી’ સેવાનો આજે ગુજરાતમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે મહાત્મા મંદિર ખાતે પ્રારંભ કરાવ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં વડોદરા, અમદાવાદ, રાજકોટ અને સુરત સહિતના એરપોર્ટ તેમજ વિવિધ સરકારી સંસ્થાઓ સાથે એમઓયુ પણ કરવામાં આવ્યા છે.
બીજી તરફ કાર્યક્રમમાં ઉપસ્થિત કેટલાક ટેક્સી ડ્રાઈવરો દ્વારા ખાનગી ટેક્સી વાહનોને આ મોડલમાં સામેલ ન કરવાની માંગ પણ ઉઠી હતી. આ કાર્યક્રમ દરમિયાન ભારત ટેક્ષીના સીઈઓએ વડોદરા એરપોર્ટ, અદાણી એરપોર્ટ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC), GETCO, અમદાવાદ પોલીસ, રાજકોટ એરપોર્ટ અને સુરત એરપોર્ટ ઓથોરિટી સહિતની સંસ્થાઓ સાથે એમઓયુ કર્યા હોવાનું જાહેર કર્યું.

**'અહીં ડ્રાઈવર નહીં પરંતુ 'સારથિ' હશે' :** કેન્દ્રીય મંત્રી અમિત શાહે આગળ કહ્યું કે મોબિલિટી ક્ષેત્ર માટે આજનો દિવસ ઐતિહાસિક છે. ખાનગી એપ આધારિત ટેક્સી સેવાઓમાં ડ્રાઈવરો પાસેથી ભારે કમિશન વસૂલવું, રજિસ્ટ્રેશન બંધ કરી દેવું અને મહેનતાણું મોડું ચૂકવવા જેવી અનેક ફરિયાદો મળતી હતી. તેથી સહકારી મોડલ પર ભારત ટેક્સીની કલ્પના કરવામાં આવી છે. ‘અહીં ડ્રાઈવર નહીં પરંતુ ’સારથિ’ હશે અને તે માત્ર સેવા આપનાર નહીં પરંતુ સહકારી સંસ્થાનો માલિક પણ હશે.

**‘શોષણ અટકાવવું, માલિકી અને સમૃદ્ધી આપવાનો ઉદ્દેશ’ :** ભારત ટેક્સીના ત્રણ મુખ્ય ઉદ્દેશ છે, સારથિ અને ગ્રાહકનું શોષણ અટકાવવું, સારથિને સન્માન અને માલિકી આપવી તથા સુરક્ષા સાથે સમૃદ્ધિ સુનિશ્ચિત કરવી. હાલમાં દેશભરમાં 7 લાખથી વધુ સારથિઓ આ સહકારી સંસ્થાના સભ્ય છે અને 37 લાખથી વધુ લોકો આ સેવાનો લાભ લઈ ચૂક્યા છે.

**‘ખાનગી કંપનીઓએ પણ પોતાના ભાડાં ઘટાડવાની શરૂઆત કરી’ :** તેમણે દાવો કર્યો કે કેટલાક અહેવાલોમાં ભારત ટેક્સીના ભાડાં વધુ હોવાનું કહેવામાં આવે છે, પરંતુ હકીકતમાં ભાડાં સ્પર્ધાત્મક છે. ભારત ટેક્સીના આગમન બાદ ખાનગી કંપનીઓએ પણ પોતાના ભાડાં ઘટાડવાની શરૂઆત કરી છે. જ્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે સહકારિતા ગુજરાતની ઓળખ છે અને ભારત ટેક્સી માત્ર નવી સેવા નહીં પરંતુ આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ ધપાવતી પહેલ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે સહકારી ભાવનાને કારણે ગુજરાતમાં ભારત ટેક્સી સૌથી વધુ સફળ થશે.

**ગીતામંદિર બસ સ્ટેન્ડથી ઈસ્કોન મંદિર સુધીના ભાડામાં ખાસ ફેર નહીં :** ગીતામંદિર બસ સ્ટેન્ડથી ઈસ્કોન મંદિર સુધી રેપિડોનું ભાડું 185 રૂપિયા, ઓલાનું 186 રૂપિયા, ભારત ટેક્સીનું 175 રૂપિયા અને ઉબેરનું 179 રૂપિયા નોંધાયું. આ રૂટ પર ચારેય કંપનીઓના ભાડામાં ખાસ મોટો તફાવત જોવા મળ્યો નથી.

**કાલુપુર રેલવે સ્ટેશનથી ઈસ્કોન મંદિર જવા માટે ઉબેર સૌથી મોંઘી :** કાલુપુર રેલવે સ્ટેશનથી ઈસ્કોન મંદિર સુધી ઉબેરનું ભાડું સૌથી વધુ 249 રૂપિયા રહ્યું. જ્યારે રેપિડોમાં 219 રૂપિયા, ઓલામાં 212 રૂપિયા અને ભારત ટેક્સીમાં સૌથી ઓછું 190 રૂપિયા ભાડું નોંધાયું છે.

**સૌથી સસ્તી ભારત ટેક્સી :** આ પરથી સ્પષ્ટ થાય છે કે એક જ સમય અને એક જ રૂટ માટે અલગ-અલગ કેબ સેવાના ભાડામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે. જેમાં ભારત ટેક્સીનું ભાડું અન્ય ટેક્સીની તુલનામાં ઓછું હોવાનું સામે આવ્યું છે.આ બે દિવસીય પ્રવાસ દરમિયાન તેઓ કરોડો રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોની નાગરિકોને ભેટ આપશે તેમજ સંગઠન અને વહીવટી તંત્ર સાથે મહત્વની સમીક્ષાત્મક બેઠકો યોજી ચિંતન કરશે.એરપોર્ટથી ઈસ્કોન મંદિર સુધી રેપિડોનું ભાડું સૌથી વધુ 531 રૂપિયા જોવા મળ્યું હતું. જ્યારે ઉબેરમાં 446 રૂપિયા, ઓલામાં 354 રૂપિયા અને ભારત ટેક્સીમાં સૌથી ઓછું 271 રૂપિયા ભાડું દર્શાવવામાં આવ્યું હતું.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...